CMYK

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૬ માર્ચ ૨૦૨૪, શનિવાર
વિક્રમ સંવત ૨૦૮૦, ફાગણ સુદ સાતમ

વર્ષ : ૧૫
અંક : ૨૨૫

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# ચૂંટણી પંચ આજે લોકસભાની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરશે

## ચૂંટણી માટે મતદાન તારીખથી લઈને મતગણતરી અને પરિણામ સહિતની વિગતો જાહેર કરવાની ચૂંટણી પંચ દ્વારા માહિતી આપવામાં આવી

। નવી દિલ્હી, તા.૧૫ ।

છેલ્લાં કેટલાંક સમયથી ચર્ચા છે કે લોકસભા ચૂંટણીનો કાર્યક્રમ ગમે ત્યારે જાહેર થઈ શકે છે. એવામાં હવે ખુદ ચૂંટણીપંચે આ અંગેનો સંપૂર્ણ કાર્યક્રમ જાહેર કરવાની ચોક્કસ તારીખ જાહેર કરી દીધી છે. માહિતી અનુસાર ચૂંટણીપંચે કહ્યું છે કે તેઓ આવતીકાલે લોકસભા ચૂંટણી ૨૦૨૪નો સંપૂર્ણ કાર્યક્રમ જાહેર કરશે. જેમાં મતદાન તારીખથી લઈને મતગણતરી અને પરિણામ સહિતની તમામ વિગતો જાહેર કરાશે. ચૂંટણી પંચે તેના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ એક્સ પરથી પોસ્ટ કરીને કહ્યું હતું કે, 'ચૂંટણી પંચ દ્વારા આવતીકાલે એટલે કે ૧૬ માર્ચે બપોરે ૩ વાગે લોકસભા ચૂંટણી ૨૦૨૪ અને કેટલાક રાજ્યોની વિધાનસભા ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરવા માટે એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવશે. ચૂંટણી પંચના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર તેનું લાઈવ સ્ટ્રીમિંગ થશે.



૨૦૧૯માં લોકસભાની ચૂંટણી સાત તબક્કામાં યોજાઈ હતી. તે વખતે ચૂંટણી પંચે ૧૦ માર્ચે તારીખોની જાહેરાત કરી હતી. પ્રથમ તબક્કાનું મતદાન ૧૧ એપ્રિલે અને છેલ્લા તબક્કાનું મતદાન ૧૯ મેના રોજ થયું હતું. પરિણામ ૨૩ મેના રોજ આવ્યું હતું. ૨૦૧૯ની ચૂંટણી સમયે દેશમાં ૯૧ કરોડથી વધુ મતદારો હતા, જેમાંથી ૬૭ ટકા લોકોએ મતદાન કર્યું હતું. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપે ૨૦૧૪ની સરખામણીમાં મોટી જીત હાંસલ કરી હતી. ૨૦૧૪માં ભાજપે ૨૮૨ બેઠકો જીતી હતી જ્યારે ૨૦૧૯માં ૩૦૩ બેઠકો મેળવી હતી. જ્યારે એનડીએને ૩૫૩ બેઠકો મળી હતી. ભાજપને ૩૭.૭ ટકાથી વધુ વોટ મળ્યા હતા, જ્યારે એનડીએને ૪૫ ટકા વોટ મળ્યા હતા. ૨૦૧૯ની ચૂંટણીમાં કોંગ્રેસ માત્ર ૫૨ બેઠકો જીતી શકી હતી. ઉલ્લેખનીય છે કે ૫૪૩ સભ્યોની લોકસભામાં ભાજપ બહુમતી ૨૭૨ના આંકડાથી ખૂબ આગળ હતું. આ જીત સાથે પાર્ટીએ સતત બીજી વખત સરકાર બનાવી હતી. આ સિવાય દ્રવિડ મુનેત્ર કઝગમ (ડીએમકે)ને ૨૪ બેઠકો મળી હતી. વાયએસઆરસીપી અને ટીએમસી ૨૨-૨૨ બેઠકો જીતવામાં સફળ રહ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### ક્યાંકને ક્યાંક લાભના બદલામાં લાભ આપવાનું કામ થયું : કપિલ સિબ્બલ



। નવી દિલ્હી, તા.૧૫ ।

રાજ્યસભા સાંસદ અને કોંગ્રેસના પૂર્વ નેતા કપિલ સિબ્બલે ચૂંટણી બોન્ડની માહિતી જાહેર થયા બાદ તેને લઈને પીએમ મોદી પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે, ચૂંટણી બોન્ડની માહિતી પરથી જાણી શકાય છે કે, ક્યાંકને ક્યાંક લાભના બદલામાં લાભ આપવાનું કામ થયુ છે. તેમણે પીએમ મોદી પર કટાક્ષ કરતા કહ્યું કે, કોઈએ કહ્યું હતું કે, 'ન ખાઉંગા ન ખાને દુંગા'. પીએમ મોદીએ ભ્રષ્ટાચાર ખતમ કરવાનું વચન આપતા આ વાત કહી હતી. ચૂંટણી પંચે ગુરુવારે ચૂંટણી બોન્ડની માહિતી જાહેર કરી હતી.

### ભારત સરહદ નજીક ચીનનો યુદ્ધાભ્યાસ, મહિલાઓ ઊતારી

। (એજન્સી) બિજિંગ, તા.૧૫ ।

ભારતે અગ્નિ-૫ મિસાઈલના કરેલા સફળ પરિક્ષણ બાદ લદ્દાખ બોર્ડર પર વધુ ૧૦૦૦૦ સૈનિકોને તૈનાત કર્યા બાદ ચીન બેબાકળુ બની ગયું છે. ભારતને જવાબ આપવાના નામે ચીને ભારતની બોર્ડર નજીક લાઈવ ફાયર એક્સરસાઈઝ કરી છે. ચીનના સરકારી મીડિયાએ પોતાના અહેવાલમાં કહ્યુ છે કે, આ યુધ્ધ કવાયતમાં ચીનની સેનાની મહિલાઓની ટુકડીએ ભાગ લીધો હતો.

## ગાઝામાં ખાદ્ય સામગ્રીની રાહ જોતા લોકો પર ઇઝરાયલનો હુમલો

# ગાઝામાં ઇઝરાયલે હુમલો કરતા ૨૦ લોકો માર્યા ગયા

**અલ શિફા હોસ્પિટલના ઇમરજન્સી યુનિટના ડોક્ટર મોહમ્મદ ગરબે જણાવ્યું હતું કે મૃત્યુઆંક વધવાની ધારણા છે કારણ કે ઘાયલોને હજી પણ હોસ્પિટલમાં ખસેડવામાં આવી રહ્યા છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

ઓછામાં ઓછા ૨૦ લોકો માર્યા ગયા અને ૧૫૫ ઘાયલ થયા ગુરુવારે જ્યારે તેઓ ગાઝામાં ખાદ્ય સહાયની રાહ જોઈ રહ્યા હતા, ઝદ્દદ્દ એ પેલેસ્ટિનિયન એક્લેવમાં આરોગ્ય મંત્રાલયને ટાંકીને અહેવાલ આપ્યો. અલ શિફા હોસ્પિટલના ઈમરજન્સી યુનિટના ડૉક્ટર મોહમ્મદ ગરબે જણાવ્યું હતું કે મૃત્યુઆંક વધવાની ધારણા છે કારણ કે ઘાયલોને હજી પણ હોસ્પિટલમાં ખસેડવામાં આવી રહ્યા છે, અહેવાલમાં જણાવાયું છે. અગાઉ, સ્થળ પરના એક સાક્ષીએ જણાવ્યું હતું કે ડઝનેક લોકો મૃત્યુ પામ્યા હતા, વીડિયોમાં કથિત રીતે ઘટનાસ્થળે દસેક મૃતદેહો પડેલા હોવાનું દર્શાવવામાં આવ્યું હતું, સીએનએનના અહેવાલ મુજબ.



પેલેસ્ટિનિયન આરોગ્ય મંત્રાલયે જણાવ્યું કે, ગાઝામાં કુવૈતી રાઉન્ડઅબાઉટ પર તેમની તરસ છીપાવવા માટે માનવતાવાદી સહાયની રાહ જોઈ રહેલા નાગરિકોના મેળાવડાને ઈઝરાયલી સેનાએ નિશાન બનાવ્યા છે. ગુરુવારે એક નિવેદનમાં, ગાઝા સિવિલ ડિફેન્સના પ્રવક્તા મહમૂદ બસલે ઈઝરાયેલ પર હુમલા માટે જવાબદાર હોવાનો આરોપ લગાવ્યો હતો. સીએનએનએ મહમૂદ બસલને ટાંકીને જણાવ્યું હતું કે, ઉત્તરી ગાઝા પટ્ટીમાં દુષ્કાળના પરિણામે રાહત સહાયની રાહ જોઈ રહેલા નિર્દોષ નાગરિકોને મારી નાખવાની નીતિ ઈઝરાયેલી કબજેદાર દળો હજુ પણ કરી રહ્યા છે. ઈઝરાયેલી સંરક્ષણ દળો એ ઠ પરની પોસ્ટમાં જણાવ્યું હતું કે, "જમીન, હવા અને સમુદ્રમાંથી ગાઝામાં પ્રવેશતી માનવતાવાદી સહાયઃ પ્રથમ વખત, માનવતાવાદી સહાય દરિયાઈ માર્ગે ગાઝા સુધી પહોંચવા માટે. @WCKitchen તરફથી અને UAE દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવેલ માનવતાવાદી સહાય વહન કરતું જહાજ મંગળવારના રોજ રવાના થયું.'' ઈઝરાયેલ સાથે ચાલી રહેલા યુદ્ધની વચ્ચે, હમાસના ઓપરેશન યુનિટના કમાન્ડર મુહમ્મદ અબુ હસનાને રફાહ વિસ્તારમાં ચોક્કસ રીતે નિશાન બનાવીને ખતમ કરવામાં આવ્યો હતો.

### કેરળમાં ગાલપ ચોળિયાનાં એક માસમાં ૨૫૦૫ કેસ નોંધાયા

। થિરુવનંતપુરમ, તા.૧૫ ।

કેરળ રાજ્યમાં ગાલપચોળિયાંના કેસમાં અચાનક થયેલા વધારાએ પરિસ્થિતિને ચિંતાજનક બનાવી દીધી છે. એક દિવસમાં ૧૯૦ થી વધુ કેસ જોવા મળી રહ્યા છે અને એક મહિનામાં ૨૫૦૫ કેસ નોંધાયા છે. વાસ્તવમાં, આ રોગ એક વાયરલ ચેપ છે, જે ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે અને તેના મોટાભાગના કેસો મલપ્પુરમ જિલ્લા અને બાકીના ઉત્તર કેરળમાંથી નોંધાયા છે, પરંતુ ગાલપ ચોળિયાંનું નામ સાંભળતા જ પ્રશ્ન થાય કે આ કયો રોગ છે, જેમાં શરીરના અમુક અંગો પ્રભાવિત થઈ રહ્યા છે. ગાલપચોળિયાં એ પેરામિક્સોવિરિડે નામના વાયુજન્ય વાઈરસને કારણે ગળામાં ચેપ લાગે છે.

## બિહારમાં એલજેપીને પાંચ બેઠકો મળતાં ચિરાગ પાસવાન ખુશ

# ચિરાગના સમર્થનમાં લેવાયેલા નિર્ણયથી પશુપતિ પારસ નાખુશ, ઉપેન્દ્ર કુશવાહ ચૂપ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

બિહારમાં લોક જનશક્તિ પાર્ટી (એલજેપી)ને પાંચ લોકસભા બેઠકો મળ્યા બાદ ચિરાગ પાસવાન પોતાની વ્યૂહરચનાની જીત માની રહ્યા છે. પરંતુ વાસ્તવમાં એવું નથી. ચિરાગના સમર્થનમાં લીધેલા નિર્ણયથી પશુપતિ પારસ ના ખુશ છે. ઉપરાંત તેના રાષ્ટ્રીય લોક મોરચાના પ્રમુખ ઉપેન્દ્ર કુશવાહાએ પણ ચુપ્પી સાધી છે. જ્યાં સુધી હિન્દુસ્તાની અવમ મોરચાનો સવાલ છે, તેમની અપેક્ષાઓ પણ પૂર્ણ થઈ નથી.

પશુપતિ પારસ એનડીએ ગઠબંધનમાં પોતાના અને તેમના પક્ષના સાંસદોને લઈને ખુશ નથી લાગતા. રાષ્ટ્રીય લોક જન શક્તિ પાર્ટીના સંસદીય બોર્ડની બેઠક ઉતાવળે બોલાવવામાં આવી હતી. આ બેઠકમાં પશુપતિ પારસ કોઈ નિષ્કર્ષ પર ન પહોંચી શક્યા અને આજે ફરીથી સંસદીય બોર્ડની બેઠક બોલાવી છે. જો કે, પશુપતિ પારસે ભાજપના વ્યૂહનીતિકારના નિર્ણય પર મૌન જાળવી રાખ્યું છે. પરંતુ પક્ષના પ્રવક્તા શ્રવણ અગ્રવાલે ચિરાગ પાસવાનની જાહેરાતને નકારી કાઢી હતી જેમાં તેમણે કહ્યું હતું કે, 'પાંચ લોકસભા બેઠકો શેર તરીકે મળશે. શું ભાજપના કોઈ વ્યૂહરચનાકારે જાહેર મંચ પરથી એવી જાહેરાત કરી છે જે ચિરાગ પાસવાન કહી રહ્યા છે. શું એનડીએની સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં આ માહિતી આપવામાં આવી છે? ત્યારે એકલા ચિરાગ પાસવાનની જાહેરાતનો કોઈ અર્થ નથી. પશુપતિ પારસ હજુ હાજીપુરથી ચૂંટણી લડવાની તૈયારી કરી રહ્યા છે.' નેશનલ ડેમોક્રેટિક ફ્રન્ટના રાષ્ટ્રીય અધ્યક્ષ ઉપેન્દ્ર કુશવાહા તરફથી પણ કોઈ પ્રતિક્રિયા આવી નથી. તેઓ ચિરાગ પાસવાનની જાહેરાતને ગંભીરતાથી લઈ રહ્યા નથી. જો નેશનલ ડેમોક્રેટિક ફ્રન્ટના સૂત્રોનું માનીએ તો ઉપેન્દ્ર કુશવાહાને ઓછામાં ઓછી બે બેઠકો મળવાની અપેક્ષા હતી. જોકે, તે ચિરાગ પાસવાનની જાહેરાત સાથે સહમત નથી. પત્રકારોના પ્રશ્નોનો સામનો ન કરવો. તેમના પ્રવક્તાઓને કંઈ ન બોલવાની સૂચના આપવી, તે ચોક્કસપણે કંઈક બીજું સૂચવે છે કે તેઓ પણ બેઠક માટે ખુશ નથી. પરંતુ તેમની આશા હજુ પણ છે. કોઈપણ રીતે ઉપેન્દ્ર કુશવાહા એનડીએની પ્રેસ કોન્ફરન્સની રાહ જોઈ રહ્યા છે.

## પાક.ની ત્રણ મહિલા એજન્ટોની જાળમાં યુવક ફસાયો હતો

# સેનાની માહિતી મોકલનારા આર્મી યુનિફોર્મ સ્ટોરના સંચાલકની ધરપકડ

। (એજન્સી) જયપુર, તા.૧૫ ।

પાકિસ્તાનની ત્રણ મહિલાઓ એજન્ટોની જાળમાં ફસાયા બાદ ભારતીય સેનાની ગુપ્ત માહિતી મોકલવાના જાસૂસીના આરોપ માં રાજસ્થાન પોલીસની ગુપ્તચર ટીમે આર્મી યુનિફોર્મ સ્ટોર સંચાલકની ધરપકડ કરી છે.

અધિક પોલીસ મહાનિર્દેશક (ગુપ્તચર) સંજય અગ્રવાલે કહ્યું કે, આરોપી આનંદરાજ સિંહ (ઉ.વ.૨૨) સેનાની ગુપ્ત માહિતી એકત્ર કરતો હતો અને તે સોશિયલ મીડિયાના માધ્યમથી પાકિસ્તાનની ગુપ્તચર એજન્સીના આકાઓને શેર કરતો હતો. પોલીસ અધિકારીએ જણાવ્યું કે, આરોપીનો રાજસ્થાનના સૂરતગઢ છાવણી બહાર આર્મી યુનિફોર્મનો સ્ટોર છે. રાજસ્થાન પોલીસ પાકિસ્તાનની ગુપ્તચર એજન્સીની જાસૂસી પ્રવૃત્તિઓ પર સતત નજર રાખી રહ્યું છે. ગુપ્તચર એજન્સીને સચોટ માહિતી મળી હતી કે, સૂરતગઢમાં છાવણી બહાર સેનાના યુનિફોર્મનો સ્ટોર ધરાવતો આનંદરાજ નામન યુવક પાકિસ્તાન ગુપ્તચર એજન્સીઓની ત્રણ મહિલાઓના સતત સંપર્કમાં છે.

### કિમ જોંગે ટેન્ક ચલાવી, સૈનિકોને યુદ્ધ માટે તૈયારી રહેવા સંદેશ

। પ્યોંગયાંગ, તા.૧૫ ।

ઉત્તર કોરિયાના ભેજાગેપ અને સનકી તાનાશાહ કિમ જોંગે ક્યારે શું કરશે તેની કોઈને ખબર હોતી નથી. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલી નવી તસવીરો પ્રમાણે તો કિમ જોંગે હવે ટેન્ક ચલાવી છે. ઉત્તર કોરિયાની સેનાના યુધ્ધાભ્યાસમાં પહોંચેલા કિમ જોંગ ટેક્ક જોઈને તેના ડ્રાઈવર બનવાની લાલચ રોકી શક્યા નહોતા. આ એક અત્યાધુનિક ટેક્ક છે અને તેને તાજેતરમાં જ સેનામાં સામેલ કરવામાં આવી છે.

## ઈન્ડિયન ઓઈલ સાથે ત્રણ દાયકાથી અધિકારી જોડાયા છે

# રશ્મિ ગોવિલે ઈન્ડિયન ઓઈલના એચઆર તરીકે ચાર્જ સંભાળ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

ભારતમાં સૌથી મોટા ગ્રાહક ઈન્ટરફેસમાંની એક ફોર્ચ્યુન-૫૦૦ એનર્જી કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (ઈન્ડિયન ઓઈલ) માંરશ્મિ ગોવિલે નિયામક (માનવ સંસાધન) તરીકેનો ચાર્જ સંભાળ્યો છે. તેઓ૧૯૯૪ માં ઈન્ડિયન ઓઈલમાં જોડાયા હતા અને માનવ સંસાધન કાર્યના વિવિધ પાસાઓમાં લગભગ ત્રણ દાયકાનો સમૃદ્ધ અનુભવ ધરાવે છે. ગોવિલને એચઆરમાં વિશેષતા ધરાવતા એમબીએઅને ફાઈનાન્સમાં અનુસ્નાતક ડિપ્લોમા સાથે અનુભવી વ્યાવસાયિક છે. તેમણેનિયામક (એચઆર) તરીકેની નિમણૂક પહેલા કંપનીની કોર્પોરેટ ઓફિસમાં એક્ઝિક્યુટિવ ડિરેક્ટર (એચઆરડીઅને કર્મચારી સંબંધો) તરીકે સેવા આપી રહી હતી. ગોવિલએ ઈન્ડિયન ઓઈલના રિફાઈનરી હેડક્વાર્ટરમાં પણ કામ કર્યું છે, તેમજ મથુરા રિફાઈનરીના યુનિટમાં પડકારજનક વાતાવરણને પણ સંભાળ્યું છે.




CMYK

# મતદાર જાગૃતિ અંગે અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર અને અદાણી યુનિવર્સિટી વચ્ચે થયા MoU

### યુવાઓમાં મતદાન અંગે જાગૃતતા લાવવા આગામી દિવસોમાં વધુમાં વધુ શૈક્ષણિક સંસ્થાઓ સાથે કરાશે MoU



। (માહિતી) અમદાવાદ, તા.૧૫ ।

આજનો યુવાન એ આવતીકાલનો જવાબદાર નાગરિક છે. યુવાનોમાં મતદાન અંગે જાગૃતતા લાવવા તથા અચૂક મતદાન કરે તેવા હેતુથી અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સ્વીપ એક્ટિવિટી અંતર્ગત અદાણી યુનિવર્સિટી સાથે મતદાન જાગૃતિ અભિયાનમાં સહભાગિતા અંગે MoU કરવામાં આવ્યા છે.

આ MOU અંતર્ગત અદાણી યુનિવર્સિટીના યુવાનોમાં મતદાન પર્વના મહત્ત્વ અને મતદાન અંગે જાગૃતતા લાવવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ભારતીય ચૂંટણી પંચના નિર્દેશાનુસાર યુવાઓને પ્રેઝન્ટેશન દ્વારા ચૂંટણી અને મતદાન જેવી બાબતોની વિસ્તૃત જાણકારી આપવામાં આવશે.

અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સ્વીપ એક્ટિવિટી અંતર્ગત આગામી દિવસોમાં શહેરની વધુમાં વધુ શૈક્ષિણક સંસ્થાઓ અને યુનિવર્સિટીઓમાં યુવા મતદારોની સક્રિય ભાગીદારી વધે તે સંદર્ભે MOU કરવામાં આવશે.

અમદાવાદ શહેર તથા જિલ્લામાં મહત્તમ લોકો મતદાન પર્વમાં સહભાગી થાય તે દિશામાં અમદાવાદ ચૂંટણી તંત્ર સતત કાર્યરત છે, એવું સ્વીપ એક્ટિવિટીના નોડલ અધિકારીશ્રીની યાદીમાં જણાવાયું છે.

### પાલનપુર માર્કેટયાડમાં ઘઉંની ૨૭૭ બોરીની આવક નોંધાઇ

# ડીસા-પાલનપુર APMCમાં જીરું-વરિયાળીના રેટ હાઈ

**યાર્ડમાં આજે વરિયાળી અને જીરુંના રેટ હાઈ બોલાયા હતા, સારા ભાવ મળતા ખેડૂતોમાં ખુશી જોવા મળી હતી**

। (એજન્સી) બનાસકાંઠા, તા.૧૫ ।

જિલ્લામાં મોટાભાગના લોકો ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા છે. જિલ્લાના ખેડૂતો અલગ અલગ જણસીની ખેતી કરી, સારા ભાવની આશાએ માર્કેટ યાર્ડમાં વેચી સારી આવક મેળવતા હોય છે. ત્યારે આજે ૧૪ માર્ચના રોજ ડીસા-પાલનપુર માર્કેટયાર્ડમાં એરંડા, રાયડો, ઘઉં, બાજરી, રાજગરો, ગવાર, ચણા, જીરું, વરિયાળી, મકાઈ, પાકની આવક નોંધાઇ હતી જેમાં સૌથી ઉંચા જીરું અને વરિયાળીનો ભાવ બોલાયો હતો. આજે ડીસા માર્કેટયાર્ડમાં એરંડાની ૭૭૮ બોરીની આવક નોંધાઇ જેમાં પ્રતિ ૨૦ કિલોના ૧૧૭૨ રૂપિયાનો ભાવ બોલાયો હતો. પાલનપુર માર્કેટયાડમાં એરંડાની ૧૪૯૧ બોરીની આવક જેમાં પ્રતિ ૨૦ કિલોના ૧૧૮૬ રૂપિયાનો ભાવ બોલાયો હતો. ડીસા માર્કેટયાર્ડમાં રાયડાની ૬૮૪૨ બોરીની આવક નોંધાઇ જેમાં પ્રતિ ૨૦ કિલોના ૧૦૩૧ રૂપિયાનો ભાવ બોલાયો હતો. પાલનપુર માર્કેટયાડમાં રાયડાની ૨૫૧૪ બોરીની આવક જેમાં પ્રતિ ૨૦.કિલોના ૧૦૨૭ રૂપિયાનો ભાવ બોલાયો. ડીસા માર્કેટયાર્ડમાં ઘઉંની ૪૪ બોરીની આવક નોંધાઇ જેમાં પ્રતિ ૨૦ કિલોના ૫૭૬ રૂપિયાનો ભાવ બોલાયો હતો. પાલનપુર માર્કેટયાડમાં ઘઉંની ૨૭૭ બોરીની આવક નોંધાઇ જેમાં પ્રતિ ૨૦ કિલોના ૫૫૮ રૂપિયાનો ભાવ બોલાયો હતો. ડીસા માર્કેટયાર્ડમાં બાજરીની આજે ૫૩૯ બોરીની આવક નોંધાઇ જેમાં પ્રતિ ૨૦ કિલોના ૫૨૮ રૂપિયાનો ભાવ બોલાયો હતો. પાલનપુર માર્કેટયાડમાં બાજરીની ૩૧ બોરીની આવક નોંધાઇ જેમાં પ્રતિ ૨૦ કિલોના ૪૮૫ રૂપિયાનો ભાવ બોલાયો હતો. ડીસા માર્કેટયાર્ડમાં રાજગરાની ૧૮૮૦ બોરીની આવક નોંધાઇ જેમાં પ્રતિ ૨૦ કિલોના ૧૩૧૧ રૂપિયાનો ભાવ બોલાયો હતો. પાલનપુર માર્કેટયાડમાં રાજગરાની ૯૭૭ બોરીની આવક નોંધાઇ પ્રતિ ૨૦ કિલોના ૧૩૧૨ રૂપિયાનો ભાવ બોલાયો હતો. પાલનપુર માર્કેટયાર્ડમાં ગવારની આજે ૧૦ બોરીની આવક નોંધાઇ જેમાં ભાવ પ્રતિ ૨૦ કિલોના ૯૩૧ રૂપિયા બોલાયો હતો. ડીસા માર્કેટયાર્ડમાં આજે જીરુંની ૧૭૧ બોરીની આવક નોંધાઇ જેમાં પ્રતિ ૨૦ કિલોના ૫૧૭૫ રૂપિયાનો ભાવ બોલાયો હતો. પાલનપુર માર્કેટયાર્ડમાં ચણાની ૪૨ બોરીની આવક નોંધાઇ જેમાં પ્રતિ ૨૦ કિલોના ૧૦૬૦ રૂપિયાનો ભાવ બોલાયો હતો. પાલનપુર માર્કેટયાર્ડમાં વરિયાળીની ૩૩ બોરીની આવક નોંધાઇ હતી. પ્રતિ ૨૦ કિલોના ૪૨૫૦ રૂપિયાનો ભાવ બોલાયો હતો. પાલનપુર માર્કેટયાડમાં મકાઈની ૧૦ બોરીની આવક પ્રતિ ૨૦ કિલોના ૫૧૫ રૂપિયાનો ભાવ બોલાયો હતો.

## મહુવા APMCમાં ટુકડા ઘઉંની હરાજી, ભાવમાં તેજી યથાવત



। ભાવનગર, તા.૧૫ ।

ભાવનગરમાં આવેલું મહુવા માર્કેટ સૌથી વિશ્વસનીય સ્થળ બન્યું છે. ૧૪ માર્ચના રોજ મહુવા માર્કેટ યાર્ડ ખાતે વિવિધ જણસીની આવક નોંધાઈ હતી. મહુવા માર્કેટ યાર્ડ ખાતે એરંડા, જુવાર, બાજરી, શીંગ, ઘઉં, મકાઈ, અડદ, મગ, ધાણા, સોયાબીન, ચણા, સફેદ અને કાળા તલ, તુવેર, લાલ અને સફેદ ડુંગળી, નાળિયેરની આવક નોંધાઈ હતી. ૧૪ માર્ચના રોજ કુલ ૧૬ જણસીઓની આવક નોંધવામાં આવી હતી. મહુવા માર્કેટિંગ યાર્ડમાં સફેદ ડુંગળીના ૧૨૭૯૧૨ કટ્ટાની આવક થઈ હતી અને સફેદ ડુંગળીના ભાવ ૨૦૩ રૂપિયાથી લઈને ૨૭૫ રૂપિયા સુધીના બોલાયા હતા. માર્કેટિંગ યાર્ડમાં આજે લાલ ડુંગળીની ગુણી ૬૫૦૦૦ ની આવક નોંધાઈ હતી. જેના પ્રતિ એક મણના નીચા ભાવ ૧૨૫ અને ઊંચા ભાવ ૩૪૫ રૂપિયા સુધીના નોંધાયા હતા. ૧૪ માર્ચના રોજ મહુવા માર્કેટ યાર્ડમાં ચણાની હરાજી કરવામાં આવી હતી. જેમાં એક મણના નીચા ભાવ ૧,૧૦૦ રૂપિયા રહ્યા હતા અને ઊંચા ભાવ ૧,૩૮૦ રૂપિયા સુધી રહ્યા હતા. માર્કેટિંગ યાર્ડમાં ટુકડા ઘઉંની હરાજી કરવામાં આવી હતી. પ્રતિ એક મણના ભાવ ૪૩૦ થી લઈને ૬૧૭ રૂપિયા સુધીના નોંધાયા હતા. આ ઉપરાંત બાજરીની હરાજી કરવામાં આવી હતી. બાજરીના પ્રતિ એક મણના નીચા ભાવ ૪૦૧ રૂપિયા રહ્યા હતા અને ઊંચા ભાવ ૫૭૧ રૂપિયા સુધીના નોંધાયો હતો.

### લોકો બેવડી ઋતુને કારણે વાઇરલ ઇન્ફેક્શન સહિતના રોગના ભોગ બન્યા

# ઉનાળાની ઋતુ દરમિયાન વાતાવરણમાં અણધાર્યા પલટા આવી શકે છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

આ વર્ષે શિયાળામાં જોઈએ તેટલી ઠંડી પડી જ નથી. જ્યારે માર્ચ મહિનાની શરૂઆત માવઠા સાથે થઇ હતી. ત્યારે હાલ પણ ઉત્તર પશ્ચિમ ઉતરના પવનને કારણે વહેલી સવારે ઠંડી અને બપોર થતા ગરમીનો અહેસાસ થઇ રહ્યો છે. એટલે બેવડી ઋતુથી લોકો રોગના ભોગ બની રહ્યા છે. ત્યારે જ્યોતિષોએ આગાહી કરતા જણાવ્યું છે કે, આ વર્ષે ઉનાળામાં વેસ્ટન ડિસ્ટર્બન્સ, ઉત્તરિયા પર્વતિય વિસ્તારમાં બરફ વર્ષા, આંધી, વંટોળ, ભારે પવન રહેશે. જેથી ઉનાળાની ઋતુ દરમિયાન પણ વાતાવરણમાં પલટાના યોગ છે. હાલ રાજ્યના વિવિધ શહેરના લઘુતમ તાપમાન ૨૨ ડિગ્રીની આસપાસ જ્યારે મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રીએ પહોંચી ગયા છે.

જ્યોતિષના જણાવ્યા અનુસાર, માર્ચથી મે મહિનામાં પવનની ગતિ તેજ રહેશે. માર્ચથી એપ્રિલ મહિનામાં આંધી વંટોળ, પવનના તોફાનો, વીજળીના ચમકારા, બરફ વર્ષા દેશના ઉત્તરિય પર્વતિય વિસ્તારમાં વધુ રહેશે. મે જૂન મહિનામાં પવનના તોફાનો આંધી વધુ રહેશે. આ આંધીમાં પવન વૈશાખ મહિનાના આંચકાના પવન સાથે એકધારો ફૂંકાશે. માર્ચ અને એપ્રિલમાં એક ધારો પવન ફૂંકાશે, પવનની ગતિના સપાટા વધુ રહેશે. આ વખતે મે મહિનામાં અરબ દેશમાંથી ઉડતી રજકણોના કારણે આંધીનુ પ્રમાણ વધુ રહેશે. કાળી આંધી કહેવામાં આવે તેની શરુઆત પશ્ચિમ પાકિસ્તાનના ભાગમા થઈને કચ્છના ભાગમાં થઈ દેશના ભાગોમા આ આંધી સક્રિય થઈ જશે. આ આંધી અને વંટોળનુ પ્રમાણ મોટા ભાગના આ વર્ષમાં જણાશે.

તેમણે વધુમાં જણાવ્યું છે કે, બંગાળના ઉપસાગર અને અરબ સાગરમા માર્ચ મહિનાથી હલચલ શરુ થઈ જશે. ૪ જુન અસપાસ અરબ સાગરમાં હલચલ જોવા મળે. જેના કારણે હળવા પ્રકારનું ચક્રવાત થવાની શક્યતા રહેશે. ત્યાર બાદ સંજોગો બને તો મોટું ચક્રવાત થઈ શકે છે. બંગાળના ઉપસાગરમા માર્ચથી મે સુધીમા ચક્રવાત સ્થિતિ સર્જવાની શક્યતા રહેશે.

# ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદને રૂ. ૩૦૧૨ કરોડના કામોની ભેટ આપી

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૫ ।

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, ઔડા તેમજ સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિ. અંતર્ગત ગાંધીનગર લોકસભા, અમદાવાદ પૂર્વ તેમજ અમદાવાદ પશ્ચિમ લોકસભા વિસ્તારમાં રૂ. ૩૦૧૨ કરોડથી વધુના ૬૩ કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્તના અવસરે દિલ્હીથી વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા. તેમણે ૧૯૦૦ જેટલા LIG આવાસ, મુમદપુરા અંડરપાસ, ગોધાવી બ્રિજ, મલ્ટી પર્પઝ બિલ્ડીંગ, ૭ હેલ્થ ATM, પ્રાથમિક શાળાઓ અને આંગણવાડીનું લોકાર્પણ કર્યું હતું. તેમણે રેલવે અન્ડરબ્રીજ, રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ, ૪૦ સ્માર્ટ સ્કૂલ, વોટર ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક, ડ્રેનેજ લાઈન્સ, પ્રાઈમરી હેલ્થ સેન્ટર, LIG આવાસ, વેસ્ટ કલેક્શન સેન્ટર અને બેરેજ કમ બ્રિજ સહિતના વિકાસકામોનું ખાતમુહૂર્ત પણ કર્યું હતું. ગાંધીનગર લોકસભા વિસ્તારના નાગરિકોને ઔડા અને AMC ના રૂ. ૧૮૦૫ કરોડના વિકાસકામો તેમજ અમદાવાદ પૂર્વ અને પશ્ચિમ લોકસભા વિસ્તારના નાગરિકોને AMCના રૂ. ૧૨૦૬ કરોડના વિકાસકામોના લોકાર્પણ અને ખાતમુહૂર્તની ભેટ મળી છે. આ પ્રસંગે તેમણે કહ્યું કે, ગાંધીનગર લોકસભા વિસ્તારમાં પાછલા પાંચ વર્ષમાં ખાતમુહૂર્ત કરેલા વિકાસ કામોમાંથી ૯૧ ટકા પ્રોજેક્ટ્સનું લોકાર્પણ તેમણે કર્યું છે.

# રૂની જૈન તીર્થ ખાતે શ્રી માણી ભદ્ર વીર તથા જીવ દયા દેવીની પ્રતિષ્ઠા અને નુતન પાંજરાપોળનું ઉદ્‌ઘાટન સમારંભ યોજાશે

। (પ્રતિનિધી) થરા, તા.૧૫ ।



તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

કાંકરેજ તાલુકાના ૧૦૮ પાર્શ્વનાથ જૈન રૂની તીર્થ ખાતે ગાંધી દેવીલાબેન સુરેશકુમાર ખોડા ઢોર પાજરાપોળ ટ્રસ્ટ રૂની દ્વારા આગામી તારીખ ૧૯/૦૩/૨૪ થી ૨૦/૦૩/૨૪ એ પ્રતિષ્ઠા તથા ઉદ્‌ઘાટન સમારોહ સુધી જય ઘોષ પટ્ટધર સંઘ શાસક કૌશલ્યાધાર પરમ પૂજ્ય આચાર્ય શ્રીમદ વિજય જય સુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ આદીઠાણા ની પાવન નિશ્રામાં અને વિધાન સભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને તથા ગૃહ રાજ્ય મંત્રી હર્ષભાઈ સંઘવીના મુખ્ય મહેમાન પદે યોજાશે જેમાં અતિથિ વિશેષપદે શ્રી કલીકુંડ તીર્થના પ્રમુખ કુમારપાળભાઈ વી. શાહ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટના ટ્રસ્ટી કલ્પેશભાઈ વી શાહ સમસ્ત મહાજનના પ્રમુખ ગીરીશ ભાઈ શાહ ધારાસભ્ય શ્રી અમિત ભાઈ શાહ, કેસાજી ચૌહાણ, પ્રવીણભાઈ માળી, અલ્પેશજી ઠાકોર માવજીભાઈ દેસાઈ અમૃતજી ઠાકોર ગેનીબેન ઠાકોર ચંદનજી ઠાકોર તથા પ્રદેશ સયોજક કે.સી.પટેલ રાજ્ય સભાના સભ્ય બાબુભાઈ દેસાઈ જિલ્લા ભાજપ પ્રમુખ કિર્તીસિંહ વાઘેલા રોહિતજી ઠાકોર (ભામાશા) ગોવાભાઈ દેસાઈ ચેરમેન ડીસા માર્કેટ યાર્ડ હાજર રહેશે આ પ્રસંગે તારીખ ૧૯ ૩ ૨૦૨૪ ના બપોરે દાતાશ્રીઓનું સન્માન બહુમાન કરવામાં આવશે રાત્રે ૮:૦૦ વાગે રાજભા ગઢવી તથા ટીમનો લોક ડાયરો મોજ કરાવશે.

### ૧૭ થી ૧૯ માર્ચ દરમિયાન ખોડિયાર-ગાંધીનગર ના વચ્ચે સ્થિત રેલવે ક્રોસિંગ નં. ૧૩ બંધ રહેશે

। અમદાવાદ, તા.૧૫ ।

પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળ ખાતે ખોડિયાર-ગાંધીનગર સેક્શન વચ્ચે સ્થિત રેલવે ક્રોસિંગ નંબર ૧૩ કિમી (૫૨૨/૬-૭) બીસીએમ મશીન દ્વારા ડીપ સ્ક્રીનીંગ કામ માટે ૧૭ માર્ચ ૨૦૨૪ ના રોજ રાત્રિ ૨૨:૦૦ વાગ્યા થી ૧૯ માર્ચ ૨૦૨૪ ના રોજ સવારે ૦૮:૦૦ વાગ્યા સુધી બંધ રહેશે. માર્ગ વપરાશકર્તાઓ આ સમયગાળા દરમિયાન રેલવે ક્રોસિંગ નંબર ૧૪ કિમી (૫૨૩/૫-૬), રેલવે ક્રોસિંગ નંબર ૧૫ કિમી (૫૨૩/૧૧-૧૨) અને રેલવે ક્રોસિંગ નં.૧૬ કિમી (૫૨૩/૪-૫) નો ઉપયોગ કરી શકે છે.

# વાસંદાના ડોક્ટરે પાંચ વાહનોને લીધા અડફેટે

। (એજન્સી) નવસારી, તા.૧૫ ।

રાનકુવાથી ખારેલ જતા માર્ગ ઉપર ડ્રીંક એન્ડ ડ્રાઇવનો મામલો સામે આવ્યો છે. આ અકસ્માત સર્જનાર કાર ચાલકની વાંસદાની કિરણ હોસ્પિટલના તબીબ ડોક્ટર ભુપેન્દ્ર થોરાટ તરીકે ઓળખ થઈ છે. ચીખલીના રાનકુવાથી ખારેલ જતા માર્ગ પર બપોરના સમયે કાર ચાલકે દારૂના નશામાં વાહન હંકારી ચાર વાહનોને અડફેટે લીધા હતા. જેમાં ત્રણ કાર અને એક બાઈકને અડફેટે લીધા હતા. દંપતીને ઈજા થઈ હતી. આ ઘટના બાદ માર્ગ પર ટ્રાફિક જામની પરિસ્થિતિ ઉભી થઈ હતી. ચીખલી પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે આવીને ટ્રાફિક ખસેડ્યો હતો. ચીખલી તાલુકાના રાનકુવામાં ખારેલ જતા માર્ગ પર કાર ચાલકે બેફામ હંકારી પાંચ જેટલા વાહનોને અડફેટે લેતા લોકોમાં દહેશતનો માહોલ સર્જાયો હતો.

અકસ્માત મુદ્દે રાનકુવા પોલીસ ચોકીમાં ગુનો નોંધાવાની શરૂઆત થઈ ગઈ છે. ચીખલી પોલીસે અકસ્માત કરનાર ડોક્ટરને મેડિકલ તપાસ અર્થે રેફરલ હોસ્પિટલમાં મોકલ્યા છે. અકસ્માતમાં ઘાયલ થયેલા બાઈક સવાર વૃદ્ધને ખારેલ હોસ્પિટલ સારવાર અર્થે ખસેડાયા છે. બાઈક પર સવાર વૃદ્ધ સુરેશ પટેલ અને ચંપાબેન પટેલ ટાંકલથી સાદડવેલ જઈ રહ્યા હતા. ત્યારે આ અકસ્માત સર્જાયો હતો.

**વિશેષ** | યુવા મતદારોમાં મતદાન જાગૃતિ લાવવાના હેતુથી અમદાવાદ જિલ્લા કલેક્ટર કચેરીના માર્ગદર્શનમાં કરાયું આયોજન

# લોકસભા ચૂંટણી સંદર્ભે ગુજરાત યુનિવર્સિટી ખાતે યુવાનો દ્વારા 'મતદાન જાગૃતિ' અંગે રેલી યોજાઇ



। (માહિતી) અમદાવાદ ।

ગુજરાત યુનિવર્સિટી ખાતે અમદાવાદ જિલ્લા કલેકટર કચેરીના માર્ગદર્શનમાં આગામી લોકસભા ચૂંટણી સંદર્ભે સ્વીપ એક્ટિવિટી અંતર્ગત યુવા મતદારોમાં મતદાન અંગે જાગૃતિ લાવવા અને અચૂક મતદાનના શપથ લેવડાવવા મતદાન જાગૃતિ યુવા સંવાદ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ રેલીમાં ૫૦૦થી વધુ યુવાનોએ મતદાન જાગૃતિ અંગેના વિવિધ બેનરો જેવા કે, 'દસ મિનિટ દેશ માટે', 'વોટ ફોર સ્યોર', 'ચુનાવ કા પર્વ, દેશ કા ગર્વ', 'વૃદ્ધ હો યા જુવાન, સૌ કરે મતદાન', 'અચૂક કરીએ મતદાન, એજ લોકશાહીનું સન્માન' જેવાં વિવિધ સૂત્રો દ્વારા લોકોને માહિતગાર કર્યા હતા.

આ રેલી બાદ મતદાન જાગૃતિમાં સક્રિય ભાગીદારી વધારવા એક ઓરીએન્ટેશન યોજાયું હતું. જેમાં ભારતના ચૂંટણી પંચના નિર્દેશાનુસાર યુવાનોને પ્રેઝન્ટેશન દ્વારા ચૂંટણીલક્ષી અને મતદાન જેવી બાબતોની વિસ્તૃત જાણકારી પૂરી પાડવામાં આવી હતી. ઉપસ્થિત યુવાનોએ દેશહિતમાં અચૂક મતદાનના શપથ લીધા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ જિલ્લા કલેકટર કચેરીના માર્ગદર્શન હેઠળ મતદાન જાગૃતિ અંગેના નિરંતર વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આ ઉપરાંત શહેર જિલ્લાની વિવિધ શૈક્ષણિક સંકુલમાં પણ યુવાનોમાં મતદાનની જાગૃતિ વધે તેવા કાર્યક્રમોનું આયોજન કરાઇ રહ્યું છે.





### ચૂંટણી પંચ લોકસભાની ચૂંટણીની તારીખો જાહેર કરશે

# ચૂંટણી જાહેર થતાની સાથે આચારસંહિતા લાગુ થશે, નવી યોજનાઓનું એલાન નહીં થઈ શકે

## આદર્શ આચારસંહિતાનો અર્થ પાર્ટીઓ-ઉમેદવારો માટે બનેલી ગાઈડલાઈન છે, આચારસંહિતા ચૂંટણીની જાહેરાતથી પરિણામો જાહેર થવા સુધી લાગુ રહે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

છેલ્લાં કેટલાંક સમયથી ચર્ચા છે કે લોકસભા ચૂંટણીનો કાર્યક્રમ ગમે ત્યારે જાહેર થઈ શકે છે. એવામાં હવે ખુદ ચૂંટણીપંચે આ અંગેનો સંપૂર્ણ કાર્યક્રમ જાહેર કરવાની ચોક્કસ તારીખ જાહેર કરી દીધી છે. ચૂંટણીપંચે જણાવ્યું છે કે તેઓ આવતીકાલે લોકસભા ચૂંટણી ૨૦૨૪નો સંપૂર્ણ કાર્યક્રમ જાહેર કરશે. જેમાં મતદાન તારીખથી લઈને મતગણતરી અને પરિણામ સહિતની તમામ વિગતો જાહેર કરાશે. ચૂંટણી પંચ લોકસભા ચૂંટણીની સાથે-સાથે કેટલાક રાજ્યોની વિધાનસભા ચૂંટણીના કાર્યક્રમની પણ જાહેરાત કરી શકે છે. ચૂંટણીની જાહેરાત થતાં જ આદર્શ આચારસંહિતા (એમસીસી) લાગુ થઈ જશે. મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી) રાજીવ કુમાર આચારસંહિતા લાગુ થવાની જાહેરાત કરશે. આદર્શ આચારસંહિતાનો અર્થ પાર્ટીઓ અને ઉમેદવારો માટે બનેલી ગાઈડલાઈન છે. આચારસંહિતા ચૂંટણીની જાહેરાતથી પ્રક્રિયા પૂરી થવા સુધી એટલે કે, પરિણામો જાહેર થવા સુધી લાગુ રહે છે. બંધારણમાં આદર્શ આચારસંહિતાની જોગવાઈ નથી. ભારતની ચૂંટણી પ્રક્રિયામાં આદર્શ આચારસંહિતાને કડકાઈથી પ્રખ્યાત ચૂંટણી કમિશનર ટીએન શેષને લાગુ કરી



હતી. એમસીસીહેઠળ કેટલાક નિયમો છે જેનું રાજકીય પાર્ટીઓ અને ઉમેદવારોએ પાલન કરવું ફરજિયાત છે. આ નિયમોના ઉલ્લંઘન કરવા બદલ ચૂંટણી પંચ કડક કાર્યવાહી કરે છે. આદર્શ આચાર સંહિતા એ ગાઈડલાઈનનું કલેક્શન છે જે ચૂંટણી પંચે બનાવી છે જેથી કરીને મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણી યોજી શકાય. આદર્શ આચાર સંહિતા આઠ ભાગોમાં વહેંચાયેલી છે. ચૂંટણી પંચની વેબસાઈટ પર ઉપલબ્ધ માહિતી પ્રમાણે આદર્શ આચાર સંહિતા ‘રાજકીય પક્ષો અને ઉમેદવારોના માર્ગદર્શન માટે’ છે. તેમાં સામાન્ય આચરણથી લઈને બેઠકો, સરઘસો સાથે સંબંધિત ગાઈડલાઈન છે. ચૂંટણી ઢંઢેરામાં શું કરી શકાય તે અંગેના નિયમો પણ છે. એમસીસી પોતાનામાં કાયદેસર રીતે અસરકારક નથી પરંતુ ચૂંટણી પંચને લોકપ્રતિનિધિત્વ કાયદા હેઠળ તેની તાકાત મળે છે. આદર્શ આચાર સંહિતાનો ભૌગોલિક વિસ્તાર સમગ્ર ચૂંટણી ક્ષેત્ર હોય છે. આદર્શ આચારસંહિતાઃ સત્તારૂઢ પાર્ટી માટે મુખ્ય નિયમ - આદર્શ આચારસંહિતા લાગુ થતાં જ સરકારને લોકલુભાવન જાહેરાતો કરવા પર પ્રતિબંધ લાગી જાય છે. સરકાર કોઈ નીતિગત નિર્ણય ન લઈ શકે.

- આચારસંહિતા લાગુ રહે તે દરમિયાન કોઈ પણ નવી યોજનાને લાગુ ન કરી શકાય. મંત્રીઓના ચૂંટણી કામ માટે સરકારી મશીનરીના ઉપયોગ પર પ્રતિબંધ છે.
- આદર્શ આચાર સંહિતા દરમિયાન સરકાર કોઈપણ પ્રકારની આર્થિક ગ્રાન્ટ, રસ્તા કે અન્ય સુવિધાઓનું વચન, એડ હોકની નિમણૂંક ન કરી શકે.
- આચાર સંહિતા લાગુ થવા પહેલાથી ચાલી રહેલા વિકાસ કાર્યો અને યોજનાઓ પર રોક લગાવવામાં નથી આવતી. પરંતુ તેનો ચૂંટણી પ્રોપગેન્ડાની જેમ ઉપયોગ કરવા પર જરૂર રોક લગાવવામાં આવે છે.
- ચૂંટણી સાથે પ્રત્યક્ષ/પરોક્ષ રીતે જોડાયેલા અધિકારીઓની બદલી અને પોસ્ટિંગ પર રોક લગાવી દેવામાં આવે છે. જરૂર પડવા પર ચૂંટણી પંચની પરવાનગી લઈને મુક્તિ લઈ શકાય છે.
- સરકારી ખર્ચે પાર્ટીની સિદ્ધિઓના વિજ્ઞાપનો ન આપી શકાય. સાંસદ નિધિમાંથી નવું ફંડ જાહેર ન કરી શકાય. સરકાર સાથે જોડાયેલી નાણાકીય સંસ્થાઓ કોઈની લોન રાઈટ-ઓફ ન કરી શકે.

એમસીસીઃ રાજકીય પાર્ટી, ઉમેદવારો માટે નિર્દેશ અને અન્ય નિયમ

- કોઈ પાર્ટી અથવા ઉમેદવાર એવી કોઈ ગતિવિધિમાં સામેલ ન થઈ શકે જેમાં ધર્મ, સંપ્રદાય, જાતિ અથવા ભાષાના કારણે તણાવની સ્થિતિ ઉત્પન્ન થાય.
- અન્ય રાજકીય પાર્ટી/ઉમેદવારોની ટીકા કરતા મર્યાદાનું ધ્યાન રાખવું. વ્યક્તિગત જીવનની ટીકા ન કરવી.
- ધર્મ-જાતિના નામ પર મત ન માંગી શકાય. મંદિર, મસ્જિદ, ચર્ચ અથવા ધાર્મિક મહત્વ કે અન્ય સ્થળોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ ન કરવો.
- મત ખરીદવા, તેને પોલિંગ સ્ટેશન સુધી લાવવા માટે ગાડીઓની વ્યવસ્થા કરવા જેવી ‘ભ્રષ્ટ’ ગતિવિધિઓથી દૂર રહેવું.
- સરઘસો એ રીતે કાઢવા કે, બીજી પાર્ટીએને મુશ્કેલી ન પડે. એક પાર્ટીના પોસ્ટર બીજી પાર્ટી નહીં હટાવશે. - જાહેર સભાઓ અને સરઘસોની માહિતી અગાઉથી સ્થાનિક વહીવટીતંત્રને આપીને પરવાનગી લેવાની રહેશે.
- મતદાનના ૪૮ કલાક પહેલા ચૂંટણી પ્રચાર પર રોક લાગી જાય છે.

### કોંગ્રેસના સાંસદ નકુલનાથનો ભાજપ પર આક્ષેપ

## ભાજપે ભગવાન રામની એજન્સી લીધી હોય એમ લાગે છે : કોંગ્રેસ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

કોંગ્રેસ સાંસદ નકુલનાથે ગુરુવારે ભાજપ પર ધર્મને રાજકીય મંચ પર લાવવા અને એવુ સાબિત કરવાનો આરોપ લગાવ્યો જેમ કે તેમની પાસે ભગવાન રામની એજન્સી અને રામ મંદિરને ભાડે પટ્ટે લીધુ હોય. ગત લોકસભા ચૂંટણીમાં નકુલ મધ્ય પ્રદેશથી કોંગ્રેસના એકમાત્ર વિજેતા ઉમેદવાર હતા. વરિષ્ઠ નેતા અને પૂર્વ મુખ્યમંત્રી કમલનાથના પુત્ર નકુલ છિંદવાડા લોકસભા બેઠકથી જીતવામાં સફળ રહ્યા હતા અને દરમિયાન કોંગ્રેસે તેમને આ બેઠક પરથી ફરીથી ઉમેદવાર જાહેર કર્યા છે. નકુલનાથે વંશવાદના રાજકારણ વિશે ભાજપના વારંવારના



આરોપો પર પણ કટાક્ષ કરતા કહ્યુ, ભાજપ પાસે કોઈ મુદ્દો બાકી નથી. બેરોજગારી, મોંઘવારી વગેરે વિશે નહીં પરંતુ વંશવાદના રાજકારણ વિશે વાત કરી રહ્યા છે. તે પોતાની પાર્ટીમાં વંશવાદી રાજકારણ જોતા નથી. અયોધ્યા સ્થિત રામ મંદિર નિર્માણ વિશે નાથે કહ્યુ કે ભાજપ આ મુદ્દાનું રાજનીતિકરણ કરી રહ્યુ છે અને એવુ વર્તન કરી રહી છે કે તેમની પાર્ટી પાસે ભગવાન રામની એજન્સી અને રામ મંદિર ભાડે પટ્ટે છે.

### સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે શેરબજારમાં નરમાઈ

# સેન્સેક્સમાં ૪૫૪, નિફ્ટીમાં ૧૨૩ પોઈન્ટનો ઘટાડો

## શેરબજારના કામકાજમાં, બીએસઈ સ્મોલ કેપ અને નિફ્ટી એફએમસીજી ઈન્ડેક્સમાં થોડો વધારો નોંધાયો

। (એજન્સી) મુંબઈ, તા.૧૫ ।

શુક્રવારે શેરબજારના કામકાજમાં નબળાઈ નોંધાઈ છે અને શુક્રવારે મ્જીઈ સેન્સેક્સ ૪૫૪ પોઈન્ટના ઘટાડા બાદ ૭૨૬૪૩ના સ્તરે બંધ થયો છે, જ્યારે નિફ્ટી ૧૨૩ પોઈન્ટ ઘટીને ૭૨૬૪૩ના સ્તરે બંધ થયો છે. ૨૨૦૨૩ ના. સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે દિવસભર શેરબજારના કામકાજમાં નબળાઈ જોવા મળી હતી. શેરબજારના કામકાજમાં, બીએસઈ સ્મોલ કેપ અને નિફ્ટી એ-ફએમસીજી ઈન્ડેક્સમાં થોડો વધારો નોંધાયો હતો જ્યારે અન્ય તમામ ઈન્ડેક્સ નબળાઈ પર બંધ થયા હતા. શુક્રવારે શેરબજારમાં ટોપ ગેઈનર્સ વિશે વાત કરીએ તો, તેમાં UPL, ભારતી એરટેલ, બજાજ ફાઈનાન્સ, HDFC લાઈફ, અદાણી એન્ટરપ્રાઈઝ, હિન્દાલ્કો અને અદાણી પોર્ટ્સના શેરનો સમાવેશ થાય છે. શેરબજારમાં જે કંપનીઓને નુકસાન થયું છે તેમાં મહિન્દ્રા, બીપીસીએલ, કોલ ઈન્ડિયા, ટાટા મોટર્સ, લાર્સન, હીરો મોટોકોર્પ અને એચસીએલ ટેકના શેરનો સમાવેશ થાય છે. શેરબજારમાં છેલ્લા એક વર્ષમાં સ્મોલ કેપ અને મિડ કેપ શેર્સમાં જે પ્રકારનો ઉછાળો નોંધાયો હતો, સેબીના નિવેદન બાદ આ મહિને ૧૯ સ્મોલ કેપ શેર્સમાં ૩૭



ટકાની નબળાઈ નોંધાઈ છે. સ્મોલ કેપ અને પેની સ્ટોકમાં રોકાણ કરનારા રોકાણકારોને આ મહિને ૩૭ ટકા સુધીનું નુકસાન થયું છે. દુબઈના હવાલા ઓપરેટર હરિશંકર ટિબ્રેવાલા અને સંબંધિત કંપનીઓ ૩૦ લિસ્ટેડ શેરોમાં હિસ્સો ધરાવતા હોવાનું જાણવા મળ્યું છે. તેમાંથી છ કંપનીઓએ જાહેરમાં જાહેર કર્યું છે કે તેમનો ટિબ્રેવાલા સાથે કોઈ સંબંધ નથી. તે પછી પણ તે કંપનીઓના શેરના ભાવમાં ઘણી નબળાઈ નોંધાઈ રહી છે. છેલ્લા કેટલાક ટ્રેડિંગ સેશનથી શેરબજાર કરેક્શન મોડમાં છે અને નિફ્ટીએ ૨૨,૫૨૬.૬૦ના નવા ઉચ્ચ સ્તરેથી ૬૦૦થી વધુ પોઈન્ટનું કરેક્શન આપ્યું છે. શુક્રવારે આરઈસી, બાયોકોન, ઓએનજીસી, કોલ ઈન્ડિયા અને ટીવીએસ મોટર જેવા શેરોમાં શોર્ટ પોઝીશનમાં વધારો જોવા મળ્યો હતો. વેપારીઓએ ‘બેરિશ ક્રોસઓવર’ પર નજર રાખવી જોઈએ, જ્યાં શેરની કિંમત તેની મૂવિંગ એવરેજથી નીચે આવે. એલએન્ડટી, નિફ્ટી ૫૦ ના લાર્જ કેપ સ્ટોકમાં તાજેતરમાં અદ્ભૂત તેજી જોવા મળી છે અને તે હાલમાં પ્રોફિટ બુકિંગના તબક્કામાં છે. એલએન્ડટીછેલ્લા ૫ ટ્રેડિંગ સેશનથી પ્રોફિટ બુકિંગનો સામનો કરી રહી છે.

## સગીરાના જાતીય શોષણ મામલે યેદિયુરપ્પા સામે કેસ



। (એજન્સી) બેંગલુરુ, તા.૧૫ ।

કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી બી.એસ. યેદિયુરપ્પા સામે પોલીસે એક ગંભીર કેસ દાખલ કર્યો છે. માહિતી અનુસાર તેમની સામે સગીર છોકરીનું જાતીય શોષણ કરવાનો આરોપ લાગ્યો છે. આ મામલે તેમની સામે એફઆઈઆર નોંધી લેવામાં આવી છે. આ એફઆઈઆર પોક્સો અને ૩૫૪ (એ) આઈપીસી હેઠળ દાખલ કરવામાં આવી છે. બીએસ યેદિયુરપ્પાના કાર્યાલયે આ મામલે નિવેદન જાહેર કર્યું છે અને આવા જ ૫૩ કેસોની યાદી જાહેર કરી છે, જે ફરિયાદકર્તાએ પહેલાથી જ અલગ-અલગ બાબતોને લઈને દાખલ કરી છે. યેદિયુરપ્પાના કાર્યાલયે ભારપૂર્વક જણાવ્યું છે કે ફરિયાદીને આવી ફરિયાદો કરવાની આદત છે.

### રશિયામાં રાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતદાન જારી

## ભારતના તિરુવનંતપુરમમાં રશિયાના રાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતદાન થયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

રશિયામાં હાલમાં રાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતદાન થઈ રહ્યું છે. દેશ અને વિશ્વભરના રશિયનો મતદાન કરી રહ્યા છે. ભારતમાં પણ રશિયન ચૂંટણી માટે મતદાન થઈ રહ્યું છે. ભારતના કેરળ રાજ્યમાં પણ રશિયાના રાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતદાન યોજાયું હતું. એવી ચર્ચા છે કે આ ચૂંટણીમાં ફરી એકવાર વ્લાદિમીર પુતિનની જીત લગભગ નિશ્ચિત છે. કેરળમાં રહેતા રશિયન નાગરિકોએ રશિયાના રાષ્ટ્રપતિની ચૂંટણી માટે તિરુવનંતપુરમમાં મતદાન કર્યું



હતું. તેઓએ અહીં રશિયન હાઉસમાં સ્થિત રશિયન ફેડરેશનના માનદ કોન્સ્યુલેટ ખાતે ખાસ આયોજિત બૂથ પર મતદાન કર્યું. રશિયાના માનદ કોન્સ્યુલ અને તિરુવનંતપુરમમાં રશિયન હાઉસના ડિરેક્ટર રતેશ નાયરે જણાવ્યું હતું કે આ ત્રીજી વખત છે જ્યારે તેમણે રશિયન રાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતદાનની વ્યવસ્થા કરી હતી.



ભૂટાનના વડાપ્રધાન દશો શેરિંગ તોબગેએ દિલ્હીમાં રાજઘાટ ખાતે મહાત્મા ગાંધીની સમાધિની મુલાકાત કરી હતી.

## ઈડી જેની પાછળ પડી હતી તે કંપનીએ ૧૩૫૦ કરોડના ચૂંટણી બોન્ડ ખરીદ્યા




। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

ભારતીય ચૂંટણી પંચ (ઈસીઆઈ) એ ગુરુવારે ચૂંટણી બોન્ડ દ્વારા રાજકીય પક્ષોને દાન આપનારા લોકોના નામ જાહેર કર્યા. કમિશન દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો/ડેટામાં ચોંકાવનારી બાબતો બહાર આવી છે. મની લોન્ડરિંગના આરોપમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા માર્ચ ૨૦૨૨માં તપાસ કરાયેલી એક કંપનીએ ૧૩૫૦ કરોડ રૂપિયાના ઈલેક્ટોરલ બોન્ડ્સ ખરીદ્યા હોવાનો ખુલાસો થયો છે અને તેણે રાજકીય પક્ષોને આ રકમ દાન કરી હતી. સુપ્રીમ કોર્ટમાં દાખલ કરાયેલી એફિડેવિટમાં, એસબીઆઈએ કહ્યું હતું કે ૧ એપ્રિલ, ૨૦૧૯ અને ફેબ્રુઆરી ૧૫, ૨૦૧૪ વચ્ચે વિવિધ કિંમતના કુલ ૨૨,૨૧૭ ચૂંટણી બોન્ડ જારી કરવામાં આવ્યા હતા. તેમાંથી ૨૨,૦૩૦ રાજકીય પક્ષો દ્વારા વટાવવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટના કડક વલણને પગલે, એસબીઆઈએ મંગળવારે ભારતના ચૂંટણી પંચને ચૂંટણી બોન્ડ દ્વારા રાજકીય પક્ષોને દાન આપનારાઓની વિગતો આપી દીધી હતી. ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલી સમયમર્યાદા પહેલા બોન્ડ દ્વારા દાન આપનારા અને મેળવનારાઓના નામની માહિતી તેની વેબસાઈટ પર જાહેર કરી હતી. પંચે તેની વેબસાઈટ પર બે ફાઈલોની વિગતો આપી છે. એક ફાઈલમાં દાન આપનારાઓના નામ અને રકમ છે, જ્યારે બીજી ફાઈલમાં રાજકીય પક્ષો અને દાન મેળવેલી રકમની વિગતો છે.

# ઈવી વાહનોના ઉત્પાદન માટે વિદેશી રોકાણકારને ટેક્સમાં રાહત અપાશે

## યોજનાથી ઈવી બનાવતી ટેસ્લા સહિત વિશ્વભરની કંપનીઓને ભારત લાવવા માટેનો પ્રયાસ કરાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

ભારત સરકારે આજે નવી ઈલેક્ટ્રીક વાહન પોલિસી જાહેર કરી છે. ટેસ્લા સહિત વિશ્વભરની ઈલેક્ટ્રી વાહન બનાવતી કંપનીઓ આ પોલિસીની રાહ જોઈ રહી હતી, તેથી તેમાં સૌથી વધુ વિદેશી રોકાણ પર ધ્યાન અપાયું છે. આ ઉપરાંત નવી પોલિસી હેઠળ વિદેશી કંપનીઓના પ્રવેશ બાદ ઈવી ટેકનોલોજી પ્રોડક્શન ક્ષેત્રે ભારતનો હરણફાળ વિકાસ થશે. નવી પોલિસીમાં ઈલેક્ટ્રીક વ્હીકલ યોજનાનો ઉલ્લેખ કરાયો છે, જેમાં ટેક્સમાં રાહત પણ અપાશે. નવી પોલિસી




મુજબ કંપની જો કોઈપણ કંપની ૫૦ કરોડ ડૉલરથી વધુ રોકાણ કરશે અને ત્રણ વર્ષની અંદર ભારતમાં મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ સ્થાપશે, તો તે કંપનીઓને ઈમ્પોર્ટ ટેક્સ માં રાહત અપાશે. આ યોજનાથી ઈવી બનાવતી ટેસ્લા સહિત વિશ્વભરની કંપનીઓને ભારત લાવવાનો પ્રયાસ કરાશે. પોલિસી મુજબ વિદેશી કંપનીઓએ તેમાં ઓછામાં ઓછું ૪૧૫૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવું પડશે. સરકારના સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે કે, ઈ-વ્હીકલ સેગમેન્ટમાં ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ કંપનીઓને ભારતમાં લાવવાનો પ્રયાસ કરાશે. આ પોલિસીથી દેશમાં ઈવી ઈકેસિસ્ટમ મજબૂત બનશે. આ ઉપરાંત ઈવી સેગમેન્ટની એડવાન્સ ટેકનોલોજી પણ ભારતમાં આવશે. નવી પોલિસીના નિયમ મુજબ, ભારતમાં પ્લાન્ટ સ્થાપવા ઈચ્છુક કંપનીઓએ ભારતમાં જ બનેલા પાર્ટ્સનો ત્રણ વર્ષ સુધી અને ૫૦ ટકા પાર્ટ્સનો પાંચ વર્ષ સુધી ઉપયોગ કરવાનો રહેશે.

### ચૂંટણી બોન્ડ મામલે સુપ્રીમમાં સુનાવણી

# ચૂંટણી બોન્ડના નંબરો જાહેર ન કરવા બદલ એસબીઆઈને સુપ્રીમની ફટકાર

## નંબરો જાહેર કરવાથી દાન દેનાર દાતા અને રાજકીય પક્ષો વચ્ચેની લિંકને જાહેર થઈ શકે છે : ત્રણ દિવસનો સમય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

સુપ્રીમ કોર્ટમાં આજે ચૂંટણી બોન્ડ કેસ મામલે સુનાવણી હાથ ધરવામાં આવી હતી, અરજીની સુનાવણી કરતા, સુપ્રીમ કોર્ટે એસબીઆઈને પૂછ્યું હતું કે તેણે ચૂંટણી બોન્ડના નંબરો કેમ જાહેર કર્યા નથી, જેનાથી દાન દેનાર દાતા અને રાજકીય પક્ષો વચ્ચેની લિંકને જાહેર થઈ શકે છે. સુપ્રીમ કોર્ટે આ મામલે એસબીઆઈ પાસેથી ૧૮ માર્ચ સુધીમાં જવાબ માંગ્યો છે. ઉલ્લેખનીય છે કે ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટમાં સબમિટ કરેલા ચૂંટણી બોન્ડ



પરના સીલબંધ પરબિડીયાઓને પરત કરવાની માગણી કરતી અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરી હતી. નોંધનીય છે કે ચૂંટણી બોન્ડ કેસમાં સુપ્રીમ કોર્ટે ૧૧ માર્ચે એસબીઆઈને બોન્ડની વિગતો ૧૨ માર્ચે ચૂંટણી પંચને જાહેર કરવાનો નિર્દેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે ૧૧ માર્ચે આદેશ આપતા કહ્યું હતું કે ઈસીઆઈ દ્વારા કોર્ટ સમક્ષ દાખલ કરવામાં આવેલા નિવેદનોની નકલો ચૂંટણી પંચની ઓફિસમાં રાખવામાં આવે. સુપ્રીમ કોર્ટની પાંચ જજોની બંધારણીય બેન્ચે ૧૫મી ફેબ્રુઆરીએ કેન્દ્રની ચૂંટણી બોન્ડ યોજનાને ગેરબંધારણીય ગણાવીને તેના પર પ્રતિબંધ મૂક્યો હતો. કોર્ટે ચૂંટણી બોન્ડની સ્કીમની એકમાત્ર નાણાકીય સંસ્થા એસબીઆઈ બેંકને ૧૨ એપ્રિલ, ૨૦૧૯થી અત્યાર સુધીમાં ૬ માર્ચ સુધીમાં ચૂંટણી બોન્ડની ખરીદી વિશે સંપૂર્ણ માહિતી આપવાનો આદેશ આપ્યો હતો.

## તંત્રી લેખ...

# ૧ એપ્રિલથી આવશ્યક દવાઓના ભાવમાં વધારો થવાની શક્યતાઓ

વધતી જતી મોંઘવારી વચ્ચે જનતાને વધુ એક આંચકો લાગવા જઈ રહ્યો છે. ૧લી એપ્રિલથી આવશ્યક દવાઓના ભાવમાં વધારો થવા જઈ રહ્યો છે. આમાં પેઈનકિલર્સથી લઈને એન્ટિબાયોટિક્સનો સમાવેશ થાય છે. આવી સ્થિતિમાં પહેલાથી જ મોંઘવારીનો માર સહન કરી રહેલા સામાન્ય લોકોના ખિસ્સા પરનો બોજ વધુ વધશે. આવશ્યક દવાઓની વાત કરીએ તો, તેમાં પેઈનકિલર્સ, એન્ટિબાયોટિક્સ અને ૮૦૦ હૃદયની દવાઓનો સમાવેશ થાય છે. આ તમામ દવાઓના ભાવ ૧ એપ્રિલથી વધવા જઈ રહ્યા છે. વાસ્તવમાં, સરકાર વાર્ષિક જથ્થાબંધ ભાવ સૂચકાંક (WPI) માં ફેરફારને અનુરૂપ ફાર્માસ્યુટિકલ કંપનીઓને તેમની કિંમતોમાં વધારો કરવાની મંજૂરી આપવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. મળતી માહિતી મુજબ, વધતી મોંઘવારીને જોતા ફાર્મા ઉદ્યોગ દવાઓની કિંમતો વધારવાની માંગ કરી રહ્યો હતો. સરકાર જથ્થાબંધ ભાવ સૂચકાંક (WPI) માં વાર્ષિક ફેરફારને અનુરૂપ, .૦૦૫૫% ના વધારાને મંજૂરી આપવા તૈયાર છે. ગયા વર્ષે અને ૨૦૨૨ માં નેશનલ લિસ્ટ ઓફ એસેન્શિયલ મેડિસિન્સ (NLEM) હેઠળ દવાઓના ભાવમાં ૧૨% અને ૧૦% નો વિક્રમી વાર્ષિક વધારો કર્યા પછી, ફાર્મા ઉદ્યોગ માટે આ એક સામાન્ય વધારો હશે. સમાયોજિત કિંમતો રાષ્ટ્રીય આવશ્યક દવાઓની સૂચિમાં સમાવિષ્ટ ૮૦૦ થી વધુ દવાઓને આવરી લેશે. સુનિશ્ચિત દવાઓના ભાવમાં વર્ષમાં એકવાર ફેરફાર કરવાની મંજૂરી છે. આવશ્યક દવાઓ વિષે પણ જણાવીએ, તે દવાઓ આ સૂચિમાં શામેલ છે. જે મોટાભાગના લોકો માટે ઉપયોગી છે. તમારી જાણકારી માટે તમને જણાવી દઈએ કે આ દવાઓની કિંમત સરકારના નિયંત્રણમાં છે. આ દવાઓની કંપની એક વર્ષમાં આ દવાઓની કિંમતમાં માત્ર ૧૦ ટકાનો વધારો કરી શકે છે. આ યાદીમાં કેન્સર વિરોધી દવાઓ પણ સામેલ છે. અમુક દવાઓના જે દરો વધશે જે વિષે જણાવીએ, આવશ્યક દવાઓની સૂચિમાં પેરાસિટામોલ જેવી દવાઓ, એઝિથ્રોમાસીન જેવી એન્ટિબાયોટિક્સ, એનિમિયા વિરોધી દવાઓ, વિટામિન્સ અને ખનિજોનો સમાવેશ થાય છે. કોવિડ-૧૯ના મધ્યમથી ગંભીર રીતે બીમાર દર્દીઓની સારવાર માટે વપરાતી કેટલીક દવાઓ અને સ્ટેરોઈડ્સ પણ યાદીમાં છે. ઉદ્યોગ ભાવમાં નોંધપાત્ર વધારો કરવાની માંગ કરી રહ્યો છે કારણ કે તે વધતા ઈનપુટ ખર્ચથી ઝઝૂમી રહ્યો છે.

# નાણાંમંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે સરોધી અને વશીયરના નવનિર્મિત રેલવે ઓવરબ્રિજનું લોકાર્પણ

## વર્ષ ૨૦૨૪ થી ૨૦૨૯ સુધીમાં નવા ભારતનું નિર્માણ થવા જઈ રહ્યું છે : મંત્રીશ્રી



| વલસાડ |

સરોધી રેલવે ઓવરબ્રિજ રૂ. ૩૯.૪૨ કરોડ અને વશીયરના બ્રિજનું રૂ. ૪૩ કરોડના ખર્ચે નિર્માણ કરાયું છે વલસાડ તાલુકાના સરોધી અને વશીયરના નવનિર્મિત રેલવે ઓવરબ્રિજોનું નાણાં, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું. સરોધી રેલવે ઓવરબ્રિજનું રૂ. ૩૯.૪૨ કરોડના જ્યારે વશીયર રેલવે ઓવરબ્રિજનું રૂ. ૪૩ કરોડના ખર્ચે નિર્માણ કરાયું છે. સરોધી રેલવે ઓવરબ્રિજના કારણે સરોધી, કાંપરી, ચીખલા, લીલાપોર તેમજ વશીયર રેલવે ઓવરબ્રિજના કારણે તિથલ, સેગવી, મગોદ, વગેરે ગામોના લોકોને આવન જાવનમાં સરળતા રહેશે. વશીયર રેલવે ઓવરબ્રિજના કારણે ઈમરજન્સીમાં સિવિલ હોસ્પિટલ તરફ જવા માટે પણ ઝડપી કનેક્ટીવિટી મળશે. નેશનલ હાઈવે ૪૮ થી વલસાડ અને તિથલ જવા માટે સમય તથા ઈંધણની બચત થશે તેમજ ટ્રાફિક સમસ્યાનું પણ નિરાકરણ થશે. લોકાર્પણ પ્રસંગે મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ ગ્રામજનોને નવા રેલવે ઓવરબ્રિજ માટે અભિનંદન પાઠવતાં કહ્યું હતું કે, ૨૦૨૪ થી ૨૦૨૯ સુધીમાં નવા ભારતનું નિર્માણ થવા જઈ રહ્યું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૧૪માં દેશનું નેતૃત્વ સંભાળ્યું છે ત્યારથી દેશમાં ગતિશક્તિ યોજના હેઠળ અનેક વિકાસના કામો ગતિથી થઈ રહ્યા છે. રોડ અને પોર્ટની કનેક્ટિવિટી વધશે. ગતિ શક્તિ યોજના હેઠળ દરિયા કિનારાના વિસ્તારોમાં પણ અનેક આર્થિક પ્રવૃતિઓ વધી છે જેના કારણે રોજગારીમાં વધારો થયો છે. ફ્રેઈટ કોરિડોરનો અમલ સૌથી પહેલા ગુજરાતથી જ થયો છે તેમજ સૌથી પહેલી ટ્રાયલ રન પણ ગુજરાતમાં જ થઈ છે. આ કોરિડોરના કારણે નાના બંદરોનો વિકાસ થશે તેમજ ઈમ્પોર્ટ અને એક્ષ્પોર્ટમાં પણ વધારો થશે. આપણા વિસ્તારમાં અમલસાડ અને પારડીથી ચીકુ માત્ર આઠ કલાકમાં દિલ્હી સુધી પહોંચતા થશે અને તેના ભાવો પણ સારા મળશે. ઝડપી માલ પરિવહન થશે અને સમગ્ર ભારતનો વિકાસ થશે. વડાપ્રધાનશ્રીના દેશના વિકાસમાં કરેલા કાર્યોને વધાવતા મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું કે, તેમણે જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે ગુજરાતને વર્ષ ૨૦૧૪ સુધીમાં સમગ્ર દેશમાં નંબર-૧ મોડેલ રાજ્ય બનાવ્યું છે. દેશની ઈકોનોમી જ્યારે તેઓ વર્ષ ૨૦૧૪માં વડાપ્રધાન બન્યા ત્યારે ૧૧માં નબરે હતી જે હાલમાં પાંચમાં નંબરે પહોંચાડી છે. વાયબ્રન્ટ ગુજરાત દ્વારા રોજગારીની તકો વધારી છે. આદિવાસી જન કલ્યાણ યોજનાઓ, સ્વચ્છ ભારત યોજનાથી દેશનો અવિરત વિકાસ થઈ રહ્યો છે. કોરોના કાળમાં સ્વદેશી રસી બનાવી અને સમગ્ર દુનિયાના ૧૨૦ દેશોને વિનામુલ્યે રસી આપી દેશનું નામ ઊંચુ કર્યું છે. કાંઠાના વિસ્તારોમાં અનેક મુશ્કેલીઓના સમયે પણ અંડરગ્રાઉન્ડ કેબલિંગના લીધે ગુણવત્તાયુક્ત વીજળી મળી રહેશે તેવી ખાતરી છે. સાંસદ ડૉ. કે.સી.પટેલ અને ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલે નવા રેલવે ઓવરબ્રિજના અભિનંદન પાઠવતા પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત ઉપપ્રમુખ બ્રિજનાબેન પટેલ, જિલ્લા પંચાયત સભ્ય ધવલ પટેલ, તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ આશિષ ગોહિલ, માજી નગરપાલિકા પ્રમુખ સોનલ સોલંકી, રેલવેના ચીફ જનરલ મેનેજર વિકાસ કુમાર, ડેપ્યુટી સીપીએમ સચિન દુપાડે અને મનોજ દાસ, સરોધી અને વશીયર ગામના સરપંચો, સબંધિત વિભગ અધિકારીઓ અને કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

---

**માનસ સેતુ એ શબ્દ લઈએ તો માનસનો અર્થ હૃદય થાય, માનસનો અર્થ મન પણ થાય, માનસનો એક અર્થ માણસ પણ છે**

# માનસ સેતુ માટે મૌન, મુસ્કાન, મહેમાન અને મહેરબાન આમ ચાર પ્રકારના વ્રતનું આહવાન કર્યું



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**સંસાર આજે ભિન્ન સેતુ થઈ રહ્યો છે, જાતિ જાતિ ભિન્ન સેતુ થતા જાય છે. ધર્મ ધર્મ ભિન્ન સેતુ, પતિ પત્ની ભિન્ન સેતુ, ભાઈ ભાઈ ભિન્ન સેતુ, બાપ દીકરો ભિન્ન સેતુ, એટલે કે સૌની માનસિકતા સમન્વય પ્રેમી નથી રહી**

બાર વર્ષપછીભગવાન રામેશ્વરની ધરણીમાં કથાના આયોજનની પ્રસન્નતા વ્યક્ત કરી. ભગવાન રામેશ્વર મા ભગવતી અને અહીં વસ્તી સમસ્ત ચેતનાઓને પ્રણામ કરીને કથાનો આરંભ કર્યો. આ પહેલાની કથા વખતે માનસ રામેશ્વર વિષય રહ્યો હતો, એટલે વિચારતો હતો કે આ વખતે કયા વિષય દ્વારા ભગવાન શિવને અભિષેક કરું! ભગવાન મહાદેવ એ રામચરિત માનસને ગંગા કહી છે, અને ગંગા વિશે શિવથી વધારે બીજું કોણ જાણતું હોય! સકલ લોક જગ પાવની ગંગા, એટલે અહીં રામાયણનો પાઠ કરવો એ ગંગાદ્વારા શિવ અભિષેક છે. રામકથા ગાવી એ સ્વયં ગંગા ત્રિભુવન પાવની ગંગા દ્વારા શિવનો અભિષેક, એના દ્વારા ગાવું અને સાંભળવું એ બંને શિવનો અભિષેક છે. તો આપણે નવ દિવસ માટે ત્રિભુવની ગંગાજળ લઈને મહાદેવનો અભિષેક કરવાં જઈ રહ્યા છીએ, ત્યારે એક કથા માનસ સેતુબંધ થઈ છે, ત્યારે પણ શિવ કેન્દ્રમાં હતાં, અને આજે પણ શિવ કેન્દ્રમાં છે. શિવ વિના બીજું શું કેન્દ્રમાં હોય! આજે વિશ્વને સેતુબંધની ખૂબ જ જરૂર છે. રામચરિત માનસમાં ભગવાન રામને મોટેભાગે શ્રુતિ સેતુ અથવા તો ધર્મ સેતુ કહ્યાં છે, વિશેષણ મુક્ત ધર્મ સેતુ જો કોઈ હોય તો એ મારા રાઘવ છે. વેદ શબ્દ સનાતન અથવા તો હિન્દુ પ્રણાલીમાં આવતો હોવાથી મેં શ્રુતિ સેતુ શબ્દ પ્રયોગ કર્યો છે, શ્રુતિનો મતલબ જેણે સાંભળ્યું છે, જે ગેબમાંથી ઉતર્યુ હતું, ધીરે-ધીરે શબ્દબ્રહ્મ રૂપમાં, કે નાદબ્રહ્મ રૂપમાં એનું રૂપાંતર થયું હતું, અને એ શ્રુતિ દ્વારા સાંભળ્યું. એના પછી બીજાએ સાંભળ્યું, ત્રીજાએ સાંભળ્યું, માટે તુલસી અહીં શ્રુતિ સેતુ શબ્દનો પ્રયોગ ભગવાન રાઘવ માટે કરી રહ્યા છે. તુલસીદાસજીએ માનસમાં સેતુ શબ્દનો વિપુલ પ્રમાણમાં ઉપયોગ કર્યો છે. માનસ સેતુ એ શબ્દ લઈએ તો માનસનો અર્થ હૃદય થાય, માનસનો અર્થ મન પણ થાય, માનસનો એક અર્થ માણસ પણ છે. તો માનવ માનવ વચ્ચે સેતુ, માનવ હૃદય-હૃદય વચ્ચે સેતુ, કે માનવ મન-મન વચ્ચે સેતુ થવો એ સાંપ્રત સમયમાં વિશ્વ માટે અત્યંત આવશ્યક છે. ડોક્ટર અબ્દુલ કલામ સાહેબને યાદ કરી કહ્યું કે, એ મિસાઈલ મેન હતા, એમની મિસાઈલ શાંતિની હતી. જરૂરિયાત ઊભી થાય ત્યારે માણસ ન ઈચ્છતા હોય તો પણ રક્ષણ માટે મિસાઈલનો પ્રયોગ કરવો ઘટે. સંસાર આજે ભિન્ન સેતુ થઈ રહ્યો છે, જાતિ જાતિ ભિન્ન સેતુ થતા જાય છે. ધર્મ ધર્મ ભિન્ન સેતુ, પતિ પત્ની ભિન્ન સેતુ, ભાઈ ભાઈ ભિન્ન સેતુ, બાપ દીકરો ભિન્ન સેતુ, એટલે કે સૌની માનસિકતા સમન્વય પ્રેમી નથી રહી. આપણે એવા સમયમાં જીવીએ છીએ જ્યારે એક બાજુ સંવેદનશીલ વિજ્ઞાન આ પૃથ્વીને બહુ જ સુંદર બનાવવાની કોશિશમાં છે, અને એની બીજી બાજુ સંવેદનહીન વિજ્ઞાન એ સુંદરતાને નષ્ટ ભ્રષ્ટ કરવા મથી રહ્યું છે. તો માનસ સેતુ દ્વારા આપણે માનવ મન વચ્ચે, માનવ હૃદય વચ્ચે, અને માનવ માનવ વચ્ચે એક સેતુબંધ ની રચના થાય, એ માટેનો મેસેજ મુકીશું. પહેલા તો ધનુષકોટિ થી સીધાં શ્રીલંકા સુધી રામસેતુનું નિર્માણ થાય, અને આ આંતરરાષ્ટ્રીયતાની દિવાલ એટલે કે રાજપીઠ, કે પાર્ટીઓની વિચારધારાઓની, પોતાના આગ્રહોની તેમજ સ્વાર્થની સીમા છોડી, અને સૌ આ રામકાર્યમાં સહયોગ આપે, જેથી કરીને શ્રીલંકા સુધી રામસેતુનું નિર્માણ થાય. મુરલીજી એ કહ્યું કે ૪૫૦૦૦ કરોડ મંજૂર થયા છે. મહાદેવનો ત્રિભુવની ગંગાજળથી અભિષેક કરવા માટે લંકાકાંડની બે પંક્તિઓ ઉઠાવી છે, જેમાં ભગવાન રામ સેતુને જોઈને રચના સુંદર છે એમ કહ્યું હતું, અને સૌમ્ય હાસ્ય પણ વેર્યું હતું.

**દેખી સેતુ અતિ સુંદર રચના, બિહસિ કૃપાનિધિ બોલે બચના,મમ કૃત સેતું જો દરસનું કરના, સો બિનુ શ્રમ ભવસાગર તરિહી.**

આ બે પાવન પંક્તિઓને આધારે ભગવાન શિવને કેન્દ્રમાં રાખીને સંવાદના રૂપમાં નવ દિવસ સાત્વિક તાત્વિક ચર્ચા કરીશું. બિહસિ! એટલે એવું હાસ્ય કે જેમાં અટ્ટહાશ્ય કે અહંકાર નથી, પણ પ્રસન્નતા છે. વ્યાસપીઠ પરથી યુવાનોને ચાર વ્રત રાખવા માટે નિર્દેશ કર્યો. એમાંના બે વ્રતની વાત સીતામઢીની કથામાં કર્યાનો ઉલ્લેખ પણ કર્યો. એમાં પણ જ્યારે આજે સમાજ ભિન્ન સેતુ થતો જાય છે ત્યારે માનસ સેતુ માટે યુવાનો આ ચાર વ્રત કરે એ બહુ જરૂરી છે. (૧) મૌનવ્રત, મૌન વ્રત બહુ જ સારી વસ્તુ છે, અને ખૂબ જ મહિમા વંત છે, મૌન ખૂબ જ શક્તિ અને ઊર્જા પ્રદાન કરે છે. મૌન વ્રત માણસના શરીરને કમજોર થવા દેતું નથી. પંચભૂતના આ પૂતળાની એક મર્યાદા છે, એ હું જાણું છું, અને એને પોષણની પણ જરૂર છે. પરંતુ મૌન વ્રત શરીરના ખૂટતાં તત્વોની પૂર્તિ કરી શકે તેમ છે, એ હું અનુભવ સાથે કહું છું. અધ્યાત્મની માટે તો મૌન જરૂરી છે જ, પરંતુ શરીર સ્વાસ્થ્ય માટે પણ મૌન બહુ જરૂરી છે. (૨) મુસ્કાન વ્રત, સૌની સાથે હળી મળીને રહો, અને ગમે તે પરિસ્થિતિમાં હસવાથી હળવાશ અનુભવાય છે. પરિવારમાં આપણાથી અશાંતિ ન થાય એનું ધ્યાન રાખવું.(૩) મહેમાન વ્રત, આ પૃથ્વી પર હું મહેમાન છું આપણે મહેમાન તરીકે કોઈના ઘરે જઈએ તો, શીલવંત મહેમાન યજમાનને નુકસાન ન થાય એ રીતે વર્તન કરે છે, એ રીતે એમના ઘરે રહે છે. તો પોતાના શીલ અને વિવેક મર્યાદા આ બધા ગુણનું જતન કરતાં કરતાં આપણે અહીં જીવવાનું છે. પૃથ્વીને ગંદી ન કરીએ એને નુકસાન ન કરીએ યજમાન એટલે કે પૃથ્વીને આપણે વારંવાર જન્મ લઈ આવીએ એવી ઈચ્છા થાય એ રીતે આ મહેમાન વ્રતનું પાલન કરીએ.(૪) મહેરબાન વ્રત! હરિ તું બહુત અનુગ્રહ કિન્હો! એટલે કે ઈશ્વરનો આપણી પર ઉપકાર થયો છે, એને કારણે આપણે અહીં છીએ, મહેરબાની ન હોય તો આપણે કોઈ એવાં કર્મ કર્યા નથી. કેવળ ઈશ્વરની રહેમત છે, અને એ એક એક રહેમતની પળોને યાદ કરી એનો આભાર વ્યક્ત કરવો રહ્યો. ગાંધીજીએ ૧૧ વ્રતની વાત કરી. મારી વ્યાસપીઠ પણ ગુરુકૃપાથી આજે મુખર થઈને ચાર વ્રત બતાવી રહી છે, આગળ પણ બતાવશે. રામરૂપી સત્ય એ આવીને અહીં કરુણાની સ્થાપના કરી હતી તો રામકથાએ સત્ય પ્રેમ અને કરુણાની જ કથા છે. હું આ કથારૂપી અહીં રામસેતુ માટે શીલા રોપણ કરી રહ્યો છું, આ બે પંક્તિ એક "રા" છે અને બીજી "મ" છે રામશિલા હું સ્થાપિત કરી રહ્યો છું. પ્રભુ કરે એ અવસર જોવાનો મોકો આપે તો ધનુષકોટિ જઈને કથા કરીશું. પ્રથમ દિવસે માનસના સાત શ્લોકનું મંગલાચરણ કરીએ, સાત મંત્રોમાં સાત કાંડની રામકથા એનાં સપ્ત પ્રશ્નોના ઉત્તર સાથે પૂરાં અસ્તિત્વમાં સ્વતંત્ર ઘૂમે છે. પહેલું સોપાન જે બાલકાંડ છે એમાં સાત મંત્રોથી મંગલાચરણ છે.

**વર્ણાનામર્થસંઘાનાં રસાનાં છન્દસામપિ,**
**મંગલાનાં ચ કર્તારૌ વન્દે વાણીવિનાયકૌ.**
**ભવાનીશંકરૌ વન્દે શ્રદ્ધાવિશ્વાસ રુપિણૌ,**
**યાભ્યાં વિના ન પશ્યતિ સિદ્ધાઃ સ્વાન્ત સ્થમીશ્વરમ્.**

ગોસ્વામીજીને સંસ્કૃતભાષાનું પરમજ્ઞાન છે જ્યારે પણ બોલતા હતા ત્યારે ચૈતસિક તલીનન આવી જતી હતી. માનસમાં જે જે સબ્જેક્ટ ઉઠાવ્યાં એ આમ નામ નથી, સંસ્કૃતના આટલા પરમ ઉપાસક પંડિત હોવા છતાં લોક બોલીમાં કથા ગાઈ, બિલકુલ હિન્દી ભાષામાં ગ્રામગીરામાં કથા છે. ક્યાંક ભોજપુરી, ક્યાંક બિહારી, તુલસી વેદ વાણીને પ્રણામ કરીને, લોક બોલીમાં તથા, વેદવાણી માં ગાયું છે. વેદવાણી અને લોક બોલી ભિન્ન નથી તુલસી એ બંને વચ્ચે સેતુ રચ્યો છે, એટલે જ સંસ્કૃતના સાત શ્લોક પછી તુલસી લોકવાણીમાં પાંચ સોરઠા લઈને આવ્યા છે. ભગવાન જગતગુરુ આદિ શંકરાચાર્યએ આપણને પંચદેવની પૂજાનો આદેશ આપ્યો છે અને સદા સનાતન વૈદિક ધર્મ પરંપરામાં એની સ્થાપના થઈ એટલે તુલસીએ પણ સેતુના શ્રી ગણેશ વંદે વાણી વિનાયકોથી કર્યા આ શાસ્ત્રીય સેતુ છે અહીં પ્રારંભક જોડવાનો છે એટલે કે કથા રામની કરી રહ્યા છે પણ જગતગુરુ શંકરના મતને એટલે કે શાંકરીય પરંપરા અને વૈષ્ણવી પરંપરા ની સમન્વયનો સેતુ. રામેશ્વર તો સેતુ શિરોમણી છે અહીંના સાઉથ બ્રાહ્મણ બદ્રીનાથ ની પૂજા કરે છે અને ઉત્તરનું ગંગાજળ અહીં ચઢે છે આ હરિહર મિલન છે. જગતગુરુ શંકરાચાર્યના પંચદેવની સ્થાપના પ્રમાણે પહેલા ગણેશ બીજા સૂર્ય ત્રીજા વિષ્ણુ ચોથા ભગવાન શિવ અને પાંચમાં દુર્ગા તો ૪૯ સુરઠામાં પંચદેવની સ્થાપના કરવામાં આવી પરંતુ પાંચમો ગુરુ વંદનાનો સોરઠાનો સંકેત કરતા ગોસ્વામીજી કહે છે, કે કોઈપણ એક ગુરુનું શરણ પકડી લો તો પાંચે દેવની પૂજા થઈ જશે. ગુરૂ જ ગણેશ છે, ગુરૂ જ ગૌરી છે, ગુરુ જ ગૌરી શંકર છે, અને ગુરુ જ ભગવાન ભાસ્કર છે, ગુરુ જ વિષ્ણુ છે. સમગ્ર જગત સીતારામ મય છે, સીતારામ બ્રહ્મ છે, અને એટલે આખું જગત બ્રહ્મમય છે એને પ્રણામ કર્યા. તુલસીદાસજી એ ક્રમમાં અવધ અને અવધપતિની વંદના કરી અને ત્યારબાદ હનુમાનજી મહારાજની વંદના કરી પ્રથમ દિવસની કથાને વિરામ આપ્યો.

---

**પૂર્વજન્મનું પ્રારબ્ધ ભોગવીને પૂરું કરવાનું છે પણ નવું પ્રારબ્ધ ઊભું કરશો નહીં, આત્મા પરમાત્માનો અંશ છે**

# મનુષ્યવૃત્તિ એરણની ચોરી કરી સોયનું દાન કરવાની હોય છે, એવી વૃત્તિ છોડવી જોઇએ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**જીવાત્મા શરીરથી જુદો છે, એ બ્રાહ્મણ નથી, વૈશ્ય નથી, સ્ત્રી નથી કે પુરુષ નથી, આત્મસ્વરૂપનું ભાન અને દેહનું વિસ્મરણ થાય તો મનુષ્યને જીવતાં જ મુક્તિ મળે છે**

લોકો માને છે કે, ભક્તિમાર્ગ સહેલો છે પરંતુ ભક્તિમાર્ગ અતિ કઠણ છે. મર્યાદાનું, ધર્મનું પાલન કર્યા વગર, ચિત્તશુદ્ધિ થયા વિના ચિત્તમાં ભક્તિનો ઉદય થતો નથી. ભક્તિ પતિ સાથે લગ્ન થયા પછી એક કન્યા અને સાત છોકરાઓ થયાં. પહેલી કન્યા થઈ તે ભક્તિ. કથા શ્રવણમાં રુચિ, સત્સંગમાં રુચિ. આ કન્યા પ્રમાણે ભક્તિનો જન્મ થયો. તે પછી સાત પુત્રો થયા. સાત પુત્રો તે ભક્તિનાં સાત પ્રકાર છેઃ શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય. એમ સાત પ્રકારની ભક્તિ સિદ્ધ થઈ. ભગવાનનાં નામ, રૂપ, ગુણ, પ્રભાવ, લીલાનું કાનથી શ્રવણ, મુખથી કીર્તન અને મનથી સ્મરણ કરતાં અનુક્રમે શ્રવણ, કીર્તન અને સ્મરણ ભક્તિ સિદ્ધ થયાં. ભગવાનની સેવા કરવાથી અર્ચન ભક્તિ સિદ્ધ થઈ. ભગવાનની મૂર્તિને વંદન કરવાથી ભક્તિ સિદ્ધ થઈ. સાત સાત પ્રકારની ભક્તિ મનુષ્ય પ્રયત્ન કરવાથી પ્રાપ્ત કરી શકે છે, પરંતુ આઠમી સખ્ય અને નવમી આત્મનિવેદન ભક્તિ પ્રભુ જેના ઉપર કૃપા કરે છે તેને જ મળે છે. શ્રવણાદિ સાત પ્રકારની ભક્તિ સિદ્ધ કર્યા પછી પોતાનું મરણ થતાં દુઃખી થયેલી તે કન્યાને પરમાત્માએ સદ્ગુરુ રૂપે આવી બોધ કર્યો. ભક્તિના સાતે પ્રકારો સિદ્ધ થાય તે પછી પરમાત્મા સખ્યનું, આત્મનિવેદનનું દાન કરે છે. એટલે જે મિત્રને, અવિજ્ઞાતને આ જીવ માયાથી ભૂલી ગયો હતો તે સદ્ગુરુ તરીકે આવ્યા એટલે અવિજ્ઞાનરૂપ પરમાત્મા ત્યાં આવ્યા અને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કર્યો કે, તું મને છોડી ગયો, મારાથી વિખૂટો પડયો અને નવ દ્વારવાળી નગરીમાં રહેવા ગયો ત્યારથી દુઃખી થયો છે. તું તારા સ્વરૂપને ઓળખતું કોણ છે તે તું જ તે છે, તે જ તું છે. તું મારો મિત્ર છે, મારો અંશ છે. મારું સ્વરૂપ છે. તું સ્ત્રી નથી, પુરુષ નથી, તું મારી સામું જો તો ખરો! પુરંજન પ્રભુ સન્મુખ થયો. જીવ-બ્રહ્મનું મિલન થયું. જીવ કૃતાર્થ થયો. રાજા તું જ પુરંજન છે. તું અનેક વખત સ્ત્રી થયો, અનેક વખત પુરુષ થયો, તો પણ તને તૃપ્તિ થતી નથી. હજુ જગતમાં કેટલું ભટકવું છે? પરમાત્માનો આશ્રય લઈ પ્રભુનું ચિંતન કરતાં પ્રભુના સ્વરૂપમાં લીન થઈશ તો તું કૃતાર્થ થઈશ. 'મહારાજની ભક્તમાળમાં અમર દાસજીની કથા આવે છે.એક વખત અમર દાસજીએ માતાજીને પૂછ્યું, મા,તારાં લગ્ન વખતે હું ક્યાં હતો? માએ કહ્યું, બેટા, મારા લગ્ન પછી તારો જન્મ થયો છે. અમરદાસજીએ કહ્યું, મા, તું ખોટું કહે છે. તે વખતે હું ક્યાંક હતો જ. મારું અસલી ઘર ક્યાં છે?આ બુદ્ધિ જાણતી નથી કે,મારું અસલી ઘર ક્યાં છે. તેથી જગત માં ભટકે છે. નારદજીએ પ્રાચીન બર્હિરાજાને પુરંજન આખ્યાન કહી સંભળાવ્યું વિષયમાં જીવ એટલો ફસાયા છે કે હું કોણ છું તેનો તે વિચાર કરતો નથી,તો તે પરમાત્મા ને તો ક્યાંથી જાણી શકે? જે પોતાની જાતને જાણતો નથી તે પરમાત્માને કેમ કરી જાણવાનો? કથા કહી પ્રાચીન બર્હિરાજાને આનંદ થયો છે. ભગવાનનું ચિંતન કરતાં તે ભગવાનમાં લીન થયા. મનુષ્યને પોતાના દોષનું ભાન કરાવે છે અને ભાન કરાવી તે દોષો છોડાવે છે. પૂર્વજન્મનું પ્રારબ્ધ ભોગવીને પૂરું કરવાનું છે પણ નવું પ્રારબ્ધ ઊભું કરશો નહીં. આત્મા પરમાત્માનો અંશ છે. જીવાત્મા શરીરથી જુદો છે, એ બ્રાહ્મણ નથી, વૈશ્ય નથી, સ્ત્રી નથી કે પુરુષ નથી. આત્મસ્વરૂપનું ભાન અને દેહનું વિસ્મરણ થાય તો મનુષ્યને જીવતાં જ મુક્તિ મળે છે. મનુષ્ય જગત નથી એવો અનુભવ થાય છે, પણ હું નથી એવો અનુભવ થતો નથી. અહમનું વિસ્મરણ કદી થતું નથી. પ્રચેતાઓએ દસ હજાર વર્ષ નારાયણ સરોવરના કિનારે જપ કરેલા. ત્યારે તેઓની સમક્ષ નારાયણ ભગવાન પ્રગટ થયેલા. રામદાસ સ્વામીએ દાસબોધમાં અનુભવ ઉપરથી લખેલું કે, તેર કરોડ જપ કરવાથી ઈશ્વરના સાક્ષાત્ દર્શન થાય છે. જપથી પૂર્વજન્મનાં પાપ બળે છે. ફળ તરત જોવામાં ન આવે તો માનવું કે પૂર્વજન્મનાં પાપ હજુ બાકી છે, તેનો નાશ થઈ રહ્યો છે. તે વિશે વિદ્યારણ્ય સ્વામીનું દૃષ્ટાંત સમજવા જેવું છે. વિદ્યારણ્ય સ્વામીની સ્થિતિ ગરીબ હતી. અર્થપ્રાપ્તિ માટે તેમણેગાયત્રી મંત્રનાં ચોવીસ પુરશ્ચરણ કર્યા, પરંતુ અર્થપ્રાપ્તિ ન થઈ, તેથી કંટાળી તેમણે સંન્યાસ લીધો. તે વખતે તેમને ગાયત્રી માતાનાં દર્શન થયાં. ગાયત્રી માતાએ કહ્યું, માગ, માગ, તારા ઉપર પ્રસન્ન છું. વિદ્યારણ્ય સ્વામી ગાયત્રી માતાને કહે છે, માતાજી, જ્યારે જરૂર હતી ત્યારે તમે મારા પર કેમ પ્રસન્ન ન થયાં? ગાયત્રી માતા કહે છે,તું જ પાછળ જો!વિદ્યારણ્ય સ્વામીએ પાછળું જોયું તો તેમણે ચોવીસ પહાડોને બળતા જોયા. માતાજીએ કહ્યું, તારાં અનેક જન્મોનાં પાપો તપ શ્ચર્યાથી બળી રહ્યાં છે. ચોવીસ પર્વતો જેટલાં તારાં પાપો નો ક્ષય થયો એટલે હું તરત આવી જ્યાં સુધી પાપનો ક્ષય ન થાય અને જીવ શુદ્ધ ન થાય, ત્યાં સુધી મારાં દર્શન થતાં નથી. વિદ્યારણ્ય કહે, માતાજી, હું શુદ્ધ થયો છું. મારે હવે કાંઈ માગવું નથી. તે પછી તેમણે પંચદશી નામના વેદાંતનો ઉત્તમ ગ્રંથ લખ્યો. પ્રચેતાઓને ભગવાન નારાયણનાં દર્શન થયાં. નારાયણે આજ્ઞા કરી કે, તમે લગ્ન કરો. આ જીવાત્મા અનેક જન્મોથી કામવાસના ભોગવતો આવ્યો છે. તે કામસુખની સૂક્ષ્મ વાસના લગ્નથી દૂર થાય છે. ગૃહસ્થાશ્રમનું વાતાવરણ એવું છે કે, વિષમતા કર્યા વગર ચાલતું નથી. જે એક આસને ન બેસીને રોજ ત્રણ કલાક ભાગવત સ્મરણ કરે તેને ભગવાન પાપ કરતાં અટકાવે છે. ભગવાન તમારી પાસે સંપત્તિ માગતા નથી, પણ સમય માગે છે. તેમને માટે સમય કાઢવો જોઈએ. પાપ કરતાં મનને ખટકો લાગે, તો સમજવું કે પ્રભુની પૂર્ણ કૃપા થઈ છે. પાપ ન કરો એ જ મહાન પુણ્ય છે. પાપની મા છે મમતા અને બાપ છે લોભ. તેનો ત્યાગ કરજો. પ્રભુસેવામાં જગત સેવા છે.પ્રભુસેવા વગર દેશસેવા પણ સફળ થશે નહીં.માટે રઘુનાથની કૃપા મેળવવા હંમેશા પ્રયત્ન કરવો,કારણ આકાશમાં જેટલા તારા છે એટલા દુશ્મનો હશે તો પણ રામજીની કૃપાથી મારો વાળ વાંકો નહીં થાય.



# નગમા મોરારજીના એક નહીં ત્રણ પરણેલા હીરો સાથે અફેર

## ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન સૌરવ ગાંગુલી સાથે પણ નગમાના પ્રેમની ચર્ચાઓ થઇ, તે બાદ પણ નગમાએ લગ્ન ન કર્યા

બોલિવૂડને દરેક દશકમાં અનેક સ્ટાર્સ મળે છે. પરંતુ ૯૦નો દશકો હિન્દી સિનેમા માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. ૯૦ના દશકમાં બોલિવૂડને ઘણા નવા એક્ટર્સ મળ્યા. જેમાંથી ઘણા આજે સુપરસ્ટાર્સ બની ગયાં છે. શાહરૂખ ખાનથી લઈને અજય દેવગણ અને અક્ષય કુમાર જેવા એક્ટર્સે ૯૦ના દશકમાં જ પોતાના કરિયરની શરૂઆત કરી હતી. આ દોરમાં બોલિવૂડને એક ખૂબસૂરત હસીના પણ મળી. આ હસીનાએ પોતાના હુસ્નનો જલવો બતાવ્યો અને લાખો દિલો પર રાજ કર્યુ. સલમાન ખાનથી લઈને અજય દેવગણ અને રજનીકાંત જેવા ઘણા સુપરસ્ટાર્સ સાથે સ્ક્રીન પર રોમાન્સ કર્યો. આ હસીનાનું નામ છે 'નગમા'. નગમાએ બોલિવૂડ, સાઉથ અને ભોજપુરી સિનેમામાં આશરે ૮૧થી વધારે ફિલ્મોમાં કામ કર્યુ અને પોતાની ધૂંઆધાર એક્ટિંગથી સ્ક્રીન પર ઘણા કેરેક્ટર્સમાં પ્રાણ પૂર્યા. પરંતુ નગમા પોતાના કરિયર કરતાં પોતાની પર્સનલ લાઈફ માટે વધુ ચર્ચામાં રહી. નગમાનું પોતાના ફિલ્મી કરિયર દરમિયાન ૩ પરીણિત હીરો સાથે અફેર ખૂબ ચર્ચાયું. આ ઉપરાંત ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન સૌરવ ગાંગુલી સાથે પણ નગમાના પ્રેમની ચર્ચાઓ થઈ. તે બાદ પણ નગમાએ લગ્ન ન કર્યા. આજે પણ ૪૯ વર્ષની ઉંમરે નગમા એકલવાયું જીવન જીવી રહી છે. નગમાએ ગ્લેમરની દુનિયામાં લાંબા સમય સુધી રાજ કર્યા બાદ અચાનક જ ફિલ્મ ઈન્ડસ્ટ્રીને અલવિદા કહી દીધુંય હવે નગમા રાજકારણની દુનિયામાં સક્રિય છે. નગમા કોંગ્રેસ પાર્ટીની સભ્ય છે અને ઘણીવાર રાજકારણના કાર્યક્રમોમાં સામેલ થાય છે. ૨૫ ડિસેમ્બર ૧૯૭૪ના રોજ મુંબઈમાં જન્મેલી નગમાનું પૂરુ નામ નંદિતા મોરારજી છે. નગમાના પિતા અરવિંદ પ્રતાપસિંહ મોરારજી શાહી પરિવાર સાથે સંબંધ ધરાવતા હતાં. આ કારણે રાજકુમારી નગમાનું બાળપણ પણ ખૂબ જ વૈભવી હતું. તે બાદ નગમા જ્યારે મોટી થઈ તો તેણે ફિલ્મોમાં કામ કરવાનો નિર્ણય લીધો. નગમા જ્યારે ૧૬ વર્ષની હતી, ત્યારે તેને સલમાન ખાન સાથે ફિલ્મ મળી ગઈ. વર્ષ ૧૯૯૦માં 'બાગીઃ અ રેબેલ ફોર લવ'થી નગમાએ પોતાના કરિયરની શરૂઆત કરી હતી. આ ફિલ્મ બાદ નગમા માટે ફિલ્મોની લાઈન લાગી ગઈ. તે પછી એક ધર્માત્મા, કિલર, પુલિસ ઔર મુઝરિમ, યલગાર, અશ્વમેઘમ જેવી ફિલ્મોમાં પોતાની એક્ટિંગનો જલવો વિખેર્યો. ૧૯૯૦માં બોલિવૂડ બાદ નગમાએ સાઉથ ફિલ્મોમાં કામ કરવાનું શરૂ કર્યુ અને ૨૦૦૦ના દશક સુધી ડઝનેક ફિલ્મો કરી નાંખી. આ ઉપરાંત સાઉથ તમિલ ઈન્ડસ્ટ્રીની હિરોઈન નંબર ૧ પણ બની ગઈ. વર્ષ ૨૦૦૦માં નગમા પોતાની પર્સનલ લાઈફના કારણે ચર્ચામાં આવી. નગમાના અફેરની ચર્ચા ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર બેટ્સમેન સૌરવ ગાંગુલી સાથે થવા લાગી. બંનેના ડેટિંગની અફવાઓએ જોર પકડ્યું. આ દરમિયાન સૌરવ ગાંગુલી પહેલાંથી જ પરણેલા હતાં. જ્યારે ભારતીય ટીમ હારતી ત્યારે લોકો નગમાને તેના માટે જવાબદાર ઠેરવતાં. તેને લઈને નગમાએ પણ ખુલ્લાઆમ નિવેદનો આપવાનું શરૂ કર્યુ. પરંતુ થોડા વર્ષો બાદ નગમાએ ભોજપુરી ઈન્ડસ્ટ્રીમાં એન્ટ્રી કરી. અહીં પણ નગમાને ફેન્સે ખુલ્લા દિલે આવકારી અને થોડી જ ફિલ્મો કર્યા બાદ સ્ટાર બની ગઈ. વર્ષ ૨૦૦૫માં ભોજપુરી ફિલ્મ 'દુલ્હા મિલઈલ દમદાર' ફિલ્મમાં નગમાએ રવિ કિશન સાથે કામ કર્યુ. આ ફિલ્મ દરમિયાન નગમાનું નામ રવિ કિશન સાથે જોડાયું.



### સમાચાર વાયરલ થયાં જેણે બધાના હોશ ઉડાવ્યા

# મુનમુન દત્તાની રાજ અનડકટ સાથે ખરેખર થઇ ગઇ સગાઇ?

તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા સ્ટારર 'બબીતા જી' એટલે કે મુનમુન દત્તા અને 'જેઠાલાલ'ના દીકરો ટપ્પૂનું પાત્ર ભજવનાર રાજ અનડકટને લઈને સમાચાર આવ્યાં કે બંનેએ પરિવારની હાજરીમાં સગાઈ કરી લીધી છે અને જલ્દી જ બંને લગ્નના બંધનમાં પણ બંધાઈ જશે. આ સમાચાર આગની જેમ ઈન્ડસ્ટ્રીમાં ફેલાઈ ગયાં તો ૩૬ વર્ષની મુનમુન દત્તા સાથે પોતાના સંબંધોને લઈને રાજ અનડકટે મૌન તોડ્યું છે. તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા શોના ટપ્પૂ એટલે કે રાજ અનડકટ અને એક્ટ્રેસ મુનમુન દત્તાના લવ અફેરની ચર્ચાએ ફરી એકવાર જોર પકડ્યું જ્યારે તેમને લઈને એવા સમાચાર આવ્યાં કે, બંનેએ પરિવારની મંજૂરીથી સગાઈ કરી લીધી છે. સોશિયલ મીડિયા પર એક સમાચાર એવા વહેતાં થયાં, જેણે સૌ કોઈના હોશ ઉડાવી દીધાં. આ સમાચાર પર મૌન તોડતાં રાજ અનડકટે મૌન તોડીને હકીકત બધાની સામે લાવી છે. મુનમુન દત્તા અને રાજ અનડકટના ડેટિંગના સમાચાર વર્ષ ૨૦૨૧માં પહેલીવાર સામે આવ્યા હતા, થોડા દિવસો બાદ રાજ અનડકટ શો 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ને અલવિદા કહી દીધું હતું. ૧૩ માર્ચે તેમની સગાઈના સમાચાર વાયરલ થયા હતા. આ સાંભળીને ફેન્સ પણ એક ક્ષણ માટે ચોંકી ગયા. જ્યારે ફેન્સ હકીકત જાણવા માંગતા હતા, ત્યારે માત્ર રાજ અનડકટે જ નહીં પરંતુ મુનમુન દત્તાએ પણ આ મામલે મૌન તોડ્યું હતું. એક્ટર રાજ અનડકટે મુનમુન દત્તા સાથેની સગાઈના સમાચાર પર રિએક્શન આપતા ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરી અને લખ્યું - 'હેલો, ફક્ત એક વાતની સ્પષ્ટતા કરવા માટે, તમે સોશિયલ મીડિયા પર જે સમાચાર જોઈ રહ્યા છો તે ખોટા અને પાયાવિહોણા છે. મુનમુન દત્તાની ટીમે પણ આ સમાચારને નકારી કાઢ્યા હતા. એક્ટ્રેસની ટીમે કહ્યું કે સગાઈ સંબંધિત જે પણ સમાચારો સામે આવી રહ્યા છે તે માત્ર એક અફવા છે અને સંપૂર્ણપણે ખોટા છે. મુનમુને એક ઈન્સ્ટા સ્ટોરી પણ શેર કરી હતી, જેમાં તેણે કહ્યું હતું કે ફેક ન્યૂઝ તો ચાલતી રહેશે. ખરેખર, એક સમાચાર વાયરલ થયા હતા.




# શૈતાન કરતાં પણ ખતરનાક છે આગામી ફિલ્મ



## હિન્દી બોક્સ ઓફિસ પર અજય દેવગણ, આર માધવન અને સાઉથ એક્ટ્રેસ જ્યોતિકા સ્ટારર શૈતાન ધૂમ મચાવી રહી છે



ગામી એક એડવેન્ચર થ્રિલર ફિલ્મ છે, જે માઈથોલોજીના રેફરન્સ પર આધારિત છે. આમાં પોતાના અસ્તિત્વને શોધતા એક વ્યક્તિની જર્ની અને તે કેવી રીતે અઘોરીઓની વચ્ચે જાય છે તે બતાવવામાં આવ્યું છે. તેમાંથી વ્યક્તિ પોતાના જીવનમાં અસ્તિત્વ અને સત્યની શોધમાં વ્યસ્ત થઈ જાય છે. તે તે વ્યક્તિને હિમાલય જવાની સલાહ આપે છે. આ પછી આ જર્નીમાં અનેક ટ્વિસ્ટ અને ટર્ન્સ જોવા મળે છે. ગામી ૮ માર્ચે સિનેમાઘરોમાં રિલીઝ થઈ છે. સાઉથની સાથે-સાથે અમેરિકન બોક્સ ઓફિસ પર ફિલ્મનો ડંકો વાગી રહ્યો છે. ફિલ્મે એક દિવસ પહેલા એટલે કે ત્રણ દિવસમાં ૨૦.૩ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યુ છે. શૈતાન સાથે બોક્સ ઓફિસ પર રિલીઝ થયેલી આ થ્રિલર ફિલ્મે પહેલા દિવસે ૯ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યુ હતું.

તેણે પહેલા જ દિવસે પોતાના બજેટ કરતાં ત્રણ ગણી કમાણી કરી છે. ફિલ્મમાં વિશ્વાક સેને લીડ રોલ નિભાવ્યો છે. ગામીને વિદ્યાધર કગિતાએ ડાયરેક્ટ કરી છે. ડાયરેક્ટર તરીકે આ તેમની પહેલી ફિલ્મ છે. તમને જાણીને નવાઈ લાગશે કે આ ફિલ્મ ૩ કરોડ રૂપિયાના બજેટમાં બની છે. તેને બનવામાં પૂરા ૬ વર્ષ લાગ્યા છે. આ ફિલ્મ વિશ્વાસ સેનના કરિયરની સૌથી મોટી હિટ માનવામાં આવી રહી છે.

અમેરિકામાં 'ગામી' સ્ક્રીનની સંખ્યા દિવસે ને દિવસે વધતી જઈ રહી છે. આ ફિલ્મની ટક્કરમાં રિલીઝ થયેલી ગોપીચંદની 'ભીમા' પણ બોક્સ ઓફિસ પર ફ્લોપ સાબિત થઈ. ગામી વિઝુઅલ ટ્રીટ ફેન્સ અને ઓડિયન્સને ખૂબ જ ઈમ્પ્રેસ કરી રહી છે. તે કોઈ હોલિવૂડ ફિલ્મના ટક્કરની મૂવી છે. તેનું ટ્રેલર જોઈને જ લાગે છે કે તેને બનાવવામાં ઘણી મહેનત લાગી છે. ફિલ્મની અપાર સફળતાને જોતાં વિશ્વાકે ખુશી વ્યક્ત કરી છે.

### ન્યાસા ડિટ્ટો કાજોલની કોપી છે

# અજયની દેવગન દીકરી ન્યાસા ચર્ચિત સ્ટારકિડ્સમાંથી એક છે

## ન્યાસા દેવગન ગોલ્ડન કલરના લહેંગામાં મસ્ત લાગી રહી છે, આ તસવીરો પર ફેન્સ કોમેન્ટ્સ કરી રહ્યા છે





બોલિવૂડ સુપર સ્ટાર અજય દેવગનની દીકરી ન્યાસા દેવગન ચર્ચિત સ્ટારકિડ્સમાંથી એક છે. ન્યાસા દેવગનની તસવીરો ઈન્સ્ટાગ્રામ પર વાયરલ થઈ રહી છે. ન્યાસા દેવગન ૨૦ વર્ષની થઈ ગઈ છે. કાજોલ અને અજય દેવગનની ન્યાસાની ખૂબસુરત તસવીરો ઈન્ટરનેટ પર વાયરલ થઈ રહી છે. આ તસવીરોમાં ન્યાસા સુપર ક્યૂટ લાગી રહી છે. અદાકારની આ તસવીરો પર ફેન્સ અનેક પ્રકારની કોમેન્ટ્સ કરી રહ્યા છે. ન્યાસા દેવગન આ તસવીરો સોશિયલ મિડીયામાં વાયરલ થઈ રહી છે. આ તસવીરો ન્યાસા દેવગનની એક ફેન એકાઉન્ટે શેર કરી છે જેમાં ન્યાસા દેવગન મસ્ત લાગી રહી છે. આ તસવીરોમાં ન્યાસાને જોઈને તમે ફિદા થઈ જશો. આ તસવીરો તમે એક વાર જોશો તો વારંવાર જોવાનું મન થાય એવી છે. આ તસવીરોમાં ન્યાસા હિંચકામાં બેસેલી જોવા મળી રહી છે. હિંચકામાં ન્યાસા મસ્ત લાગી રહી છે. ન્યાસા દેવગનની આ તસવીરો જોઈને એક યુઝર્સે કોમેન્ટ કરી છે કે બિલકુલ કાજોલની ફીચર છે, જ્યારે અનેક લોકોએ એને નાની કાજેલ કહ્યુ છે. કાજોલ અને અજય દેવગનની દીકરી ન્યાસા દેવગનની આ તસવીર અનંત અંબાણીના પ્રી-વેડિંગ બેશની છે, જ્યાં સુપર સ્ટાર અજય દેવગન ફેમિલી સાથે પહોંચ્યો હતો. ન્યાસાની એક-એક તસવીરો જોઈને તમે ફિદા થઈ જશો. ન્યાસાની આ તસવીરો તમે જોતા રહી જશો. ન્યાસાની સુંદરતા જોઈને તમે ફિદા થઈ જશો. આમ, વાત કરવામાં આવે તો ન્યાસાનું ટ્રાન્સફોર્મેશન લોકોને એક સમયે ખૂબ પસંદ પડ્યુ હતુ. ભારતીય પોશાકમાં અજયની દીકરી ન્યાસા સુંદર લાગી રહી છે. પોતાનો લુક કમ્પ્લીટ કરવા માટે ન્યાસા દેવગને ગળામાં એકદમ હેવી સેટ પહેર્યો છે. આ સાથે કાનમાં ઈયરરિંગ્સ પણ પહેરી છે. આ જ્વેલરી ન્યાસાના લુકમાં ચાર ચાંદ લગાવે છે. લુકને પરફેક્ટ કરવા માટે ન્યાસાએ મેક અપ અને લિપસ્ટિક કરી છે. આ લિપસ્ટિક અને મેક અપ વધારે હાઈ ના હોવાથી ફેસ મસ્ત લાગી રહ્યો છે. ડિપનેક બ્લાઉઝ ન્યાસાની હોટનેસમાં વધારો કરે છે.

# 'એ વતન મેરે વતન નામની ફિલ્મમાં જોવા મળશે, તેનો લુક એકદમ સિમ્પલ જોવા મળશે

### આ પર્સ સારાના ફેન્સનું ધ્યાન ખેંચી રહ્યા છે

## સારા ખાને સાડીની સાથે-સાથે ઇયરરિંગ્સ પણ મસ્ત પહેરી છે, આ ઇયરિંગ્સ લોકોને ખૂબ પસંદ પડી રહી છે

સારા અલી ખાન આ દિવસોમાં ફિલ્મ એ વતન મેરે વતનને લઈને ખૂબ ચર્ચામાં છે. સારા અલી ખાનની આ ફિલ્મને લઈને અનેક પ્રકારની અપડેટ સામે આવી છે. આ વચ્ચે સારા અલી ખાને લેટેસ્ટ તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં સારા અલી ખાનનો દેશી અવતાર જોવા મળી રહ્યો છે. આ નવા લુકને ફેન્સ પસંદ કરી રહ્યા છે. સારાનો આ નવો લુક છવાઈ ગયો છે. સારા અલી ખાને કેટલીક તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં સારાએ રંગબેરંગી સાડી પહેરી છે. આ લુક ઈન્ટરનેટ પર આવતાની સાથે છવાઈ ગયો છે. આ વાયરલ તસવીરો પર ફેન્સ જાતજાતની કોમેન્ટ્સ કરી રહ્યા છે. એક્ટ્રેસ આ દેસી લુકમાં મસ્ત લાગી રહી છે. સારા અલી ખાને સાડીની સાથે-સાથે ઈયરરિંગ્સ પણ મસ્ત પહેરી છે. આ ઈયરિંગ્સ લોકોને ખૂબ પસંદ પડી રહી છે. સાડીમાં સારાએ પોતાનો લુક કમ્પ્લીટ કરવા માટે વાળ ખુલ્લા રાખ્યા છે. આ ખુલ્લા વાળે લોકોનું દિલ જીતી લીધુ છે. સારાની આ તસવીરો તમે એક વાર જોશો તો વારંવાર જોવાનું મન થશે. આ લુકની સાથે-સાથે એનું પ ર્સ પણ લોકોનું ધ્યાન ખેંચે એવુ છે. આ પર્સ સારાના ફેન્સનું ધ્યાન ખેંચી રહ્યા છે. પર્સ એકદમ યુનિક છે. જ્યારે ફોટો ક્લિક કરે છે ત્યારે સારા મસ્ત સ્માઈલ પણ આપી રહી છે. આ સ્માઈલ એની સુંદરતામાં ચાર ચાંદ લગાવે છે. બોલિવૂડ એક્ટ્રેસ સારા અલી ખાન હવે પોતાની આગામી ફિલ્મમાં એકદમ નવા અવતારમાં જોવા મળવાની છે. સારા જબરદસ્ત સ્ટાઈલ આઈકોન તરીકે જાણીતી છે. હવે તે 'એ વતન મેરે વતન નામની પિરિયડ ડ્રામા ફિલ્મમાં જોવા મળશે. જેમાં તેનો લુક એકદમ સિમ્પલ જોવા મળે છે.





# ધર્મેન્દ્રએ રાજકુમારનો કોલર જાહેરમાં પકડ્યો હતો

## રાજકુમારના અકડ સ્વભાવના કિસ્સા પણ ખૂબ ચર્ચામાં રહ્યા હતા, રૂપેરી પડદે તેમની ડાયલોગ ડિલિવરી જોરદાર

ધર્મેન્દ્ર એક શાનદાર એક્ટરની સાથે એક ખૂબ સારા માણસ પણ છે. ધર્મેન્દ્ર વિશાળ મનના માણસ છે. તેઓ તેમના ફિલ્મી સેટના ઘણા કિસ્સાઓને લઈને હેડલાઈન્સમાં રહ્યા છે. પરંતુ તેમને ખૂબ જ નજીકથી જાણતા લોકો એ પણ જાને છે કે તેમનો ગુસ્સો ખૂબ જ ખરાબ છે. આમ તો ધર્મેન્દ્ર તેમના સિનિયર્સ સામે ખરાબ વર્તાવ કરે તેવા નથી, પરંતુ ઈન્ડસ્ટ્રીમાં એક એવા સ્ટાર હતા, જે ધર્મેન્દ્રના સિનિયર હતા અને બંને વચ્ચે ૩૬નો આંકડો હતો. આ એક્ટર બીજું કોઈ નહીં પણ રાજકુમાર હતા. જાની એટલે કે રાજકુમારના અકડ સ્વભાવના કિસ્સા પણ ખૂબ જ ચર્ચામાં રહ્યા હતા. રૂપેરી પડદે તેમની ડાયલોગ ડિલિવરી જોરદાર હતી. રાજ કુમાર કોઈનું અપમાન કરવામાં શરમાતા ન હતા. તેઓ લોકોનું અપમાન કરતી વખતે હસતા હતા અને અન્ય લોકો લોહીના આંસુ રડતા હતા. આવી જ એક ઘટના જ્યારે ધર્મેન્દ્ર નવા-નવા એક્ટર બન્યા અને રાજ કુમાર સાથે ફિલ્મી પડદે આવવાના હતા ત્યારે બની હતી. વર્ષ ૧૯૬૫માં એક ફિલ્મ આવી કાજલ. આ ફિલ્મમાં ધર્મેન્દ્ર અને રાજકુમાર સાથે મીના કુમારી કામ કરી રહી હતી. આ ફિલ્મના શૂટિંગના પહેલા દિવસે ડાયરેક્ટરે ધર્મેન્દ્રનો પરિચય રાજકુમાર સાથે કરાવ્યો હતો. આ દરમિયાન રાજકુમારે ધર્મેન્દ્ર તરફ જોઈને એવી વાત કહી, જેના કારણે ધર્મેન્દ્ર ગુસ્સાથી લાલ થઈ ગયા. ધર્મેન્દ્રએ વિચાર્યું કે રાજકુમાર તેમને પોતાના વિશે પૂછશે અથવા ઈન્ડસ્ટ્રી વિશે થોડું જ્ઞાન આપશે, પરંતુ એવું ન થયું. રાજકુમારે ધર્મેન્દ્ર તરફ જોયું અને ડાયરેક્ટરને કહ્યું, 'આવા પહેલવાનને તમે ક્યાંથી લાવો છો, આ તો એવું લાગી રહ્યું છે કે તે પહેલવાનીના મેદાનમાંથી સીધો અહીં પહોંચ્યો છે. ડાયરેક્ટર સાહબ, તેની પાસે કુશ્તી કરાવશો કે એક્ટિંગ. આટલું કહીને તેમણે ફરી ધર્મેન્દ્ર સામે જોયું અને જોરથી હસવા લાગ્યા. રાજકુમારની આ હરકતથી ધર્મેન્દ્ર ગુસ્સે થઈ ગયા અને તેમણે રાજકુમારનો કોલર પકડી લીધો હતો. મામલો એટલો વધી ગયો કે ડિરેક્ટરે વચ્ચે પડવું પડ્યું.



ધર્મેન્દ્રએ કોલર પકડતાં રાજકુમાર પણ ગુસ્સે થઈ ગયા અને સેટ છોડીને ઘરે જતા રહ્યા. બધા જાણતા હતા કે રાજકુમારનો ગુસ્સો કેટલો ખરાબ હતો. જેથી મેકર્સ ગભરાઈ ગયા, કારણ કે ઈન્ડસ્ટ્રીમાં તેમનું નામ ખૂબ મોટું હતું. જ્યારે મેકર્સે ફિલ્મ પૂરી કરવા માટે મેકર્સ રાજકુમાર પાસે પહોંચ્યા, તો તેમણે મેકર્સ સામે એક શરત મૂકી. તેમણે કહ્યું, 'હું ત્યારે જ પાછો આવીશ, જ્યારે ધર્મેન્દ્ર જાહેરમાં માફી માંગશે અને હું ધર્મેન્દ્ર સાથે ફિલ્મનો એક પણ સીન શૂટ નહીં કરું.'

### તેજસ્વી પ્રકાશનો ફેન વર્ગ બહુ મોટો છે

# ઇન્સ્ટાગ્રામ પર ૭ મિલિયનથી પણ વધારે લોકો ફોલો કરે છે

એક્ટ્રેસ તેજસ્વી પ્રકાશ ટીવીમાં પોતાની દમદાર એક્ટિંગની સાથે-સાથે ક્યૂટનેસ માટે જાણીતી છે. એક્ટ્રેસનો અંદાજ ફેન્સને ફિદા કરી દે એવો હોય છે. એક્ટ્રેસની એક-એક તસવીરો પર ફેન્સ ફિદા થઈ જતા હોય છે. તેજસ્વી પ્રકાશ હંમેશા સોશિયલ મિડીયામાં તસવીરો શેર કરીને ફેન્સને ન્યૂ અપડેટ આપતી રહેતી હોય છે. હાલમાં એક્ટ્રેસની આ તસવીરો વાયુવેગે વાયરલ થઈ રહી છે. આ દિવસોમાં તેજસ્વી પ્રકાશ મેક્સિકોમાં છે, જ્યાંથી એક્ટ્રેસ અનેક ફોટો શેર કર્યા છે. નાગિન એક્ટ્રેસનો આ લુક હાલમાં ચર્ચાનો વિષય બન્યો છે. તેજસ્વી પ્રકાશે મેક્સિકોથી કેટલીક તસવીરો શેર કરી છે જેમાં એ હોટ લુકમાં જોવા મળી રહી છે. આ તસવીરોમાં તેજસ્વી સમુદ્ર કિનારે અને રસ્તા પર મસ્તી કરતી જોવા મળી રહી છે. તેજસ્વી પ્રકાશે આ તસવીરોમાં મલ્ટી કલરનો એક શોર્ટ ડ્રેસ પહેર્યો છે જેમાં સાઈડમાંથી એક કટ લાગેલો છે. આ ડ્રેસને તેજસ્વીએ બ્રાલેસ સ્ટાઈલમાં કેરી કર્યો છે જેમાં એક્ટ્રેસનો લુક બોલ્ડ જોવા મળી રહ્યો છે. એક્ટ્રેસ તેજસ્વી પ્રકાશનો ફેન વર્ગ બહુ મોટો છે. ઈન્સ્ટાગ્રામ ૭ મિલિયનથી પણ વધારે લોકો ફોલો કરે છે.



# સંતરામપુર તાલુકા ખાતે ગ્રુપ ગ્રામ પંચાયત છાયણનું લોકાર્પણ કરાયુ

## શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડિંડોરના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું


તસ્વીર : સંતોષ જોશી બ્યુરો ઈન ચીફ, સંતરામપુર

। (પ્રતિનિધી) સંતરામપુર, તા.૧૫ ।
મહિસાગર જિલ્લાના સંતરામપુર તાલુકા ખાતે આવેલ ગ્રુપ ગ્રામ પંચાયત છાયણનું આજે લોકાર્પણ કરવામાં આવ્યું જેમાં ડો. પ્રો. શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડિંડોર દ્વારા આ લોકાર્પણ કરવામાં આવ્યું હતું, સાથે સ્થાનિક લોકો સહિત છાયણ ગ્રુપ ગ્રામ પંચાયતના સભ્યોએ પણ હાજરી આપી હતી, જ્યારે શિક્ષણ મંત્રી કુબેરબાઈ ડિંડોરે ગુજરાત શિક્ષણને તા-કીદ કરતા જણાવ્યું હતું, કે, હાલમાં શિક્ષણને વધારે પ્રોત્સાહન આપવાની જરૂર છે પઠેગા ઈન્ડિયા તો બઠેગા ઈન્ડિયા, બેટી બચાવો બેટી પઢાવો જેવા નારાઓ સહિત પોતાના ભાષણને અંતિમ આલોપ આપ્યો હતો.

# "ડાંગ દરબાર" ને લઈને જિલ્લા વહીવટી તંત્રે હાથ ધરી કામગીરી



। (માહિતી) સુરત, તા.૧૫ ।
આગામી તા.૨૦ થી ૨૪ માર્ચ-૨૦૨૪ દરમિયાન આહવાના આંગણે યોજાનારા ભાતીગળ "ડાંગ દરબાર"ના લોકમેળાની આનુશાંગિક કામગીરી માટે, જિલ્લા વહીવટી તંત્રે તૈયારીઓ હાથ ધરી છે. દરમિયાન ડાંગ કલેક્ટર શ્રી મહેશ પટેલના વડપણ હેઠળ રચાયેલી જુદા જુદા વિભાગો/અધિકારીઓની કમિટિઓને સોપવામાં આવેલી વિવિધ કામગીરીની સમીક્ષા, નિવાસી અધિક કલેક્ટર શ્રી બી.બી.ચૌધરીએ હાથ ધરી હતી. ડાંગ જિલ્લા સેવા સદનના સભાખંડમાં યોજાયેલી બેઠકમાં શ્રી ચૌધરીએ જિલ્લાની મુખ્ય સંકલન સમિતિની કામગીરી સાથે સ્ટેજ-મંડપ અને બેઠક વ્યવસ્થા અને મહાનુભાવોના સ્વાગત માટેની સમિતિ, સાંસ્કૃતિ કાર્યકમો માટેની સમિતિ, સફાઈ અને સેનિટેશન સમિતિ, પીવાના પાણીની વ્યવસ્થા, મનોરંજન માટેના પ્લોટ અને વાણિજ્ય પ્લોટની ફાળવણી, ટ્રાફિક નિયમન, રાજવીશ્રીઓને ચૂકવાતા પોલિટિકલ પેન્શનના ચૂંકવણા, મહાનુભાવોના લાયઝનીંગ સહિત રહેવા-જમવાની વ્યવસ્થા, આપતિ વ્યવસ્થાપન, અને મેડિકલ સુવિધા જેવા મુદ્દે વિસ્તૃત ચર્ચા વિચારણા હાથ ધરી હતી. નિવાસી અધિક કલેક્ટર શ્રી બી.બી.ચૌધરીએ ચૂંટણીની સંભવિત આચાર સંહિતાને ધ્યાને લઈ, પરસ્પર સંકલન અને સહયોગ સાથે સૌને પોતાની કામગીરી હાથ ધરવા અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. બેઠકમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી હિરલ પટેલ, આહવાના પ્રાંત અધિકારીશ્રી સહિત જુદી જુદી સમિતિઓના અદયક્ષ, સભ્ય સચિવ, સમિતિ સભ્યો વિગેરેએ ઉપસ્થિત રહી ચર્ચામાં ભાગ લીધો હતો.


તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ મહીસાગર લુણાવાડા અને તાલુકા કાનૂની સેવા સમિતિ કડાણા અંતર્ગત આજરોજ કાનૂની શિક્ષણ શિબિર વાગડ વાળા જીજવા પ્રાથમિક શાળા મુકામે યોજવામાં આવી જેમાં શાળાના બાળકો આચાર્યશ્રી હરીશભાઈ એલ પટેલ અર્જુનભાઈ બારીયા વિપુલભાઈ સૌએ હાજરી આપી પી એલ વી શ્રી જોશી એ બાળકોને પોક્સો મહિલા સશક્તિકરણ યોજનાઓ વિધવા સહાય વાલી દિકરી યોજના વગેરે અંતર્ગત માહિતી આપી માહિતગાર કરાયા શિક્ષણની સાથે સાથે જીવનમાં ઈતર પ્રવૃત્તિઓ પણ જરૂરી છે તે અંગે વિગતવાર માહિતી આપી હતી પી એલ વી વિજયભાઈ પણ હાજર રહ્યા હતા.

# થરા કોલેજના સ્નાતક-અનુ સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ નો દીક્ષાન્ત અને પારિતોષિક વિતરણ સમારોહ યોજાયો

**"વેલણ નહી વલણ બદલો".. જૈન ગણિવર્ય**


તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૧૫ ।
કાંકરેજ તાલુકા કેળવણી મંડળ સંચાલિત શ્રી સેવંતીલાલ અમૃત લાલ સુરાણી વિધાસંકુલ શ્રીમતી કાન્તાબેન કીર્તિલાલ શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી લીલાવતીબેન બાપુ લાલ ગુંજારીયા કોમર્સ કોલેજ, થરા ના બી.એ.-બી.કોમ.સેમે-૬ અને એમ.એ.એમ.કોમ. સેમે-૪ ના વિદ્યાર્થીઓનો દીક્ષાન્ત અને પારિ તોષિક વિતરણ સમારોહ ગઈકાલે તા.૧૫/૩/૨૪ને શુક્રવારના રોજ સવારે કોલેજના પ્રાંગણમાં જૈના ચાર્ય જયસુંદર સૂરીશ્વરજી મ.સા. ના શિષ્ય ગણિવર્ય પ.પૂ. કરુણા દૃષ્ટિ વિ.મ.સા.ના મનનીય પ્રેરક પ્રવચન આશીર્વચન અને શ્રી કાંકરેજ તાલુકા કેળવણી મંડળ થરાના પ્રમુખ ધીરજકુમાર કે.શાહના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયો. આ પ્રસંગે કેળવણી મંડળના મંત્રી જીતુભાઈ ધાણધારા, પૂર્વ.પ્રિન્સી પાલ ડૉ. હેમરાજભાઈ પટેલ, કેળ વણી મંડળના કારોબારી સભ્યો પ્રિન્સીપાલ ડૉ. દિનેશ કુમાર એસ. ચારણ, પ્રો.ડૉ. ડી ડી ઝાલા, યશપાલસિંહ ટી.વાઘેલા, પ્રો.ડૉ. હરેશભાઈ દવે,પ્રો.ડૉ.આર આર. રોહિત,પ્રો.ડૉ.લાલજીભાઈ વણકર તથા સમગ્ર કોલેજ પરિવાર-થરા ઉપસ્થિત રહી શુભેચ્છા પાઠવી હતી.

સંચાલન ડો. મયંકભાઇ જોષીએ કરેલ.

# નવસારી જિલ્લાને મળી ૧૨મી મોબાઇલ વેટરનરી યુનિટની ભેટ

। (માહિતી) સુરત, તા.૧૫ ।
નવસારી જિલ્લા પંચાયતના પ્રાગણમાંથી ચીખલી તાલુકાના હોન્ડ ગામ માટે આજ રોજ કેન્દ્ર સરકાર પુરસ્કૃત ફંડમાંથી મોબાઈલ વેટરનરી યુનિટ (ફરતું પશુ દવાખાનું)નું લોકાર્પણ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી પરેશ ભાઈ દેસાઈના હસ્તે કરવામાં આવ્યું હતું. ગુજર-ાતમાં પશુ સારવાર માટે ભારત સરકારની યોજના હેઠળ હાલ મોબાઈલ વેટરીનરી યુનિટ કાર્યરત છે. જેને અનુલક્ષીને ગુજરાતના નવસારી જિલ્લા સહિત અમદાવાદ, ગાંધીનગર, છોટા ઉદેપુર, તાપી, નર્મદા, પંચમહાલ, બનાસકાંઠા, ભરુચ અને મહીસાગર જિલ્લામાં નવા મોબાઈલ વેટરીનરી યુનિટની ભેટ અપાઈ રહી છે. નોંધનિય છે કે, આ નવા મોબાઈલ વેટરનરી યુનિટ હોન્ડ ગામ સહિત આસપાસના ૧૦ ગામોમાં પોતાની સેવા આપશે. નવસારી જિલ્લામાં ૧૧ મોબાઈલ વેટરનરી યુનિટની સુવિધા ઉપલબ્ધ છે. આજરોજ લોકાર્પણ થયેલ આ મોબાઈલ વેટરનરી યુનિટ જિલ્લાની ૧૨મી મોબાઈલ વેટરનરી યુનિટ છે. આ પ્રસંગે જિલ્લા પંચાયત ઉપપ્રમુખ શ્રીમતી અંબાબેન મહાલા, નાયબ પશુ પાલન અધિકારી શ્રી ડો. એમ.સી.પટેલ, પ્રોજેક્ટ કોર્ડીનેટર નિરવ પ્રજાપતિ તથા મોબાઈલ વેટરનરી યુનિટના ડોક્ટરો અને પાયલોટો તમામ તાલુકાના પશુ ચિકિત્સકો સહિત વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ન્યુ પાર્થ એકલવ્ય વર્ગ સંજેલીમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની જન્મ દિવસની ઉજવણી પુસ્તક ભેટ આપીને કરવામાં આવી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૫ ।
સંજેલી તાલુકામાં આવેલ જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત ન્યુ પાર્થ એકલવ્ય તાલીમ વર્ગ સંજેલી કાર્યરત છે જેમાં ધોરણ ૫ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ પ્રવેશ પરીક્ષાની તૈયારી કરાવવામાં આવે છે. તમામ બાળકોને એકલવ્યના અભ્યાસ ક્રમ પ્રમાણે છેલ્લા ૧૮ વર્ષથી સંજેલી - મોરા - સુખસર તાલીમ કેન્દ્રો કાર્યરત છે.


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખશ્રી અને ન્યુ પાર્થ એકલવ્ય તાલીમ કેન્દ્રોના સંચાલક શ્રી દિલીપ કુમાર એચ મકવાણાએ તાલીમ વર્ગ ખાતે એકલવ્ય પ્રવેશ પરીક્ષાની તાલીમ મેળવી રહેલ વિદ્યાર્થિની જન્મ દિવસની ઉજવણી પુસ્તક ભેટ આપીને ઉજવણી કરવામાં આવી સાથે સાથે એકલવ્ય પરીક્ષામાં સારા માર્કસ સાથે ઉતીર્ણ થાય અને પ્રગતિના સોપાન સર કરે એવા શુભઆશિષ શ્રી દિલીપકુમાર મકવાણાએ આપ્યા હતા.. મોરા તાલીમ વર્ગના સંચાલક અશ્વિનભાઈ સંગાડા અને સુખસર તાલીમ કેન્દ્રના સંચાલક રાજુભાઈ મકવાણાએ પણ માધવી બેન ને જન્મ દિવસની હાર્દિક શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા હતા.

# વેલંજા ખાતે પ્રાથમિક શાળાનાં નવા ભવન અને રમતગમતના મેદાનનું ખાતમુહૂર્ત કરતા શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા

। (માહિતી) સુરત, તા.૧૫ ।
કામરેજ તાલુકાનાં વેલંજા ખાતે રૂ.૪ કરોડના ખર્ચે નિર્માણ થનાર ૨૫ વર્ગો ધરાવતી પ્રાથમિક શાળાના નવા ભવન તથા રમતગમતના મેદાનનું શિક્ષણ રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શિક્ષણ મંત્રીશ્રીએ કહ્યું હતું કે, શિક્ષણ એ સ્વપ્નો સાકાર કરવાનો ઉમદા રસ્તો છે. વેલંજા ખાતે નિર્માણ થનાર શાળા બાળકોના ઉજ્જવળ ભવિષ્યની કેડી કંડારશે. શિક્ષણ જીવનના પડકારો સામે લડવાની અને લક્ષ્યોને સિદ્ધ કરવાની દિશા આપે છે. શિક્ષણ બાળકના જીવન ઘડતરમાં ઉપયોગી થવા સાથે તેનામાં ઉત્તમ સર્જનશક્તિનું નિર્માણ કરે છે. આજના ટેક્નોલોજીના યુગમાં શિક્ષણ મેળવવાની ભાવના પ્રબળ બનેશે તો જ ભારતનું ભવિષ્ય ઉજ્જવળ બનશે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. વધુમાં મંત્રીશ્રીએ કહ્યું કે, શિક્ષિત દેશો જ વિકસિત બને છે. શિક્ષણથી સમાજની દિશા અને દશા બદલાય છે. શિક્ષિત વ્યક્તિ રાષ્ટ્ર વિકાસમાં વિશેષ યોગદાન આપવા સક્ષમ બને છે. તેમણે શિક્ષિત વ્યક્તિઓ કયારેય વ્યસની ન હોઈ શકે તેવી ટકોર કરી વ્યસનથી દૂર રહેવા શીખ આપી હતી. શ્રી પાનશેરીયાએ વધુમાં જણાવ્યું કે, રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા કન્યાઓ વિજ્ઞાન પ્રવાહમાં શિક્ષણ મેળવી ઉજ્જવળ કારકિર્દી ઘડે



અને ધો.૧૨ સુધી વિજ્ઞાન પ્રવાહનું શિક્ષણ પૂર્ણ કરે તેવા પ્રયાસો સરકાર કરી રહી છે, ત્યારે તાજેતરમાં અમલી કરેલી "નમો લક્ષ્મી" યોજના હેઠળ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની લાભાર્થી દીકરીઓને પોષણ અને આરોગ્ય માટે કુલ રૂ.૫૦,૦૦૦ સુધીની સહાય તેમજ "નમો સરસ્વતી વિજ્ઞાન સાધના" હેઠળ કન્યાઓને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ માટે કુલ મળીને રૂ.૨૫,૦૦૦ સુધીની સહાય કરવામાં આવશે. આ પ્રસંગે તા.પંચાયત પ્રમુખ રેખાબેન પટેલ, સરપંચ જીતુભાઈ, પ્રા.શાળાના આચાર્ય ભરતભાઈ ધાનાણી, પ્રજાપિતા બ્રહ્માકુમારીશ્રીના નિરૂદીદી, અગ્રણી રાહુલભાઈ, કાનજીદાદા, સુરેશભાઈ, ધર્મેશભાઈ, વિનુભાઈ સહિત કોર્પોરેટરો શાળાના શિક્ષકગણ, વિદ્યાર્થીઓ, વાલીઓ, સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# જાંબુઘોડા તાલુકાની સરકારી આર્ટસ અને સાયન્સ કોલેજ, નારૂકોટ ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

। (માહિતી) ગોધરા, તા.૧૫ ।
પંચમહાલ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી આશિષ કુમારના માર્ગદર્શન હેઠળ સ્વીપ નોડલ અને જિલ્લા શિક્ષણાધિકારી પંચમહાલની કચેરીના ગુણવંતભાઈ પટેલ તથા મામલતદાર જાંબુઘોડ-ાના નાયબ મામલતદારશ્રી ચિરાગભાઈની હાજરીમાં જાંબુઘોડા ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. સરકારી આર્ટસ અને સાયન્સ કોલેજ, નારૂકોટ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થીઓ ને મતદાન સબંધિત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત કોલેજના વિદ્યાર્થીઓને પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા આહવાન કરાયું હતું. આ સાથે સહ પરિવાર મતદાન કરે તે માટે સંકલ્પ લેવામાં આવ્યો હતો. સંકુલના વિદ્યાર્થીઓને આજના ડિજિટલ માધ્યમના ઉપયોગ દ્વારા ચૂંટણીકાર્ડ, મતદાર બુથ કેવી રીતે જાણી શકાય તે માટે માહિતીગાર કરવામાં આવ્યા હતા.

# ઝાલોદ નગરપાલિકાના કર્મચારીઓ દ્વારા અખિલ ગુજરાત નગરપાલિકા કર્મચારી મંડળના નેજાં હેઠળ પડતર પ્રશ્નો પૂરા કરવા રજૂઆત કરાઈ

## ચુંટણી બહિષ્કાર તેમજ માસ સીએલ મૂકી ગાંધીનગર મુકામે ધરણા પ્રદર્શનની ચીમકી ઉચ્ચારાઇ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૫ ।
અખિલ ગુજરાત નગર પાલિકા કર્મચારી મહામંડળના નેજાં હેઠળ ઝાલોદ નગર પાલિકાના કર્મચારીઓ દ્વારા ચીફ ઓફિસરને પોતાના પડતર પ્રશ્નો પૂરા કરવા માટે એક આવેદનપત્ર આપવામાં આવેલ હતું. ચીફ ઓફિસર હાજર ન હોવાથી આ આવેદન પત્ર ઓફિસ નિરીક્ષકને આપવામાં આવેલ હતું. સરકારને ૦૭-૦૩-૨૦૨૪ ના રોજ છેલ્લું આવેદનપ ત્ર આપવામા આવેલ હતું તેમાં નગરપાલિકાના કર્મચારીઓની માંગણીઓની સતત અવગણના થઈ રહેલ હોવાનું લાગી રહેલ છે. કર્મચારી મંડળો દ્વારા ચુંટણીનો બહિષ્કાર કરી મતદાનના દિવસે કોઈ પણ કર્મચારીઓ કે તેમના પરિવાર મતદાન નહીં કરે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવેલ હતી.


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

કર્મચારીઓના પડતર પ્રશ્નોનુ નિરાકરણ ન આવતા ન છુટકે ગાંધીનગર ખાતે ધરણા પ્રદર્શનની પણ ચીમકી ઉચ્ચારવામા આવેલ હતી. પંચાયત વિભાગ અને મહાનગરપાલિકાઓને સરકાર તરફથી મળતા તમામ લાભ મળે છે તો નગરપાલિકા કર્મચારીઓને બધા લાભ કેમ આપવામાં નથી આવતા તેવી માંગ કરાયેલ છે. કર્મચારીઓ દ્વારા હંગામી કર્મચારીઓને ને કાયમી કરવા, જુની પેન્શન યોજના અમલ કરવા, પ્રમોશન આપવા, ખાલી જગ્યાઓ ભરવા, તબીબી-ઘરભાડા-સ્થાનિક રકમ-જુથવીમા રક્ષણની રકમમા વધારો કરવા જેવી અનેક પડતર માંગણીઓ કરેલ છે જે પૂરી કરવા કર્મચારીઓ દ્વારા માંગ કરેલ છે. નગરપાલિકા કર્મચારીઓની સતત અવગણના કરી તેમના પ્રશ્નોનુ નિરાકરણ ન આવે તો આ આંદોલનને આગામી દિવસોમાં વધુ ઉગ્ર રૂપે કરવામા આવનાર છે. જો લેખિત આપેલ આવેદન પત્ર મુજબ માંગ પૂરી કરવામાં નહીં આવે તો આગામી ૨૩-૦૩-૨૦૨૪ ના રોજ ગાંધીનગર ખાતે ધરણા કાર્યક્રમ કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવેલ છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. આજના દિવસને ખાસ બનાવવા માટે તમારા પ રિવાર સાથે સાંજે કેન્ડલ લાઈટ ડીનર માણો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે ભાગ્ય પર આધાર ન રાખો અને તમારૂં સ્વાસ્થ્ય સુધારવાના પ્રાયાસ કરો કેમ કે નસીબ એવી આળસું દેવી છે જે ક્યારેય તમારી પાસે નહીં આવે. માતા અથવા પિતા ની સેહત પર આજ તમારે વધારે ધન ખર્ચ કરવું પડી શકે છે. આનાથી તમારી આર્થિક સ્થિતિ બગડશે પરંતુ સંબંધો માં મજબૂતી આવશે? તમારી પાસેના ફાજલ સમયનો લાભ તમારા પરિવારના સભ્યોની મદદ કરવા માટે લો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે, જોકે આ સમયે તમને ધન કરતા પોતાન સ્વાસ્થ્ય પર વધારે ધ્યાન આપવું જોઈએ? પરિવારના સભ્યો સાથેના સામાજિક મેળાવડા બધાને સારા મૂડમાં રાખશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. હિંમત હારતા નહીં-નિષ્ફળતા કુદરતી બાબત છે અને આ જ જીવનની સુંદરતા છે. આજે તમે તમારો મફત સમય તમારી માતા ની સેવા માં ખર્ચવા માંગતા હો, પરંતુ પ્રસંગે કેટલાક કામ ને કારણે તે શક્ય નહીં બને.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે કશુંક કરવાની તમારી અનિચ્છા તમને લાગણીશીલ તથા માનસિક અભિગમનો શિકાર બનાવશે. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. બાળકો તમારી માટે દિવસ મુશ્કેલ બનાવી શકે છે. તેમનો રસ જળવાઈ રહે તે માટે પ્રેમનો ઉપયોગ શસ્ત્ર તરીકે કરો અને બિનજરૂરી તાણ ટાળો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. તમારી મહત્વાકાંક્ષા વિશે મોટી વયની વ્યક્તિને જણાવો તેઓ તમારી મદદ કરવા પોતાનાથી બનતા તમામ પ્રયત્નો કરશે. તમારા પ્રિયપાત્રના સાથ વગર તમને ખાલી-ખાલી લાગશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે વણજોઈતા વિચારો તમારા મગજમાં સ્થાન જમાવશે. તમારી જાતને શારરિક વ્યાયામમાં વ્યસ્ત રાખવાનો પ્રયાસ કરજો કારણ કે ખાલી મગજ એ શેતાનનું કારખાનું છે. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે. તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. તમે જેને ઓળખો છો એવી કોઈ વ્યક્તિ આર્થિક બાબતને લઈને વધુ પડતી પ્રતિક્રિયા આપશે, જેને કારણે ઘરમાં બેચેનીનું વાતાવરણ જામશે. તમારો સાથી તમારા વિશે સારો વિચાર કરે છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. વગર વિચાર્યે પોતાના પૈસા કોઈને પણ ના આપવા જોઈએ નહીંતર આવનારા સમય માં તકલીફ થયી શકે છે. પૈતૃક સંપત્તિમાં વારસાના સમાચાર તમારા આખા પરિવારને ખુશખુશાલ કરી મુકશે. તમારા રોમેન્ટિક અભિપ્રાયોને જાહેર ન કરો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. રહેવાના સ્થળમાં પરિવર્તન ખાસ્સું મંગલકારી પુરવાર થશે. તમારા પ્રિયપાત્રનું વિચિત્ર વર્તન તમારો રોમેન્ટિક દિવસ બગાડી નાખશે. તમારા શરીર ને સુધારવા માટે, તમે આજે પણ ઘણી વાર વિચારશો.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. આ રાશિ ના અમુક લોકો ને ભૂમિ સંબંધિત બાબતો માં ધન ખર્ચ કરવું પડી શકે છે. લોકો તમને નવી આશાઓ તથા સપનાં આપશે-પણ તમારા પોતાના પ્રયત્નો પર ઘણું બધું અવલંબશે. તમારો પ્રેમ એક નવી ઊંચાઈએ પહોંચશે. તમારો દિવસ તમારા પ્રિયપાત્રના હાસ્ય સાથે શરૂ થશે તથા તેનો અંત એકમેકના સપનાંમાં થશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે પરંતુ આ વાત ને લયીને ચિંતિત થવા ની જરૂર નથી કેમકે ધન આ માટે સંચિત કરવા માં આવે છે કે ખરાબ સમય માં તે તમારા કામ આવી શકે.

# નીતા અંબાણીએ વધાર્યો મુંબઇ ઈન્ડિયન્સનો ઉત્સાહ દીકરીઓને વિશ્વની શ્રેષ્ઠ ખેલાડીઓ સાથે રમતા જોવી ભાવવિભોર કરનારી અનુભૂતિ



। (એજન્સી) મુંબઈ, તા.૧૫ ।

વિમેન્સ પ્રિમિયર લીગની આ સિઝનમાં નોકઆઉટ તબક્કાના આરંભ પૂર્વે મુંબઈ ઈન્ડિયન્સની ટીમે તેની અંતિમ લીગ મેચ રમી તેની સાથે જ, ટીમ માલિક નીતા અંબાણી પોતાની ટીમનો ઉત્સાહ વધારવા દિલ્હી આવ્યા હતા. આ પ્રસંગે તેમણે ભારતમાં રમતગમત ક્ષેત્રે મહિલાઓ માટે WPL જેવા પ્લેટફોર્મના મહત્વ વિશે જણાવ્યું હતું. નીતા અંબાણીએ WPLને વિશ્વની શ્રેષ્ઠ ખેલાડીઓ સાથે ખભેખભા મિલાવવાની એક સર્વોત્તમ તક ગણાવી હતી. તેમણે કહ્યું હતું કે, ‘‘આપણી દીકરીઓ માટે પ્રદર્શન કરવા આ એક ઉમદા પ્લેટફોર્મ છે. આ દીકરીઓ વિશ્વની શ્રેષ્ઠ ખેલાડીઓ સાથે રમી રહી છે અને આ ખરેખર ભાવવિભોર કરનારી અનુભૂતિ છે. આ વર્ષે ટીમની ઊભરતી સ્ટાર ખેલાડી સજીવન સજાનાનો તેમણે ખાસ ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, ‘‘મેં સજાનાને એવોર્ડ મેળવતા જોઈ. તે પોલિટિકલ સાયન્સ સ્નાતક છે અને તેના પિતા ઓટો રીક્ષા ચલાવે છે અને તેણે ક્રિકેટ રમવાનું પસંદ કર્યું. હું આશા રાખું છું કે, પોતાની દીકરીઓને તેમની પસંદગીનો વ્યવસાય પસંદ કરવા દેવા માટે આ એક દ્દષ્ટાંતરૂપ ઘટના બનશે. માત્ર ક્રિકેટ માટે નહીં, પરંતુ WPL તમામ પ્રકારની રમતોમાં દીકરીઓ માટે એક ઉદાહરણરૂપ લીગ છે. નીતા અંબાણીએ જણાવ્યું હતું કે, #OneFamily માટેની લાગણી અને હકારાત્મક વાતાવરણ જ MIની સફળતાની ચાવી છે. હું ૨૦૧૦થી ક્રિકેટમાં છું અને આ છોકરીઓને રમતા જોવી એ મારા હદય માટે સૌથી વધુ ઉષ્માપૂર્ણ અનુભૂતિ છે. MI એક પરિવાર તરીકે જાણીતો છે અને હું તેમને એટલું જ કહું છું કે જાવ, તમારું શ્રેષ્ઠ પ્રદર્શન કરો અને આનંદ કરો. MIની સુકાની હરમનપ્રીત કૌર આ વર્ષે ટીમ માટે સૌથી વધુ રન ફટકારનારી ખેલાડી રહી છે અને તેણે ગુજરાત જાયન્ટ્સ વિરુદ્ધ MIની મેચમાં ૯૫નું અદભુત પ્રદર્શન કર્યું હતું, જે આ વખતની શ્રેણીમાં અત્યાર સુધીનો સર્વોચ્ચ સ્કોર હતો. નીતા અંબાણીએ હરમનપ્રીત ઉપરાંત હેડ કોચ શાર્લોટ એડ્વર્ડ્સની આગેવાનીમાંના ટીમ સપોર્ટ સ્ટાફ ઉપરાંત મેન્ટર અને બોલિંગ કોચ ઝૂલન ગાસ્વામીને ટીમની સફળતાનો સઘળો શ્રેય આપ્યો હતો. મારે એટલું તો કહેવું જ પડે કે એક ફેમિલી તરીકે, હરમનપ્રીતે ખરેખર પોતાના ઉમદા પ્રદર્શન દ્વારા ટીમનું નેતૃત્વ કર્યું છે. તેણે રમેલી છેલ્લી ગેમને જુઓ તો ખરા, કેવી અદભુત. ઝૂલન તથા શાર્લોટની આગેવાનીમાં અમારા ડ્રેસિંગ રૂમનું વાતાવરણ ઊર્જામય છે. મારું માનવું છે કે, આ ઊર્જા મેદાનમાં પણ જોવા મળે છે. MI એ એક પરિવાર છે અને અમે એક યુનિટ તરીકે રમીએ છીએ.’’

**મારે એટલું તો કહેવું જ પડે કે એક ફેમિલી તરીકે, હરમનપ્રીતે ખરેખર પોતાના ઉમદા પ્રદર્શન દ્વારા ટીમનું નેતૃત્વ કર્યું છે**

# ICCએ ગત્ત વર્ષે ટ્રાયલ તરીકે સ્ટોપ ક્લોકનો નિયમ લાગુ કરવામાં આવ્યો હતો જે હાલ કાયમી ધોરણે લાગુ કરી દીધો

। (એજન્સી) મુંબઈ, તા.૧૫ ।

આઈસીસીએ જૂન મહિનામાં રમાનારા ટી ૨૦ વર્લ્ડકપ ૨૦૨૪ પહેલા સ્ટોપ ક્લોક નિયમ જે ટ્રાયલ તરીકે શરુ કર્યો હતો. તેને હવે કાયમી ધોરણ અમલ કરવાનો નિર્ણય લીધો છે. ડિસેમ્બર મહિનામાં આઈસીસીએ આ નિયમને ટ્રાયલ તરીકે શરુ કર્યો હતો. જેમાં ફીલ્ડિંગ કરનારી ટીમને એક ઓવર પૂર્ણ થયા બાદ બીજી ઓવરના નક્કી કરેલા સમય અંદર શરુ કરવાનું હતુ. ફીલ્ડિંગ કરનારી ટીમો માટે આ નિયમના ઉલ્લંધન પર નુકસાન ભોગવવું પડશે. આઈસીસીએ આ નિયમને માત્ર ટી૨૦ જ નહિ પરંતુ વનડેમાં પણ લાગુ કર્યો છે.

સ્ટોપ ક્લૉક નિયમને લઈ વાત કરવામાં આવે તો આઈસીસીએ ગત્ત વર્ષે ડિસેમ્બર મહિનામાં આ નિયમ લાગુ કર્યો હતો. તો ટી ૨૦ ફીલ્ડિંગ કરનારી ટીમ એક ઓવર પૂર્ણ થયા બાદ આગામી ઓવર શરુ કરવા માટે માત્ર ૬૦ સેકેન્ડનો સમય મળશે. જેમાં તેમણે પહેલા બોલ ફેંકવો પડશે. થર્ડ અમ્પાયર ઓવર પૂર્ણ થયા બાદ સ્ટોપ વૉચ ઓન કરી દેશે. ફીલ્ડિંગ ટીમ જો ૧ મિનિટની અંદર આગામી ઓવર નાંખવા માટે સફળ થાય છે તો તેને ૨ વખત અમ્પાયરની ચેતવણીનો સામનો કરવો પડશો, પરંતુ ત્યારબાદ ફીલ્ડિંગ ટીમને પેનલ્ટી લાગશે જે ૫ રનની હશે.

સ્ટૉપ વોચ લાગુ કરવાનો નિર્ણય અમ્પાયર્સ ઉપર રહેશે. જેમાં તે જોશે કે, બેટ્સમેનોના કારણે અથવા ડીઆરએસના કારણે ઓવર શરૂ કરવામાં વિલંબ થાય છે. ક્રિકબઝના અહેવાલ મુજબ, ICCએ તેને ૨૦ તેમજ ODIમાં કાયમી ધોરણે લાગુ કરી દીધું છે. આ નિયમ ડિસેમ્બર ૨૦૨૩ની શરુઆતમાં ટ્રાયલ તરીકે લાગુ કરવામાં આવ્યો હતો અને તેનો ટ્રાયલ પીરિયડ એપ્રિલમાં પૂર્ણ થઈ રહ્યો હતો પરંતુ આ દરમિયાન આઈસીસી અને તેની ક્રિકેટ કમેટીએ જોયું કે, આ નિયમ ખુબ ફાયદાકારક છે, જેથી તેનો કાયમી અમલ કરવાનો નિર્ણય લેવાયો હતો ક્રિકબઝના રીપોર્ટ મુજબ દુબઈમાં આઈસીસીની અનેક બેઠકો ચાલી રહી છે,જેમાં એક બેઠકમાં આ નિયમને મંજુરી આપવામાં આવી છે.

# પેસ બોલર લુંગી એનગિડીને ઈજા, બેટર જેક ફ્રેઝર મેકગર્કનો સમાવેશ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

દક્ષિણ આફ્રિકાના ઝડપી બોલર લુંગી એનગિડીને ઈજા પહોંચી છે અને તે આઈપીએલ ૨૦૨૪માં રમી શકશે નહીં. દિલ્હી કેપિટલ્સે તેમના સ્થાને ઓસ્ટ્રેલિયાના જોરદાર બેટ્સમેન જેક ફ્રેઝર મેકગર્કને ટીમમાં સામેલ કર્યા છે. લુંગી એનગિડીએ ૧૪ આઈપીએલ મેચ રમી છે અને તેમના નામે ૨૫ વિકેટ છે. લુંગી એનગિડી પીઠના નીચલા ભાગમાં ઈજાના કારણે આઈપીએલ ૨૦૨૪થી બહાર થઈ ગયા છે. લુંગી એનગિડી આઈપીએલની નવી સીઝન પહેલા બહાર થનાર દિલ્હી કેપિટલ્સના બીજા ખેલાડી છે. તેના પહેલા હેરી બ્રૂકે પણ પોતાનું નામ પાછુ લઈ લીધુ હતું. હેરી બ્રૂક ફિટ છે પરંતુ અંગત કારણોસર તેમણે ટુર્નામેન્ટમાંથી હટવાનો નિર્ણય લીધો. ક્રિકેટ સાઉથ આફ્રિકાએ શુક્રવારે જારી એક નિવેદનમાં કહ્યુ, પ્રોટિયાજ ઝડપી બોલર લુંગી એનગિડીને દિલ્હી કેપિટલ્સે આઈપીએલ ૨૦૨૪ માટે રિલીઝ કરી દીધા છે. તેઓ પીઠના નીચલા ભાગની ઈજાથી બહાર આવી રહ્યા છે. ૨૭ વર્ષીય લુંગી એનગિડીએ છેલ્લા મહિને એસએ૨૦ના પ્લેઓફ દરમિયાન ઈજા પહોંચી હતી. લુંગી એનગિડી હાલ ક્રિકેટ દક્ષિણ આફ્રિકા (સીએસએ)ની મેડીકલ ટીમની દેખરેખમાં છે અને પોતાની ટીમ મોમેંટમ મલ્ટીપ્લી ટાઈટન્સની સાથે પુનર્વસનથી ગુજરી રહ્યા છે. લુંગી એનગિડીના સીએસએ ટી૨૦ ચેલેન્જના બીજા ભાગમાં રમવા માટે પાછા ફરવાની આશા છે.

# ઋષભ પંતે ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડના દિગ્ગજ ખેલાડીઓની મજાક ઉડાવી

। (એજન્સી) મુંબઈ, તા.૧૫ ।

એક ખતરનાક અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલો રિષભ ૧૫ મહિના પછી ફિટ થઈને ક્રિકેટ-ના મેદાનમાં વાપસી કરવા જઈ રહ્યો છે. દિલ્હી કેપિટલ્સનો કેપ્ટન પંત ૨૨ માર્ચથી શરૂ થનારી IPL ૨૦૨૪ સીઝન સાથે વાપસી કરવા જઈ રહ્યો છે. આવી સ્થિતિમાં, દરેક તેને જોવા માટે ઉત્સાહિત છે. માત્ર ભારતીય પ્રશંસકો જ નહીં પરંતુ વિદેશી ખેલાડીઓ પણ તેને ફરીથી જોવા આતુર છે. પંતે ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડના બે મહાન ખેલાડીઓ સાથે ઈન્ટરવ્યુમાં ભાગ લીધો હતો અને ખુલ્લેઆમ ઈંગ્લિશ ખેલાડીઓની મજાક ઉડાવી હતી.

આઈપીએલ ૨૦૨૪ સીઝનની શરૂઆતના થોડા દિવસો પહેલા, રિષભ પંત ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયાના વિકેટકીપર એડમ ગિલક્રિસ્ટ અને ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ સ્ટાર કેપ્ટન માઈકલ વોન સાથે યુટ્યુબ ઈન્ટરવ્યુમાં જોવા મળ્યો હતો. આ દરમિયાન બંનેએ ઋષભને ઘણા પ્રશ્નો પૂછ્યા. ક્રિકેટના ઈતિહાસના સર્વશ્રેષ્ઠ વિકેટકીપરમાંના એક ગિલક્રિસ્ટ માટે પંતની કીપિંગ પર સવાલ ઉઠાવવો સ્વાભાવિક હતો, પરંતુ તેનો સવાલ કીપિંગની ટેક્નિક પર ન હતો પરંતુ સ્લેજિંગ પર હતો જેના માટે ગિલક્રિસ્ટે પંતને પૂછ્યું કે જો તે બેટિંગ કરી રહ્યો હોય તો માઈકલ વોનનું ધ્યાન ભટકાવવા માટે તે શું કહેશે. જેના જવાબમાં પંતે માઈકલ વોન પર નિશાન સાધવામાં કોઈ કસર છોડી ન હતી. સોશિયલ મીડિયા પર ભૂતપૂર્વ ભારતીય બેટ્સમેન વસીમ જાફરના હાથે ઘણીવાર ઠેકડીનો શિકાર બનેલા માઈકલ વોનને પંત તરફથી રમૂજી જવાબ મળ્યો. પંતે માઈકલ વોનની આ આદતને તેની સામે વાપરવાની વાત કરી અને કહ્યું કે માઈકલ વોનને નારાજ કરવા માટે તે કહેશે કે સોશિયલ મીડિયા પર વધુ ધ્યાન આપવું યોગ્ય નથી.



# ૧૫ માર્ચ ૨૦૦૯, લાહોર ટેસ્ટ દરમિયાન આતંકવાદીઓએ શ્રીલંકાની ટીમ પર ગોળીબાર કર્યો

। (એજન્સી) પાકિસ્તાન, તા.૧૫ ।

માર્ચ મહિનો ક્રિકેટના ઈતિહાસનો સૌથી ભયાનક મહિનો માનવામાં આવે તો નવાઈ નથી. માર્ચ એ મહિનો છે જેમાં બે ક્રિકેટ ટીમો ગોળીબારનો ભોગ બનવાથી બચી ગઈ હતી. સૌથી ભયાનક હુમલો પાકિસ્તાનમાં ૩ માર્ચે થયો હતો, જ્યારે લાહોર ટેસ્ટ દરમિયાન આતંકવાદીઓએ શ્રીલંકાની ટીમ પર ગોળીબાર કર્યો હતો. આમાં શ્રીલંકન ટીમના કેટલાક ખેલાડીઓ પણ ઘાયલ થયા હતા. આ ઘટના ૨૦૦૯માં બની હતી અને બરાબર ૧૦ વર્ષ પછી બીજી ટીમ પર હુમલો થતા બચી ગયો હતો. આ વખતે સૌને ચોંકાવનારો આ હુમલો ન્યુઝીલેન્ડ જેવા શાંતિપ્રિય દેશમાં થયો અને બાંગ્લાદેશ ક્રિકેટ ટીમ તેનો શિકાર બનતી બચી ગઈ. બરાબર ૫ વર્ષ પહેલા, ૧૫ માર્ચ, ૨૦૧૯ ના રોજ, આ ભયાનક ઘટના ન્યુઝીલેન્ડના ક્રાઈસ્ટચર્ચમાં બની હતી. બાંગ્લાદેશ અને ન્યુઝીલેન્ડ વચ્ચે ૧૬ માર્ચથી ક્રાઈસ્ટચર્ચમાં ટેસ્ટ મેચ રમવાની હતી. તેના એક દિવસ પહેલા બાંગ્લાદેશની ટીમ સવારની નમાજ માટે સ્ટેડિયમ પાસેની મસ્જિદમાં જઈ રહી હતી. આ દરમિયાન અચાનક ફાયરિંગના અવાજે આખી ટીમને ચોંકાવી દીધી હતી.

# કાર મિનિ ટ્રક સાથે ટકરાતાં પૂર્વ ક્રિકેટર લાહિરૂ થિરિમાનેને ઈજા

। (એજન્સી) કોલંબો, તા.૧૫ ।

શ્રીલંકન ટીમના પૂર્વ કેપ્ટન લાહિરુ થિરિમાને ૧૪ માર્ચની સવારે કાર અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયા છે. થિરિમાનેની કાર શ્રીલંકાના અનુરાધા પુરામાં એક મિની ટ્રક સાથે અથડાઈ હતી. અકસ્માત પછી તરત જ, ત્યાં હાજર લોકોએ થિરિમાનેને નજીકની હોસ્પિટલમાં દાખલ કરાવ્યા, જેમાં હાલ તેમની સ્થિતિ સામાન્ય હોવાનું કહેવાય છે. તેમને કોઈ ગંભીર ઈજા થઈ નથી. થિરિમાને સાથે કારમાં એક વ્યક્તિ હાજર હતો જેને પણ તે જ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો અને તે પણ સંપૂર્ણ સ્વસ્થ છે. લાહિરુ થિરિમાને હાલમાં લિજેન્ડ્સ ક્રિકેટ ટ્રોફીમાં ન્યૂયોર્ક સ્ટ્રાઈકર્સ ટીમ તરફથી રમી રહ્યા છે. તેમણે ૨૦૨૩માં વન-ડેવર્લ્ડ કપ પહેલા નિવૃત્તિની જાહેરાત કરી હતી, જેમાં તેમના નિર્ણયનું સૌથી મોટું કારણ ટીમ દ્વારા સતત અવગણના કરવામાં આવી રહી હતી. થિરિમાને શ્રીલંકા માટે ત્રણ વખત ટી૨૦ વર્લ્ડ કપ ટીમનો ભાગ રહી ચૂક્યો છે, જેમાંથી ૨૦૧૪માં જ્યારે શ્રીલંકાની ટીમે ટી૨૦ ટ્રોફી જીતી હતી ત્યારે થિરિમાને પણ ટીમમાં હાજર હતા.

શ્રીલંકન ટીમના પૂર્વ કેપ્ટન લાહિરુ થિરિમાનેના ઈન્ટરનેશનલ કરિયરની વાત કરીએ તો તેણે વર્ષ ૨૦૧૦માં ડેબ્યૂ કર્યું હતું, ત્યારબાદ તેમણે ૪૪ ટેસ્ટ મેચ, ૧૨૭ વનડે અને ૨૬ ટી૨૦ મેચ રમવાની તક મળી હતી. થિરિમાનેને શ્રીલંકા તરફથી ૨ વન ડે વર્લ્ડ કપમાં રમવાની તક મળી છે.

# ઇંગ્લેન્ડ સામેની ટેસ્ટ શ્રેણીમાં સુનીલ ગાવસ્કરની બેટિંગનો ફાયદો યશસ્વી જયસ્વાલને થયો

। (એજન્સી) મુંબઈ, તા.૧૫ ।

ભારતે ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ શ્રેણી ૪-૧થી જીતી હતી અને આ શ્રેણીમાં પ્લેયર ઓફ ધ સિરીઝ યશસ્વી જયસ્વાલ રહી હતી. આ સિરીઝ પહેલા પણ યશસ્વીએ પોતાની પ્રતિભાને પૂરેપૂરી સાબિત કરી હતી અને તેથી જ તેને ઈંગ્લેન્ડ સામેની મહત્વની શ્રેણીમાં ઓપનર તરીકે સ્થાન મળ્યું હતું. તેણે આ તકનો પૂરો ફાયદો ઉઠાવ્યો અને શ્રેણીમાં બેવડી સદી પણ ફટકારી. પરંતુ આ સીરીઝ પહેલા તેને ભારતના દિગ્ગજ બેટ્સમેનની ખાસ સલાહ મળી હતી, જેનો તેને ઘણો ફાયદો થયો હતો. ભારતના મહાન બેટ્સમેન સુનીલ ગાવસ્કર ટીમ ઈન્ડિયાના યુવા સ્ટાર યશસ્વી જયસ્વાલની રમતના ચાહક બની ગયા છે અને તેમને જયસ્વાલની બેટિંગ પસંદ છે. તેણે હાલમાં જ દક્ષિણ આફ્રિકામાં તેની અને યશસ્વી વચ્ચેની વાતચીત વિશે ખુલાસો કર્યો હતો.

## વિશેષ

### બૌધાન ખાતે બારડોલીના સાસંદશ્રી પ્રભુભાઈ વસાવાની પ્રેરક ઉપસ્થિતિ

# આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિના હસ્તે માંડવી તાલુકાના બૌધાન, મોરીઠા અને કલમકુવા ખાતે વિવિધ યોજના અંતર્ગત રૂ.૫૪.૧૧ કરોડના ૩૫ વિકાસકામોનું ખાતમુહૂર્ત કરાયું

। (માહિતી) સુરત ।





આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર રાજ્યમંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિના હસ્તે માંડવી તાલુકાના બૌધાન, મોરીઠા અને કલમકુવા ગામોમાં વિવિધ યોજના અંતર્ગત મંજુર થયેલા રૂ.૫૪.૧૧ કરોડના ૩૫ વિકાસકામોનું ખાતમુહૂર્ત કરાયું હતું. માંડવીના બૌધાન ગામે આયોજિત કાર્યક્રમમાં બારડોલીના સાસંદશ્રી પ્રભુભાઈ વસાવા પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આદિજાતિ રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, માંડવી વિકાસના કામોમાં હરણફાળ ભરી રહ્યું છે. રાજ્ય સરકાર નાનામાં નાના વ્યક્તિનો વિચાર કરીને એ દિશામાં કામ કરી રહી છે. ગ્રામ્ય અને શહેરી નાગરિકોની સુખ-સુવિધા માટે રાજ્ય સરકારે વિકાસકામોની ગતિ અટકે નહીં એવું લક્ષ્ય સેવ્યું છે. રસ્તાઓના નિર્માણથી ગ્રામ્ય જનતાની યાતાયાતની સુવિધામાં વધારો થશે, તેમજ બાકી રહેલાં કામોને આગામી સમયમાં પ્રાથમિકતા આપી ઝડપભેર પૂર્ણ કરવામાં આવશે એમ તેમણે ઉમેર્યું હતું રાજ્ય સરકાર દ્વારા શ્રેણીબદ્ધ વિકાસકામો થઈ રહ્યા હોવાનું જણાવતા મંત્રીશ્રીએ જનપ્રતિનિધિઓ અને ગામના સરપંચ અને પંચાયતના સભ્યોને લોકોના સતત સંપર્કમાં રહી તેમની લાગણીઓ અને માંગણીઓ પર પૂરતું ધ્યાન કેન્દ્રિત કરવા સાથે વધુમાં વધુ વિકાસકામો સમયબદ્ધ રીતે પૂર્ણ કરવાં અનુરોધ કર્યો હતો. બૌધાન ગામે યોજાયેલા ખાતમુર્હુત પ્રસંગે સાસંદ પ્રભુભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, ગ્રામજનોને રસ્તા, વિજળી અને પીવાના પાણીની મુશ્કેલી ન સર્જાય તે માટે સરકાર સતત કાર્યરત છે. વિકાસકાર્યો અને જનલક્ષી યોજનાઓના સુચારુ અમલીકરણ દ્વારા વિકાસના ફળો સમાજના તમામ વર્ગોના લોકોને મળે તે માટે સરકાર હરહંમેશ તત્પર હોવાનું જણાવીને બાકી રહેલા ગામોને જોડતા રસ્તાઓનું નિર્માણ પણ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ રોહિતભાઈ, જિલ્લા પંચાયત સભ્યશ્રી ગીતાબેન પટેલ, અગ્રણીશ્રી દિનેશભાઈ પટેલ, મીનાક્ષીબેન ગામતી, માંડવીના માંડવી મામલતદાર મનીષભાઈ પટેલ, માંડવી તાલુકા વિકાસ અધિકારીશ્રી રવિન્દ્રસિંહ સોલંકી,બૌધનગામના સરપંચશ્રી મીનાબેન રાઠોડ, તલાટી-કમ-મંત્રીશ્રી,ગ્રામપંચાયત સભ્યો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. -00- માંડવીના બૌધાનગામ ખાતે વિકાસના વિવિધ યોજના અંતર્ગત મંજુર થયેલા રૂ.૨૮.૩૪ કરોડના ૧૫ કામોનું ખાતમુહૂર્તઃ ૫૫૫૫ બૌધાનગામ ખાતેથી રૂ.૧૨.૯૩ કરોડના ખર્ચે ધરમપુર ઉશકેલ મુંજલાવ બૌધાન રસ્તા પર ચાર જેટલા નવા માઈનોર બ્રિજનું બનાવવાનો કામો, રૂ.૯ કરોડના ખર્ચે પુના ઉન કોસાડી ખંજરોલી વરેલી પાટણા રસ્તા સુધી ત્રણ જેટલા નવા માઈનોર બ્રિજોનું કામ, રૂ.૨.૬૧ કરોડના ખર્ચે બૌધાન વડોદ નોગામા રોડને જોડતા કિમ માંડવી એપ્રોચ રોડ, રૂ.૧.૭૧ કરોડના ખર્ચે ખોડંબા પાતલ રોડ, રૂ.૧.૯૪ કરોડના ખર્ચે ખંજરોલી ગવાછી રોડ, રૂ.૬૦ લાખના ખર્ચે વેગી કેવડીયાને જોડતો અરેઠ બૌધાન ધલા રસ્તો, કરંજ, કોસાડી, વરીપોર, રોસવાડ ખાતે રૂ.૧૨-૧૨ લાખના ખર્ચે આંગણવાડીનું બનાવવાના કામોનું મળીને કુલ રૂ.૨૮.૩૪ કરોડના ૧૫ કામોનું ખાતમુહૂર્ત કર્યું હતું. -000- માંડવીના મોરીઠા ખાતે વિકાસના વિવિધ યોજના અંતર્ગત મંજુર થયેલા રૂ.૧૯.૫૮ કરોડના ૧૪ કામોનું ખાતમુહૂર્ત ૫૫૫૫. રૂ.૧૨.૮૦ કરોડના ખર્ચે માંડવી મોરીઠા કાલિબેલ રેગામા ખાતે નવા માઈનોર બ્રીજોનું કામો, રૂ.૧.૪૦ લાખના ખર્ચે ધંટોલી મોરીઠા સાલૈયા રસ્તાનું કામ, રૂ.૪૫ લાખના ખર્ચે ઈસર દાદરી ફળિયા રોડનું કામ, રૂ.૧૫ લાખના ખર્ચે રેગામા મંદિર ફળિયા રોડનું કામ,રૂ.૩૦ લાખના ખર્ચે કિમડુગરા ઉપલા ફળિયા રોડનું કામ,રૂ.૨૧ લાખના ખર્ચે આંબા આશ્રમ વરેહ ખાડી રોડનું કામ,રૂ.૩૩ લાખના ખર્ચે રાજવડ એપ્રોચ રોડનું કામ, રૂ.૩.૪૦ કરોડના ખર્ચે માંડવી વરેઠ રામેશ્વર રોડનું કામ, રૂ.૧૨ લાખના ખર્ચ ઈસરની આંગણવાડીનું કામ,રૂ.૧૨ લાખના ખર્ચે લીડકુવા આંગણવાડીનું કામ મળી કુલ રૂ.૧૯.૫૮ કરોડના ૧૪ કામોનું ખાતમુહૂર્ત કર્યું હતું. માંડવીના કલમકુવાગામ ખાતે વિકાસના વિવિધ યોજના અંતર્ગત મંજુર થયેલા રૂ.૬.૧૯ કરોડના ૬ કામોનું ખાતમુહૂર્ત ૫૫૫૫. રૂ.૧.૮૦ કરોડના ખર્ચે સઠવાવ કમલકુવા સરકુઇ રોડને જોડતો માંડવી ઝંખવાવ સ્ટેટ હાઈવેનું કામ, રૂ.૧.૮૦ કરોડના ખર્ચે ગામતળાવ ખરેડા કાટકુવા રખસખડી રોડનું કામ,રૂ.૭૨ લાખના ખર્ચે ગંગાપુર દેવગીરા રોડનું કામ,રૂ.૬૦ લાખના ખર્ચે ઝરી દઢવાડા એપ્રોચ રોડ,રૂ.૬૦ લાખના ખર્ચે ગાંગપુર હર્ષદ લાંબાપાટા રોડનું કામ,રૂ.૬૯.૫૦ લાખના ખર્ચે સોલી પેટરકુઈ રોડ મળીને કુલ રૂ.૬.૧૯ કરોડના ૬ કામોનું ખાતમુહૂર્ત કર્યું હતું.

### આજે ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થશે | ૪ કોંગ્રેસ, ૧ આપ અને ૧ અપક્ષના નેતાએ પાર્ટી અને ધારાસભ્ય પદેથી રાજીનામા આપતાં બેઠકો ખાલી પડી

# ગુજરાતની ખાલી છ વિધાનસભા બેઠકો ઉપર પેટા ચૂંટણી યોજાશે

| (એજન્સી) ગાંધીનગર, તા.૧૫ |

આવ ગાંધીનગર, તા.૧૫ ગાંધીનગર, તા.૧૫ તીકાલે (૧૬ માર્ચ ૨૦૨૪) લોકસભા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થશે. જેમાં મતદાન તારીખથી લઈને મતગણતરી સહિતની તમામ વિગતો જાહેર કરાશે. ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકો પર ચૂંટણી થશે. આ સાથે રાજ્યની ખાલી પડેલી છ વિધાનસભા બેઠકો પર પેટા-ચૂંટણી યોજાશે. જેને લઈને ચૂંટણી પંચ શનિવારે ગુજરાત વિધાનસભા પેટા-ચૂંટણીની તારીખોનું પણ એલાન કરશે. ૪ કોંગ્રેસ, ૧ આપ અને ૧ અપક્ષના નેતાએ પાર્ટી અને ધારાસભ્ય પદેથી રાજીનામું આપ્યું હતું અને આ નેતાઓએ ભાજપમાં પ્રવેશ કર્યો છે. છ ધારાસભ્યોએ રાજીનામું આપી દેતા તેમની બેઠક ખાલી પડી છે અને આવનારી લોકસભા ચૂંટણીમાં આ છ બેઠક પરથી પેટાચૂંટણી થશે. ખંભાત, વિજાપુર, વિસાવદર, વાઘોડિયા, પોરબંદર અને માણાવદરમાં પેટાચૂંટણી યોજાશે. આ જોતાં ભાજપ-કોંગ્રેસે ઉમેદવારોની પસંદગીને લઈને કવાયત તેજ કરી છે.

૧૮૨ સભ્યો વાળી ગુજરાત વિધાનસભાની ૨૦૨૨માં ચૂંટણી યોજાઈ હતી. તે સમયે ભાજપે રેકોર્ડ જીત મેળવતા ૧૫૬ બેઠકો પર જીત મેળવી હતી. ત્યારે કોંગ્રેસને ૧૭, આમ આદમી પાર્ટીને ૫, અપક્ષના ૩ અને સમાજવાદી પાર્ટીની ૧ બેઠક પર જીત મળી હતી. વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ અત્યાર સુધીમાં છ ધારાસભ્યો રાજીનામાં આપી ચૂક્યા છે. ત્યારબાદ ગુજરાત વિધાનસભાની હાલની સ્થિતિ ભાજપના ૧૫૬, કોંગ્રેસ ૧૩, આમ આદમી પાર્ટી ૪, અપક્ષ ૨ અને સપાના ૧ ધારાસભ્ય છે. જેને લઈને આ ખાલી પડેલી છ વિધાનસભા બેઠકો માટે લોકસભા ચૂંટણીની સાથે જ પેટા-ચૂંટણી યોજાશે. ત્યારે આ બેઠકો પોતાના નામે કરવા રાજકીય પક્ષોએ કમર કસવી પડે તેમ છે. રાજ્યમાં લોકસભાની સાથે વિધાનસભા પેટાચૂંટણી યોજાશે તો પરિણામો રસાકસીવાળા બની રહેશે.

**કઈ કઈ બેઠક પરથી કોણે આપ્યા રાજીનામાં?**

૧. માણાવદરના કોંગ્રેસ ધારાસભ્ય પદેથી અરવિંદ લાડાણીનું રાજીનામું આપ્યું હતું.

૨. ખંભાતના કોંગ્રેસ ધારાસભ્ય પદેથી ચિરાગ પટેલનું રાજીનામું આપ્યું હતું.

૩. વિજાપુરના કોંગ્રેસના ધારાસભ્ય પદેથી સી.જે.ચાવડાનું રાજીનામું આપ્યું હતું.

૪. પોરબંદરના કોંગ્રેસના ધારાસભ્ય પદેથી અર્જુન મોઢવાડિયાનું રાજીનામું આપ્યું હતું.

૫. વિસાવદરના આપના ધારાસભ્ય ભૂપત ભાયાણીએ ધારાસભ્ય પદેથી રાજીનામું આપ્યું હતું.

૬. વાઘોડિયાના અપક્ષના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ ધારાસભ્ય પદેથી રાજીનામું આપ્યું હતું.

હવે આ છ બેઠકો પર કોણ ઉમેદવાર હશે તે અંગે અટકળો જામી છે પણ મોટાભાગે પક્ષપલટુઓને ભાજપ પેટાચૂંટણીમાં મેદાને ઉતારી શકે છે. આ છ વિધાનસભા મત વિસ્તારમાં બે ઈવીએમ હશે. આ બેઠકો પર મતદારો લોકસભા ઉપરાંત વિધાનસભાના ઉમેદવાર એમ બે ઉમેદવારને મત આપશે. લોકસભાના ઉમેદવારોની બીજી યાદી જાહેર થયાં બાદ આ બેઠકોના ઉમેદવારોની જાહેર કરાય તેવી સંભાવના છે. આવતીકાલે ચૂંટણી પંચ લોકસભા ચૂંટણી ૨૦૨૪ની તારીખોનું એલાન કરશે. આ સાથે આંધ્રપ્રદેશ, ઓડિસા, અરુણાચલ પ્રદેશ અને સિક્કિમની વિધાનસભા ચૂંટણીની તારીખોનું પણ એલાન થશે. મહત્વનું છે કે, ચૂંટણી પંચે તેના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ એક્સ પરથી પોસ્ટ કરીને કહ્યું હતું કે, 'ચૂંટણી પંચ દ્વારા આવતીકાલે એટલે કે ૧૬ માર્ચે બપોરે ૩ વાગે લોકસભા ચૂંટણી ૨૦૨૪ અને કેટલાક રાજ્યોની વિધાનસભા ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરવા માટે એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવશે. ચૂંટણી પંચના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર તેનું લાઈવ સ્ટ્રીમિંગ થશે.

### રાજકોટવાસીઓ માટે રાહતના સમાચાર

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બલ્ક પાઇપલાઇન પ્રોજેક્ટ માટે ફાળવ્યા ૨૯૫ કરોડ રૂપિયા

### લોકોના વસવાટની થયેલી વૃદ્ધિને કારણે પાણીના વધારાની જરૂરિયાતને પહોંચી વળવા એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે

| (એજન્સી) રાજકોટ, તા.૧૫ |

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજકોટ શહેરી વિસ્તાર તથા રાજકોટ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી'રૂડા' વિસ્તારના ગામોમાં વધતા વિકાસને પરિણામે આ વિસ્તારોમાં લોકોના વસવાટની થયેલી વૃદ્ધિને કારણે પાણીના વધારાની જરૂરિયાતને પહોંચી વળવા એક મહત્વ પૂર્ણ નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજકોટ શહેરી વિસ્તાર તથા રાજકોટ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી'રૂડા' વિસ્તારના ગામોમાં વધતા વિકાસને પરિણામે આ વિસ્તારોમાં લોકોના વસવાટની થયેલી વૃદ્ધિને કારણે પાણીના વધારાની જરૂરિયાતને પહોંચી વળવા એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.મુખ્યમંત્રીએ ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ હેઠળના હડાળા પમ્પિંગ સ્ટેશનથી કોઠારીયા હેડ વર્કસ સુધી બલ્ક પાઈપલાઈન નાખવાના આયોજન માટે ૨૯૫.૩૮ કરોડની યોજનાને મંજૂરી આપી છે. આ બલ્ક પાઈપલાઈન પ્રોજેક્ટ કાર્યાન્વિળત થવાથી રાજકોટ જિલ્લાના વિવિધ ગામો તથા રાજકોટ શહેરના આઉટ ગ્રોથ વિસ્તાર અને 'રૂડા' વિસ્તારોની કુલ મળીને ૧૮ લાખ ઉપરાંત જનસંખ્યાને રોજનો ૧૩૫ એમ.એલ.પાણીનો વધારાનો જથ્થો પૂરો પાડી શકાશે.આ હેતુસર રાજકોટ શહેરની આસપાસના 'રૂડા' વિસ્તારના ગામો, શહેર તથા કોટડા, રીબડા, લોધિકા અને મચ્છુ જૂથ પાણી પુરવઠા યોજનાઓ માટે ૧૩૫ એમ.એલ.ડી ક્ષમતાની હડાળા થી પડવલા બલ્ક પાઈપ લાઈન પ્રોજેક્ટ હાથ ધરાશે.

### રાજ્યમાં માર્ગ અકસ્માતની વધતી ઘટનાઓ

## બોટાદના કુંભારા ગામ નજીક પીકઅપ વાન પલટતાં બેનાં મોત

| (એજન્સી) બોટાદ, તા.૧૫ |

છેલ્લા ઘણા સમયથી ગુજરાતમાં હાઈવે પર અકસ્માતની ઘટના વધુ બની રહી છે. ત્યારે અકસ્માતનો સિલસિલો યથાવત રહેતા વધુ એક ઘટના બોટાદના કુંભારા ગામ નજીક બની હતી, જેમાં બે લોકોના મોત થયા છે જ્યારે ૨૫થી વધારે લોકો ઈજાગ્રસ્ત થતા તેમને તાત્કાલિક ધોરણે ૧૦૮ મારફતે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. રાજ્યમાં ક્યારેક હિટ એન્ડ રન તો ક્યારેક બે ફામ ડ્રાઈવિંગના કારણે અકસ્માતની ઘટના બનતી હોય છે જેમાં ઘણા લોકોના જીવ ગયા છે. ત્યારે ગુરુવારે મોડી રાતે વધુ એક ભયાનક અકસ્માતની ઘટના બની હતી. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ બોટાદ જિલ્લાના કુંભારા ગામ નજીક પીકઅપ વાનના ડ્રાઈવરે અચાનક સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા પીકવાન પલટી ખાઈ ગઈ હતી, જેમાં પિતા-પુત્રીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું. અકસ્માતમાં ૨૫ લોકો ઈજાગ્રસ્ત થયા હતા અને તેમને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા.અકસ્માતના પગલે હાઈવે પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.

### માર્ચ મહિનાની શરુઆતે જ કમોસમી વરસાદ પવન સાથે વરસ્યો હતો

## કમોસમી વરસાદથી નુક્સાન વળતર માટે સર્વે નહીં કરાતા વડાલી બંધ

### કિસાન સંઘની પાક નુક્સાન સર્વે કરીને વળતર ચુકવવા માગ

| (એજન્સી) અમદાવાદ, તા.૧૫ |

માર્ચ મહિનાની શરુઆતે જ રાજ્યના હવામાનમાં પલટો આવતા અનેક સ્થળે કમોસમી વરસાદ વરસ્યો હતો. ઉત્તર ગુજરાતમાં પણ મહેસાણા, પાટણ, બનાસકાંઠા, અરવલ્લી અને સાબરકાંઠામાં કમોસમી વરસાદ વરસ્યો હતો. ખાસ કરીને ઈડર અને વડાલી વિસ્તારમાં પવન અને કરા સાથે કમોસમી વરસાદ વરસવાને લઈ ખેતી પાકોમાં નુક્સાન સર્જાયુ હોવાની ખેડૂતોની ફરિયાદો ઉઠી હતી. જેને લઈ ખેતીમાં નુક્સાનનો સર્વે કરવાની માંગ કરવામાં આવી હતી. આ માટે સ્થાનિક ખેડૂતો અને કિસાન સંઘ દ્વારા આવેદન પત્ર આપીને નુક્સાન સર્વે કરવાની અને ખેડૂતોને વળતર ચુકવવાની માંગ પણ કરવામાં આવી હતી. આ માટે ૧૫ માર્ચ સુધીની સમય મર્યાદા કિસાન સંઘે આપી હતી. પરંતુ ખેતી પાકમાં નુક્સાન અંગેનો સર્વે નહીં થવાને લઈ હવે ખેડૂતો અને કિસાન સંઘ દ્વારા વિરોધ દર્શાવવામાં આવ્યો છે. ખેડૂતોએ મોટી સંખ્યામાં એકઠા થઈને વડાલીમાં રેલી યોજી હતી. કિસાન સંઘ દ્વારા વડાલી બંધનું એલાન જાહેર કરવામાં આવ્યુ હતુ. ખેડૂતોને કમોસમી વરસાદથી નુક્સાન થયાના સર્વેની માંગ સાથે કિસાન સંઘે બંધના એલાનને જાહેર કર્યુ હતુ. આ માટે આ પહેલાથી જ આવેદન પત્ર આપીને ચીમકી આપવામાં આવી હતી. જેને લઈ શુક્રવારે વડાલીના બજારોને બંધ રાખવા માટે ખેડૂતો અને કિસાન સંઘ દ્વારા અપીલ કરવામાં આવી હતી. વડાલી માર્કેટયાર્ડ સહિત બજારમાં પણ તેની સજ્જડ બંધની અસર જોવા મળી હતી. માર્કેટયાર્ડમાં વેપારીઓએ ધંધા રોજગાર બંધ રાખ્યા હતા.

## ઈકો કાર નીચે ત્રણ યુવકોને કચડનાર ડ્રાઈવરે આપઘાત કર્યો

| (એજન્સી) માણાવદર, તા.૧૫ |

જૂનાગઢમાં હિટ એન્ડ રનમાં ત્રણ મિત્રોના કમકમાટીભર્યા મૃત્યુ થયા છે. ઈકો કારે બાઈકને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. જેમાં માણાવદરના એક અને બાંટવાના બે યુવાનોએ જીવ ગુમાવ્યા છે. મોડી રાતે આ ઘટના બની હતી, જેમાં એક ઈકો કાર બાઈકને ફંગોળીને નીકળી ગઈ હતી. ત્યારે આ ઘટનાના આરોપી વાન ચાલકે આપઘાત કર્યો છે. તેમજ ડરના માર્યે ઈકો કારના ચાલકે આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. સાથે જ આ અકસ્માતના વીડિયો ફૂટેજ પણ સામે આવ્યા છે.

કોના કોના મોત થયા

● બાંટવાના ૨૮ વર્ષના રામ પરેશભાઈ ● બાંટવાના ભરત મોરી, ૧૬ વર્ષ ● માણાવદરના હરદાસ ઓડેદરા, ૩૪ વર્ષ

બાટવાના પાજોદ પાસે આ અકસ્માત સર્જાયો હતો. જેમાં મોડી રાતે એક ઈકો કારે બાઈકને ટક્કર મારી હતી. બાઈક પર ત્રણ યુવકો સવાર હતા. કાર ચાલક અકસ્માત સર્જીને નાસી છૂટ્યો હતો. ત્યારે ત્રણેય યુવકો નીચે પટકાયા હતા. આમ, ત્રણ જુવાનજોધ યુવકોના મોતથી ગામમાં માતમ છવાયો છે. હાલ પોલીસે અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ત્યારે આ અકસ્માતના અપડેટ સામે આવ્યા છે. ઈકો વાન ચાલકે બાઈક સવારને હડફેટે લેતા ત્રણ મિત્રોના મૃત્યુ થયા હતા તે વાત વાયુવેગે ફેલાઈ ગઈ હતી. ત્યારે આ ચર્ચા થતા અકસ્માત સર્જનાર ઈકો વાન ચાલકે આપઘાત કરી લીધો છે. ઈકો ચાર ૨૭ વર્ષીય નાથા દાસા કોડિયાતર નામનો યુવક ચલાવી રહ્યો હતો. ત્યારે ડરના માર્યે નાથા કોડીયાતર નામના ઈકો વાન ચાલકે દેવડા ગામે પોતાની બહેનના ઘરે આપઘાત કર્યો છે.





વહેલી સવારે જુહાપુરા ફતેવાડી વિસ્તારના એક એપાર્ટમેન્ટમાં અસામાજિક તત્વો દ્વારા આગ લગાડાઈ હતી. ફાયર ટીમે ભારે જહેમત બાદ આગને કાબુમાં લીધી હતી.

### નેધરલેન્ડની કંપની પાસે સુએજ જનરેશનનો ડેટા કઢાવ્યો

## સાબરમતી નદી પ્રદૂષણ મામલે હાઈકોર્ટે AMCને ખખડાવી

| (એજન્સી) અમદાવાદ, તા.૧૫ |

સાબરમતી નદીમાં પ્રદૂષણ અંગેની સુઓમોટો જાહેરહિતની રિટ અરજીની સુનાવણીમાં ગુજરાત હાઈકોર્ટે અમદાવાદ શહેરમાં સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની જરૃરિયાત અને તેના ભવિષ્યના એકશન પ્લાન સંબંધી કરેલી પૃચ્છાનો અમ્યુકોના વકીલો તરફથી કોઈ જ સંતોષકારક જવાબ કે ખુલાસો નહી કરી શકાતાં ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ વૈભવી ડી.નાણાવટીની ખંડપીઠે અમ્યુકોના બહુ જોરદાર રીતે ઉધડો લઈ નાંખ્યો હતો. હાઈકોર્ટે એક તબક્કે અમ્યુકોના સોંગદનામાંનો પણ અસ્વીકાર કરવાની અને મ્યુનિસિપલ કમિશનરને બોલાવવાની ચીમકી ઉચ્ચારી હતી. હાઈકોર્ટે એટલે સુધી માર્મિક ટકોર કરી હતી કે, જો તમને હાઈકોર્ટના હુકમની પરવા ના હોય તો પછી હાઈકોર્ટ તેની રીતે સખ્તાઈથી કાર્યવાહી કરશે. હાઈકોર્ટે કોર્પોરેશન દ્વારા જે પ્રકારે સોગંદનામુ ફાઈલ કરાયું તેને પણ કાગળની બરબાદી ગણાવી હતી અને નવેસરથી સોગંદનામું ફાઈલ કરવા અમ્યુકોને હુકમ કર્યો હતો.

સાબરમતી નદીમાં પ્રદૂષણ અંગેની પીઆઈએલની સુનાવણી દરમ્યાન આજે હાઈકોર્ટે અમ્યુકોને સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, તેની ક્ષમતા, તેના ભવિષ્યના એકશન પ્લાન સહિતના મુદ્દે વેધક સવાલો કર્યા હતા. જો કે, અમ્યુકો પાસે તેનો કોઈ જ ચોક્કસ કે સ્પષ્ટ જવાબ ન હતો. સોગંદનામાના પેજ નંબર અને વિગતોની અસ્પષ્ટતાને લઈને પણ હાઈકોર્ટે બહુ ગંભીર નારાજગી વ્યકત કરી હતી. હાઈકોર્ટે એટલે સુધી કહ્યું હતું કે, હાઈકોર્ટે અમ્યુકોને એવું પૂછયું છે કે, અમદાવાદ શહેરમાં કુલ કેટલા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની જરૃરિયાત છે..? ભવિષ્યમાં આવનારા પંદર-વીસ વર્ષમાં કેટલા એસટીપીની જરૃરિયાત ઉભી થશે..? આ માટે અમ્યુકોની ભાવિ રૃપરેખા શું છે..? તેનો સીધો, સ્પષ્ટ અને આંકડા સાથેનો જવાબ માંગ્યો છે, તેનો જવાબ અમ્યુકોના આટલા મોટા સિનિયર વકીલો આપી શકયા નથી. એમ જણાય છે કે, અમ્યુકોના વકીલો હાઈકોર્ટ શું કહેવા માંગે છે તે સમજી જ શકયા નથી લાગતા..હાઈકોર્ટ અમ્યુકો પાસે એસટીપીને લઈ બ્લુ પ્રિન્ટ માંગી રહી છે પરંતુ અમ્યુકોના વકીલો એકની એક જ વાત દોહરાવ્યે રાખે છે. લાગે છે કે, તેમને અદાલતની પૃચ્છા સમજાતી નથી લાગતી. અમ્યુકોના વકીલ તરફથી એવો બચાવ રજૂ કરાયો હતો કે, સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટને લઈ અમ્યુકોએ નેધરલેન્ડની કંપનીને કામગીરી સોંપી છે અને તેની પાસેથી રિપોર્ટ મેળવ્યો છે., જેથી હાઈકોર્ટે તરત જ અમ્યુકોના વકીલને ટોકતાં જણાવ્યું કે, તમે એ રિપોર્ટ સીધો જ હાઈકોર્ટમાં મૂકી દીધો..? ખરેખર આ રિપોર્ટ મ્યુનિસિપલ બોર્ડ કે મીટીંગમાં મૂકીને તેની પર ચર્ચા કરી હતી કે કેમ..? કે તેની પર કોઈ નિર્ણય લેવાયેલ છે કે કેમ..? વળી, હાઈકોર્ટે આ મામલે મ્યુનિસિપલ કમિશનર પાસે જવાબ માંગ્યો હતો, તેમછતાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરે આ રિપોર્ટ સાથે સોગંદનામુ રજૂ કર્યું છે.. અદાલત આ પ્રકારનું સોગંદનામું સ્વીકાર કરી શકે નહી. અમ્યુકો તરફથી હાજર થતાં બંને વકીલોને હાઈકોર્ટે માર્મિક ટકોર સાથે નવેસરથી હાઈકોર્ટ જે ઈચ્છી રહી છે તેની સ્પષ્ટ માહિતી સાથેનું સોગંદનામુ તા.૨૨મી માર્ચ સુધીમાં રજૂ કરી દેવા અમ્યુકોને હુકમ કર્યો હતો.

## પશ્ચિમ રેલ્વે વિવિધ સ્થળો માટે ૪ જોડી હોળી સ્પેશિયલ ટ્રેનો દોડાવશે

| અમદાવાદ, તા.૧૫ |

મુસાફરોની સુવિધા માટે અને હોળીના તહેવાર દરમિયાન તેમની મુસાફરીની માંગને પહોંચી વળવા માટે, પશ્ચિમ રેલ્વે વિવિધ સ્થળોએ વિશેષ ભાડા પર ૪ જોડી વિશેષ ટ્રેનો ચલાવશે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:

૧. ટ્રેન નંબર ૦૯૨૦૯/૦૯૨૧૦ બાંદ્રા ટર્મિનસ-ભાવનગર સુપરફાસ્ટ સ્પેશિયલ ચ૨ ટ્રીપ્સ

ટ્રેન નંબર ૦૯૨૦૯ બાંદ્રા ટર્મિનસ - ભાવનગર સુપરફાસ્ટ સ્પેશિયલ ૨૪ માર્ચ, ૨૦૨૪ ને રવિવારના રોજ બાંદ્રા ટર્મિનસથી ૧૧.૧૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૦.૩૦ કલાકે ભાવનગર પહોંચશે.

તેવી જ રીતે ટ્રેન નં. ૦૯૨૧૦ ભાવનગર - બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશિયલ ૨૩ માર્ચ, ૨૦૨૪ શનિવારના રોજ ભાવનગરથી ૧૯.૦૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૯.૦૫ કલાકે બાંદ્રા ટર્મિનસ પહોંચશે.

આ ટ્રેન બોરીવલી, વાપી, સુરત, વડોદરા, નડિયાદ, અમદાવાદ, સુરેન્દ્રનગર જી, બોટાદ, ધોળા, સોનગઢ, સિહોર ગુજરાત અને ભાવનગર પરા સ્ટેશન પર બંને દિશામાં ઉભી રહેશે. આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.

૨. ટ્રેન નંબર ૦૧૯૦૬/૦૧૯૦૫ અમદાવાદ-કાનપુર સેન્ટ્રલ સુપરફાસ્ટ સાપ્તાહિક વિશેષ ટ્રેન ચ૧૪ ટ્રીપ્સ

ટ્રેન નંબર ૦૧૯૦૬ અમદાવાદ-કાનપુર સેન્ટ્રલ સુપરફાસ્ટ સ્પેશિયલ અમદાવાદથી દર મંગળવારે ૧૪.૧૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૧.૫૫ કલાકે કાનપુર સેન્ટ્રલ પહોંચશે. આ ટ્રેન ૧૯ માર્ચ, ૨૦૨૪ થી ૩૦ એપ્રિલ, ૨૦૨૪ સુધી ચાલશે. તેવી જ રીતે ટ્રેન નંબર ૦૧૯૦૫ કાનપુર સેન્ટ્રલ-અમદાવાદ સુપરફાસ્ટ સ્પેશિયલ કાનપુર સેન્ટ્રલથી દર સોમવારે ૧૫.૩૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૧.૦૦ કલાકે અમદાવાદ પહોંચશે. આ ટ્રેન ૧૮ માર્ચથી ૨૯ એપ્રિલ ૨૦૨૪ સુધી ચાલશે.

આ ટ્રેન નડિયાદ, આણંદ, છાયાપુરી, રતલામ, કોટા, ગંગાપુર સિટી, હિંડૌન સિટી, બયૈના, રૂપબાસ, ફતેહપુર સિકરી, આગ્રા ફોર્ટ, ટુંડલા અને ઈટાવા સ્ટેશનો પર બંને દિશામાં ઉભી રહેશે. આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.

૩. ટ્રેન નંબર ૦૪૧૬૬/૦૪૧૬૫ અમદાવાદ-આગ્રા કેન્ટ સુપરફાસ્ટ સાપ્તાહિક વિશેષ ચ૧૨ ટ્રીપ્સ

ટ્રેન નંબર ૦૪૧૬૬ અમદાવાદ-આગ્રા કેન્ટ સુપરફાસ્ટ સ્પેશિયલ અમદાવાદથી દર ગુરુવારે ૧૪.૧૦ કલાકે ઉપડશે અને આગ્રા કેન્ટ બીજા દિવસે ૦૬.૧૦ કલાકે પહોંચશે. આ ટ્રેન ૨૧ માર્ચ ૨૦૨૪ થી ૨૫ એપ્રિલ ૨૦૨૪ સુધી ચાલશે. એ જ રીતે ટ્રેન નંબર ૦૪૧૬૫ આગ્રા કેન્ટ-અમદાવાદ સુપરફાસ્ટ સ્પેશિયલ આગ્રા કેન્ટથી દર બુધવારે ૨૦.૨૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૧.૦૦ કલાકે અમદાવાદ પહોંચશે. આ ટ્રેન ૨૦ માર્ચ, ૨૦૨૪ થી ૨૪ એપ્રિલ, ૨૦૨૪ સુધી ચાલશે.

આ ટ્રેન બંને દિશામાં નડિયાદ, આણંદ, છાયાપુરી, રતલામ, કોટા, ગંગાપુર સિટી, હિંડૌન સિટી, બયાના, રૂપબાસ અને ફતેહપુર સિકરી સ્ટેશનો પર ઉભી રહેશે.આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.

૪. ટ્રેન નંબર ૦૪૧૬૮/૦૪૧૬૭ અમદાવાદ-આગ્રા કેન્ટ સુપરફાસ્ટ સાપ્તાહિક વિશેષ ચ૧૨ ટ્રીપ્સ

ટ્રેન નંબર ૦૪૧૬૮ અમદાવાદ-આગ્રા કેન્ટ સુપરફાસ્ટ સ્પેશિયલ અમદાવાદથી દર સોમવારે ૧૪.૧૦ કલાકે ઉપડશે અને આગ્રા કેન્ટ બીજા દિવસે ૦૬.૩૦ કલાકે પહોંચશે. આ ટ્રેન ૨૫ માર્ચ ૨૦૨૪ થી ૨૯ એપ્રિલ ૨૦૨૪ સુધી ચાલશે. એ જ રીતે ટ્રેન નંબર ૦૪૧૬૭ આગ્રા કેન્ટ-અમદાવાદ સુપરફાસ્ટ સ્પેશિયલ આગ્રા કેન્ટથી દર રવિવારે ૨૦.૨૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૧.૦૦ કલાકે અમદાવાદ પહોંચશે. આ ટ્રેન ૨૪ માર્ચ ૨૦૨૪ થી ૨૮ એપ્રિલ ૨૦૨૪ સુધી ચાલશે.

આ ટ્રેન બંને દિશામાં નડિયાદ, આણંદ, છાયાપુરી, રતલામ, કોટા, ગંગાપુર સિટી, હિંડૌન સિટી, બયાના, રૂપબાસ અને ફતેહપુર સિકરી સ્ટેશનો પર ઉભી રહેશે.

આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.

ટ્રેન નંબર ૦૯૨૦૯, ૦૯૨૧૦, ૦૧૯૦૬, ૦૪૧૬૬ અને ૦૪૧૬૮ માટે બુકિંગ ૧૬ માર્ચ, ૨૦૨૪ થી તમામ પી આર એસ કાઉન્ટર અને આઈ આર સી ટી સી ની વેબસાઈટ પર શરૂ થશે. ઉપરોક્ત ટ્રેનો વિશેષ ભાડા પર વિશેષ ટ્રેન તરીકે દોડશે. ટ્રેનોના સ્ટોપેજના સમય અને સંરચના અંગેની વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨